MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૧૮-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના સંકટઃ વિદેશમાં ફસાયેલા 3300 ભારતીયોને કોરોના પોઝિટીવ, ૨૫ના મોત

6 રેસલર બબીતા ફોગાટે જમાતીઓ મુદ્દે વિવાદિત ટ્વિટ કરતાં ટ્રોલ થઇ

8 સરકારે નક્કી કરેલ તમામ ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની વિનામૂલ્યે સારવાર થશેઃ રાજ્ય સરકાર

12 નર્મદા જીલ્લામા વધુ ૨ આરોગ્ય કર્મચારીઓ કોરોના પોઝીટીવ નિકળતાં આરોગ્ય વિભાગ પોતેજ અસલામત હોવાનો ઘટસ્ફોટ

કોરોના સંકટઃ આરબીઆઈનું ૧ લાખ કરોડનું પેકેજ

નાણાંકિય તરલતા માટે રિવર્સ રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો, નાબાર્ડને ૨૫૦૦૦ કરોડ તથા નેશનલ હાઉસીંગ બેંકને ૧૦,૦૦૦ કરોડ તથા સીડબીને ૧૫૦૦૦ કરોડ અપાશે,બેંકો ૩૦ સપ્ટે. સુધી ડિવીડન્ડ આપી શકશે નહીં-નિયંત્રણો મૂકાયા,એનપીએ જાહેર કરવાની મુદ્દતમાં વધારો,ભારતે મંદીના એંધાણ આપતું આરબીઆઈ

કોરોના સંકટ બાદ ૨૦૨૨માં ભારતનો જીડીપી ગ્રોથ ૭.૪ ટકા રહેવાનું આરબીઆઈનું અનુમાન

મુંબઈ

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ સામેની લડાઈમાં લોકડાઉન અને અન્ય પરિબળોને કારણે નાણાંકિય સંકટના કારણે ધીમી પડેલી દેશની આર્થિક ગતિવિધિઓને ગતિ આપવાના પ્રયાસ રૂપે આજે શુક્રવારે સવારે મધ્યસ્થ બેંક આરબીઆઇના ગવર્નર શક્તિકાંત દાસે પ્રેસ કોન્ફરન્સ કરીને અંદાજે ૧ લાખ કરોડનું આર્થિક પેકેજ જાહેર કર્યું હતું. જે નાબાર્ડ, સિડબી વગેરેને મળશે. જેમાં ખેડૂતો-નાના ઉદ્યોગો અને બેંકના ગ્રાહકોને રાહત મળે તેમ છે. બેંકોને ૩૦ સપ્ટે.૨૦૨૦ સુધી ડિવીડન્ડ નહીં આપવા કહેવામાં આવ્યું છે. એનપીએ જાહેર કરવાની મુદતમાં વધારો કરવાની સાથે નાણાંકિય તરલતા માટે રિવર્સ



કોરોનાથી દુનિયાને ૯ ટ્રીલીયન ડોલરનું નુકશાન,ભારતનો જીડીપી ૧.૯ ટકા રહેશે,ભારતની સ્થિતિ જી-૨૦ દેશો કરતા સારી,કોરોનાના સંક્રમણના કારણે દેશ માટે આ સૌથી કપરો સમયઃ શક્તિકાંત દાસ

રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. લોકોને લોન સરળતાથી મળે તેના માટે RBIએ રિવર્સ રેપો રેટ ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડ્યો છે. હવે તે ૪થી ઘટીને ૩.૭૫ પોઈન્ટ થયો છે. આ સિવાય ૩ નાણાંકીય સંસ્થાનોને TLTRO (ટારગેટેડ લોન્ગ ટર્મ રિફાઈનન્શિંગ ઓપરેશન્સ) દ્વારા ૫૦ હજાર કરોડની મદદ આપવાની જાહેરાત કરવામાં આવી છે. રિવર્સ રેપો રેટ એ દર છે, જેની પર બેંકોને આરબીઆઈમાં જમા પોતાની રકમ પર વ્યાજ મળે છે. જો આ દર ઘટશે તો બેંક આરબીઆઈની પાસે પૈસા રાખવાની જગ્યાએ લોન આપશે અને બજારમાં કેશ વધશે.

આ કાપ દ્વારા RBI બેંકોને એ સંદેશ આપવા માંગે છે કે અમારી પાસે પૈસા જમા ન કરાવીને ગ્રાહકોને લોન આપવામાં આવે.

અનુ. પાના નં. 3 પર

નાના વેપારી, ખેડૂતો અને ગરીબોને ફાયદો થશેઃ મોદી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શુક્રવારનાં કોરોના વાયરસ મહામારીની વચ્ચે આર્થિક મોરચા પર ભારતીય રિઝર્વ બેંક દ્વારા કરવામાં આવેલા ઉપાયોની સરાહના કરવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે **RBI** દ્વારા કરવામાં આવેલી જાહેરાતોથી ક્રેડિટ સપ્લાય અને લિક્વિડિટી વધશે. એક ટ્વીટમાં પીએમ મોદીએ કહ્યું કે, **'RBI** દ્વારા આજે કરવામાં આવેલી જાહેરાતોથી પ્રવાહીતામાં વૃદ્ધિ થશે અને ક્રેડિટ આપૂર્તિમાં સુધારો થશે. આ પગલાઓથી આપણા નાના વ્યવસાયો, એમએસએમઈ, ખેડૂતો અને ગરીબોને મદદ મળશે. આ ડબ્લ્યૂએમએની સીમા વધારીને તમામ રાજ્યોની મદદ પણ કરશે.

૧૭૪૮ લોકોએ કોરોનાને હરાવ્યો, ૪ દિવસમાં સ્વસ્થ થનારા દર્દીઓ વધ્યા

દેશમાં કોરોનાના કેસો વધીને ૧૩૩૦૦થી વધુઃ ૪૩૭ લોકોનો ભોગ લેવાયો

ન્યુ દિલ્હી

ચીનથી સમગ્ર વિશ્વમાં ફેલાયેલો કોરોના વાઈરસે ભારતમાં લગભગ દરેક રાજ્યોને પોતાની ચપેટમાં લઈ લીધા છે. દેશભરમાં કોરોના વાઈરસના પોઝિટિવ કેસોની સંખ્યા વધીને હવે ૧૩૩૮૭ થઈ ગઈ છે, જ્યારે ૪૩૭ લોકોના મોત નીપજ્યાં છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૦૦ કોરોનાના નવા કેસો નોંધાયા છે, જ્યારે ૨૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યાં છે. આ બધા વચ્ચે એક રાહતના સમાચાર છે કે, છેલ્લા ૪ દિવસમાં કોરોનાના દર્દીઓના સ્વસ્થ થવાની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના રિપોર્ટ પ્રમાણે, શુક્રવારે કોરોના વાઈરસના શિકાર દર્દીઓમાં સ્વસ્થ થવાનો દર ૧૩.૬ ટકા હતો, જ્યારે ગુરૂવારે તે ૧૨.૨ ટકા હતો. આ પ્રકારે બુધવારે ૧૧.૪૧ ટકા અને મંગળવારે ૯.૯૮ ટકા નોંધવામાં આવ્યો હતો. કોરોનાના દર્દીઓ ઝડપથી સ્વસ્થ થઈ રહ્યાં છે, તે ભારત માટે સારા સંકેત છે.

સ્વાસ્થ્ય મંત્રાલયમાં આંકડા પ્રમાણે, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસથી ૨૬૦ લોકો સંપૂર્ણ સ્વસ્થ્ય થઈ ચૂક્યાં છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ગુરૂવારે આ સંખ્યા ૧૮૩ હતી. શુક્રવારે રજૂ કરવામાં આવેલા રિપોર્ટ પ્રમાણે અત્યાર સુધી દેશભરમાં ૧૭૪૮ લોકો કોરોનાને હરાવીને સ્વસ્થ થઈ ચૂક્યા છે.

જો રાજ્યો પ્રમાણે વાત કરીએ તો, કેરળમાં અત્યાર સુધી સૌથી વધુ દર્દીઓ સ્વસ્થ થઈને પોતાના ઘરે જઈ ચૂક્યાં છે. કેરળમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૬૪૩ છે. કહેવાય છે કે, અત્યાર સુધી

અનુ. પાના નં. 3 પર

૨૪ કલાકમાં ૧૬૦૮ ટેસ્ટ કરવામાં આવ્યા,જેમાંથી ૧૫૦ પોઝિટિવ આવ્યા

ગુજરાતમાં કોરોનાએ એક હજારનો આંક વટાવ્યો, વધુ ૯૨ કેસો નોંધાયા

કુલ રાજ્યમાં પોઝિટિવ કેસો વધીને ૧૦૨૧ થયા, મૃત્યુઆંક ૩૮એ પહોંચ્યો,રોજે રોજ કેસો વધતાં લોકોમાં ભય,લૉકડાઉનનું પાલન કરવા અપીલ, નવા વિસ્તારોમાં કેસ વધવા ચિંતાજનક સ્થિતિ,રાજ્યના ૨૫ જિલ્લામાં કોરોનાનો કહેર

ગાંધીનગર

રાજ્યમાં કોરોનાના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૧,૦૨૧ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૧૨ કલાકમાં સમગ્ર રાજ્યમાં ૯૨ નવા કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદના ૪૫, સુરતના ૧૪, વડોદરાના ૯, આણંદના ૧, ભરુચના ૮, બોટાદના ૩, છોટા ઉદેપુરના ૧, દાહોદના ૧, ખેડા ૧, મહિસાગર ૧, નર્મદા ૫, પંચમહાલ જિલ્લાના ૨ અને પાટણ જિલ્લાના ૧ કેસનો સમાવેશ થાય છે.

અમદાવાદમાં પણ નવા કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરમાં વિતેલા ૧૨ કલાકમાં કાલુપુર, ખમાસા, રાયખડ, વટવા, ચાંદખેડા, જમાલપુર, વેજલપુર, દરિયાપુર, ખાનપુર અને નિકોલ વિસ્તારમાં નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે સુરતમાં રાંદેર, વરાછા અને ઉધનામાં નવા કેસ સામે આવ્યા છે. વડોદાર શહેરમાં હોટસ્પોટ નાગરવાડા અને સલાબતપુરામાંથી જ નવા કેસ જોવા મળ્યા છે.

રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં બે દર્દીઓના મોત થયા છે, જેમાં એક વડોદરા અને બીજા અમદાવાદના રહેવાસી હતા. આ બંને દર્દ હાયપર ટેન્શનની બીમારી પણ ધરાવતા હતા. હાલ જુદી-જુદી હોસ્પિટલોમાં કુલ ૯૦૧ દર્દીઓ સ્ટેબલ છે, જ્યારે વેન્ટીલેટર સપોર્ટ પર હોય તેવા દર્દીઓની સંખ્યા ૮ છે. રાજ્યમાં અત્યારસુધી ૭૪ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા છે, જ્યારે ૩૮ના મોત થયા છે.

અમદાવાદ બાદ સુરત અને વડોદરામાં પણ પોઝિટિવ કેસોની સંખ્યા ૧૦૦ને પાર થઈ ગઈ છે. અમદાવાદમાં કુલ ૫૯૦ દર્દી નોંધાયા છે, જ્યારે વડોદરામાં ૧૩૭, સુરતમાં ૧૦૨ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કોરોના હવે રાજ્યના ૨૫ જિલ્લામાં ફેલાઈ ચૂક્યો છે, અને મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા, મોરબી, જામનગર જેવા જિલ્લામાં પણ ૧-૧ કેસ નોંધાયા છે.

અનુ. પાના નં. 3 પર

૧૯૭૬ બાદ પ્રથમ વાર જીડીપીમાં આટલો મોટો ઘટાડો નોંધાયો

કોરોનાએ ચીનની કમર તોડી નાંખીઃ જીડીપી દર ૬.૮ ટકા ઘટ્યો

બેઈજિંગ

ચીનના જીડીપીમાં ૧૯૭૬ની વિનાશકારી સાંસ્કૃતિક ક્રાંતિ બાદથી અત્યાર સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૦ના પ્રથમ ક્વાર્ટરમાં તે ૬.૮ ટકા ઘટી ગઈ છે. આ દરમિયાન કોરોના વાયરસ મહામારીનો મુકાબલો કરવા માટે ભરવામાં આવેલા અવિશ્વસનીય ઉપાયોને કારણે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા થોભી ગઈ છે.

ચીનના રાષ્ટ્રીય સ્ટેટેસિકલ વિભાગ (એનબીએસ)એ શુક્રવારે કહ્યું કે, ૨૦૨૦ના પ્રથમ ક્વાર્ટર (જાન્યુઆરીથી માર્ચ)માં ચીનની જીડીપી ૨૦,૬૫૦ અબજ યુઆન (લગભગ ૨૯૧૦ અબજ ડોલર) રહી, જે પાછલા વર્ષના આ સમયગાળાના મુકાબલે ૬.૮ ટકાનો ઘટાડો દર્શાવે છે.

એનબીએસના આંકડા પ્રમાણે આ ક્વાર્ટરના પ્રથમ બે મહિનામાં ૨૦.૫ ટકા ઘટાડો થયો છે. આ પ્રકારે ત્રીજા મહિનામાં થોડો સુધાર થયો છે.

ચીનની અર્થવ્યવસ્થામાં ૨૦૧૯માં ૬.૧ ટકાનો વધારો નોંધાયો હતો. અમેરિકાને કારણે વ્યાપાર યુદ્ધને કારણે આ વૃદ્ધિ છેલ્લા ૨૯ વર્ષમાં આ વધારો સૌથી ઓછો હતો પરંતુ છ ટકાના મનોવૈજ્ઞાનિક સ્તરથી ઉપર રહી હતી.

અનુ. પાના નં. 3 પર

અમેરિકામાં બે કરોડથી વધારે લોકોએ બેરોજગારી ભથ્થા માટે અરજી કરી

દુનિયા કોરોનાની ચપેટમાંઃ ચીનના વુહાનમાં વધુ ૧૨૯૦ લોકોના મોત

વિશ્વમાં કોરોનાના ૨૧.૮૩ લાખ નોંધાયા તો ૧.૪૬ લાખ લોકોએ જીવ ગુમાવ્યો,ટ્રમ્પે અમુક રાજ્યોમાંથી પ્રતિબંધો હટાવવાની જાહેરાત કરી,સંક્રમણના ભયના કારણે મ્યાનમાર ૨૫ હજાર કેદીઓને છોડશે

બેઈજિંગ/લંડન

વિશ્વભરમાં કોરોનાના ૨૧.૮૩ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧.૪૬ લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે અને ૫.૪૮ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે.અમેરિકામાં બે કરોડથી વધારે લોકોએ બેરોજગારી ભથ્થા માટે અરજી કરી છે.

ચીનના વુહાનમાં સંક્રમિતો અને મૃતકોના નવા આંકડા જાહેર કરાયા છે. વુહાનમાં પોઝિટિવ કેસની સંખ્યા ૩૨૫ વધીને ૫૦ હજાર ૩૩૩ થઈ ગઈ છે. જ્યારે મૃત્યુઆંક ૧૨૯૦ વધીને ૩૮૬૯ થયો છે. વુહાન નગરપાલિકા દ્વારા આ આંકડા જાહેર કરાયા છે. બીજી તરફ સંક્રમણના ભયના કારણે મ્યાનમાર સરકારે ૨૫ હજાર કેદીઓને છોડવાનો નિર્ણય કર્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિએ અમુક રાજ્યમાંથી પ્રતિબંધો હટાવવાનની જાહેરાત કરી છે. તેમણે રાજ્યોના ગવર્નર સાથે વાત કરીને આ જાહેરાત કરી છે. તે માટે નવી ગાઈડલાઈન પણ બનાવવામાં આવી છે. તેમના મતે ઓછા સંક્રમણવાળા વિસ્તારમાં શનિવારે ધીમે ધીમે પ્રતિબંધોમાં છૂટછાટ અપાશે. જ્યા વધારે કેસ છે ત્યાં પહેલાની જેમ પ્રતિબંધો ચાલુ રહેશે. જો કે ટ્રમ્પે કહ્યું કે આ અંગે નિર્ણય રાજ્યોના ગવર્નર લેશે.

સ્પેનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૦૦થી વધારે લોકોએ જીવ ગુમાવ્યા છે. અહીં કુલ કેસ ૧.૮૫ લાખ અને મૃત્યઆંક ૧૯ હજાર ૩૧૫ નોંધાયો છે.

યુરોપમાં સૌથી વધારે મોત ઈટાલીમાં

ઈટાલીમાં કુલ પોઝિટિવ કેસ ૧.૬૯ લાખ નોંધાયા છે. જ્યારે અત્યાર સુધીમાં ૨૨ હજાર ૧૭૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૨૪

અનુ. પાના નં. 3 પર

સંક્રમણના કેસો વધીને ૬.૬૦ લાખી વધુ, ૩૪૦૦૦ લોકોના મોત

કોરોનાથી અમેરિકામાં મોતનું તાંડવ, ૨૪ કલાકમાં ૪,૪૯૧ લોકોના મોત

વોશિંગ્ટન

કોરોના વાયરસથી સમગ્ર દુનિયા ત્રાહિમામ પોકારી રહી છે. આ વાયરસથી જો કોઈ સૌથી વધારે પ્રભાવિત વિસ્તાર હોય તો, તે છે વિશ્વની મહાસત્તા અમેરિકા. કોરોનાએ અમેરિકામાં હાહાકાર મચાવી દીધો છે. કોરોનાને કારણે અમેરિકામાં ગુરુવારે મૃત્યુ પામનાર લોકોન સંખ્યા ૩૪,૦૦૦ પર પહોંચી ગઈ છે. જોહન્સ હોપકિન્સ યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં સંક્રમણના કારણે ૪,૪૯૧ લોકો મૃત્યુ પામ્યા છે. જે વૈશ્વિક રોગચાળાને કારણે એક દિવસમાં સૌથી વધારે મૃત્યુઆંક છે.

મૃત્યુના આ આંકડાઓમાં તે મામલાઓ સામેલ છે, જેમાં કોવિડ-૧૯ હોવાની શંકા છે. આ મામલાઓ અગાઉના આંકડાઓમાં સામેલ કરવામાં આવ્યા ન હતા. આ અઠવાડિયે ન્યુ યોર્ક સિટીએ જાહેરાત કરી હતી કે, મૃત્યુઆંકમાં ૩૭૭૮ લોકોની મોતના એવા મામલાઓને સામેલ કરવામાં આવ્યા છે, જેમાં વ્યક્તિની મોતનુ સંભવિત કારણ આ વૈશ્વિક

અનુ. પાના નં. 3 પર



ઈઝરાયલમાં લોકો પ્રધાનમંત્રી નેતાન્યાહુ વિરોધમાં માસ્ક પહેરીને પ્રદર્શન કરી રહ્યા છે.

જાહેરાતના શું છે મુખ્ય મુદ્દા

- બેંકો માર્ચ ૨૦૨૦ના અંતે પૂરા થયેલા વર્ષમાં કોઈ ડિવિડન્ડ નહિ આપી શકે, એના ઉપર રોક
- સૌથી વધુ જાહેરત NBFC અને ગૃહ ધિરાણ કરતી કંપનીઓ માટે
- દેશની રિયલ્ટી કંપનીઓને રાહત આપવા NHB આપશે ૧૦,૦૦૦ કરોડની રિફાઈનાન્સ સુવિધા
- રિવર્સ રેપો ૦.૨૫ ટકા ઘટી જતાં પોતાની ફાજલ રકમ રિઝર્વ બેંક માં જમા કરાવી જલસા કરતી બેંકોને ફટકો રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકોને કહ્યું- આળસ છોડી ધિરાણ કરો,જરૂર પડ્યે વધારે પગલાં લેવાશે
- રાજ્ય સરકારને વધુ નાણાં ઊભા કરવાની છૂટ મળી
- ફેબ્રુઆરી ૨૯ સુધી સારી લોન હોય તેમાં અત્યારે હમો નહિ ભરે તો NBFC ને મોરેટરિયમ મળશે, બેંકે જોગવાઈ કરવી જ પડશે

ગવર્નરની પત્રકાર પરિષદના અંશ

- કોરોનાની અસર મુદ્દે RBI સતર્ક છે આ સિવાય બેંકોના કર્મચારીઓ અને RBIના ૧૫૦ અધિકારીઓના સ્ટાફને આભાર વ્યક્ત કરું છું..
- ૨૦૨૦ વૈશ્વિક અર્થતંત્ર માટે સૌથી ખરાબ રહેશે IMFએ વૈશ્વિક GDPનો અંદાજ ઘટાડ્યો છે
- TLTROનો બહોળો ઉપયોગ કરી રહ્યાં છીએ આજે વધુ ૨૫,૦૦૦ના લાંબાગાળાના બોન્ડ ખરીદાશે
- વધુ ૫૦,૦૦૦ કરોડના બોન્ડનું ઓક્શન કરશે RBI
- SIDBI સહિતની રાષ્ટ્રીય ફાઈનાન્સ કંપનીઓ માટે રિફાઈનાન્સિંગની જાહેરાત
- ૫૦,૦૦૦ કરોડ NABARD, SIDBI અને NHBને આપશે RBI
- NABARDને ૨૫,૦૦૦ કરોડની સહાય, સહકારી બેંકો અને સંસ્થાને મળશે રાહત
- SIDBIને પણ ૧૫,૦૦૦ કરોડની સહાય,
- શિડ્યુઅલ બેંક અને અન્ય ફાઈનાન્સ કંપનીઓ માટે સહાય
- દેશની રિયલ્ટી કંપનીઓને રાહત આપવા NHB આપશે ૧૦,૦૦૦ કરોડની રિફાઈનાન્સ સુવિધા
- રાજ્યો માટે WMA લિમિટ વધારીને ૬૦% કરી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધી આ મર્યાદા વધશે
- શિડ્યુલ બેંકો ડિવિડન્ડ નહિ આપી શકે
- બેંકોએ લોન માટે ૧૦% વધારાનું પ્રોવિઝન કરવું પડશે
- લિક્વિટી કેડિટ રેશિયો ન્ઝઈ ૧૦૦%થી ઘટાડીને ૮૦%
- ઓક્ટોબરમાં ૯૦% અને એપ્રિલ, ૨૦૨૧ સુધીમાં ૧૦૦% છૂટ

રાજ્યમાં ૫૩૪ લોકો કોરોના પોઝિટિવ, ૨૦ લોકો સ્વસ્થ થયા અને ૧૪ના મોત

ક્વોરન્ટાઈન પૂર્ણ કરનારા ગરીબોને આંધ્રપ્રદેશ સરકાર ૨૦૦૦ રૂપિયા આપશે

અમરાવતી

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી વાઈએસ જગમોહન રેડ્ડીએ એક મહત્વનો નિર્ણય લીધો છે કે સરકારી સુવિધાઓમાં ક્વોરન્ટાઈનનો સમય પૂર્ણ કરનારા પ્રત્યેક ગરીબ વ્યક્તિને સરકાર તરફથી ૨૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય કરવામાં આવશે. ક્વોરન્ટાઈનનો સમય પૂર્ણ કર્યા બાદ જો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવે તો ક્વોરન્ટાઈન પૂર્ણ થાય ત્યારબાદ પ્રત્યેક ગરીબ વ્યક્તિને ૨૦૦૦ રૂપિયાની મદદ કરવામાં આવશે જેથી તેમાંથી તેઓ ખાવા-પિવાની પૌષ્ટિક ચીજ વસ્તુઓ ખરીદી શકે.

કોરોનાની મહામારી પર થયેલી એક સમીક્ષા બેઠકમાં અધિકારીઓએ મુખ્યમંત્રી જગનમોહને જણાવ્યું કે સરકાર પ્રત્યેક વ્યક્તિના જમવા, ગાદલા અને ધાબળા પાછળ ૫૦૦ રૂપિયા, સ્વચ્છતા માટે ૫૦ રૂપિયા અને પરિવહન માટે ૩૦૦ રૂપિયાનો ખર્ચો કરી રહી છે.

બુધવારના રોજ રાજ્યમાં ૫૦૦૦થી વધારે લોકો રાજ્યમાં અલગ-અલગ ક્વોરન્ટાઈન સેન્ટરમાં રહી રહ્યા છે. આંધ્ર સરકાર દરરોજ ૪૦૦૦ લોકોના ટેસ્ટ કરવા માટે ભાર મુકી રહ્યા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં દરરોજ ૨૧૦૦થી વધારે ટેસ્ટ કકરવામાં આવી રહ્યા છે. રાજ્યમાં પરિવારોના સર્વેક્ષણ દરમિયાન ૩૨,૦૦૦ લોકોની ઓળખ કરવામાં આવી છે, ટૂંક જ સમયમાં તે તમામનો ટેસ્ટ કરવામાં આવશે.

આરબીઆઈનું ૧ લાખ કરોડનું પેકેજ: સેન્સેકસ ૯૮૬ અંક પ્લસ

મુંબઈ

સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર વધીને બંધ રહ્યું હતું. સેન્સેક્સ ૯૮૬ અંક વધીને ૩૧૫૮૮ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૭૩ અંક વધીને ૯૨૬૬ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, મારૂતિ સુઝુકી અને ટીસીએસ સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. જોકે નેસ્લે, એચયુએલ, ટેક મહિન્દ્રા, સન ફાર્મા અને ટાઈટન કંપનીના શેર ઘટીને બંધ રહ્યાં હતા. ગુરુવારે ભારતની સાથે વિશ્વભરના બજારો વધાર સાથે બંધ થયા હતા. અમેરિકાના બજાર ડાઉ જોન્સ ૦.૧૪ ટકા વધારા સાથે ૩૩.૩૩ અંક વધી ૨૫,૫૩૭.૭૦ પર બંધ થયા હતા. જ્યારે અમેરિકાના બીજા બજાર નેસ્ડેક ૧.૬૬ ટકા વધારા સાથે ૧૩૯.૧૯ અંક વધી ૮,૫૩૨.૩૬ પર બંધ થયા હતા. બીજી તરફ એસએન્ડપી ૦.૫૮ ટકા વધારા સાથે ૧૬.૧૯ અંક વધી ૨,૭૯૯.૫૫ પર બંધ થયો હતો. ફ્રાન્સ, કેનેડાના બજારોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જોકે ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ૦.૭૯ ટકા વધારા સાથે ૨૩.૨૫ અંક વધી ૨,૮૪૨.૨૮ પર બંધ થયો હતો. કોવિડ-૧૯થી ધીમી પડેલી આર્થિક ગતવિધિઓ માટે શુક્રવારે આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે પ્રેસ કોન્ફોરન્સ કરી હતી. શક્તિકાંત દાસે કહ્યું કે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની કિંમતના TLTRO ૨.૦ને લોન્ચ કરશે. તેમણે કહ્યું કે કોરોના સંક્રમણના કારણે આ સૌથી કાળો સમય છે અને આપણે અજવાળા તરફ જોવાનું છે. તેમણે કહ્યું કે ભારત માટે ૧.૯ ટકા જીડીપી વૃદ્ધિનું IMFનું અનુમાન ૧૨૦ દેશોમાં સૌથી વધુ છે અને સાથે જ બેંકોએ ઉચિત કાર્ય કરવાનું નક્કી કર્યું છે.

ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતનું ટ્વિટ

૨૦ એપ્રિલ સુધી ગોવા ગ્રીન ઝોનમાં સામેલ થનાર દેશમાં પ્રથમ રાજ્ય બનશે

પણજી

ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે ગુરુવારે બીજેપી રાષ્ટ્રીય મહાસચીવ બીએલ સંતોષના ટ્વિટને રિટ્વિટ કરીને સંકેત આપ્યો હતો કે કોવિડ ૧૯ મહામારી વચ્ચે તેમના રાજ્યમાં ૨૦ એપ્રિલ સુધીમાં દેશનું પહેલું ગ્રીન ઝોન રાજ્ય બની શકે છે. બીએલ સંતોષે ટ્વિટ કર્યું હતું કે જો પરિસ્થિતિ સહિત તમામ રાજ્ય સરકારની યોજના મુજબ જ અનુસરે છે તો ગોવા ૨૦ એપ્રિલ સુધીમાં ગ્રીન ઝોનમાં સામેલ થવાવાળું દેશનું પ્રથમ રાજ્ય બની જશે. ભાજપા નેતાએ લોકોને અપિલ કરી છે કે તે તમામ સ્થિતિ પર નજર બનાવી રાખે.

તટીય રાજ્યોમાં કોરોના વાયરસનું સંક્રમણના ૭ કેસ આવ્યા હતા તેમાંથી ૬ લોકોના ઈલાજ થઈ ચૂક્યો છે.એકનો ઈલાજ મડગાંવ હોસ્પિટલમાં થઈ રહ્યો છે. કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલય રાજ્યના બે જિલ્લાઓમાંથી એક દક્ષિણ ગોવાને પહેલાથી જ ગ્રીન ઝોન જાહેર કરી ચૂક્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયે ભારતના તમામ જિલ્લાઓને અલગ અલગ કોવિડ -૧૯ ઝોનમાં મુક્યા છે. જે વિસ્તારમાં કોવિડ ૧૯ના કેસ નથી આવ્યા તેને ગ્રીન ઝોન જાહેરકરવામાં આવી શકે છે. અને લોકડાઉનમાં છૂટછાટ આપી શકે છે.

લૉકડાઉન ૨.૦ : સરકારની બીજી ગાઈડલાઈન જાહેર

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે કેન્દ્ર સરકારે લૉકડાઉનને ત્રીજી મે સુધી વધારી દીધું છે. લૉકડાઉનના બીજા તબક્કામાં સકકારે કેટલીક છૂટ આપવાની જાહેરાત કરી છે. હવે ગૃહ મંત્રાલય તરફથી કેટલીક વધારાની છૂટ આપવાની જાહેરાત આપવામાં આવી છે. સરકાર તરફથી જાહેર કરવામાં આવેલી નવા ગાઈડલાઈન પ્રમાણે અનેક સરકારી વિભાગોને અમુક શરતોની સાથે ખોલવામાં આવશે. આ સાથે જ કૃષિના ક્ષેત્રમાં અનેક છૂટ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

આ પહેલા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનમાં કહેવામાં આવ્યું હતું કે ખાણી-પીણી અને દવા બનાવતી તમામ ઈન્ડસ્ટ્રી ખુલ્લી રહેશે. આ સાથે જ ગ્રામ્ય ભારતમાં તમામ કારખાના ખોલવાની ભલામણ કરવામાં આવી હતી. નવી ગાઈડલાઈન પ્રમાણે મનરેગાના કામને પણ મંજૂરી આપવામાં આવી હતી, જે અંતર્ગત સિંચાઈ અને જળ સંરક્ષણને પ્રાથમિકતા આપવાનું કહેવામાં આવ્યું હતું.

સરકાર તરફથી ખેડૂતો માટે લૉકડાઉનમાં આપવામાં આવેલી છૂટ

કૃષિ ક્ષેત્ર : સરકારની નવી ગાઈડલાઈનમાં જંગલોમાં અનુસૂચિત જનજાતિના લોકો તેમજ ત્યાં રહેતા અન્ય લોકો લઘુ વન ઉપજ અથવા બિન-ઈમારતી લાકડા એકઠા કરી શકે છે, સાથે જ તેઓ લાકડા કાપવાનું કામ પણ કરી શકે છે. આ સાથે જ વાંસ, નાળિયેર, સોપારી, કોફીના બીજ, મસાલાની રોપણી અને તેની કાપણી, પેકિંગ અને વેચાણ કરી શકે છે.

નાણાકીય ક્ષેત્ર : નોન-બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપનીઝ જેમાં હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઝ અને માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂટ સામેલ છે, તે કામ કરી શકે છે, જેમાં ઓછામાં ઓછા કર્મચારી હોય. સાથે જ સહકારી સમિતોઓને પણ કામ કરવાની છૂટ આપવામાં આવી છે.

બાંધકામ ક્ષેત્ર : ગ્રામ્ય ક્ષેત્રોમાં નિર્માણનું કામકાજ, પાણી પહોંચાડવું, સ્વચ્છતા, વીજળીના તાર લગાવવા તેમજ દૂરસંચાર માટે ફાઈબર ઓપ્ટિકલ કેબલ પાથરવાનું કામ કરી શકાશે.

કોરોના વાયરસ સામે લડાઈમાં ભારતને મળ્યો અમેરિકાનો સાથ

અમેરિકાએ ભારતને ૪૫ કરોડ રૂપિયાની સ્વાસ્થ્ય સહાયતા આપી

ન્યૂયોર્ક/ન્યુ દિલ્હી

કોરોના વાયરસ સામે લડાઈમાં ભારતે હાઈડ્રોક્સીક્લોરોક્વીન મોકલીને જે રીતે સુપર પાવર અમેરિકાની મદદ કરી તે ખરેખર પ્રશંસાપાત્ર હતી. આ કડીમાં અમેરિકા ભારતની મદદ માટે આગળ આવ્યું છે. અમેરિકાએ કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે ભારતને સ્વાસ્થ્ય સહાયતાના રૂપમાં લગભગ ૫.૯ મિલિયન ડોલર પ્રદાન કર્યા છે. આ જાણકારી અમેરિકાના વિદેશ મંત્રાલયે આપી છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયે કહ્યું કે, આ રકમનો ઉપયોગ ભારતમાં કોરોના પીડિતોની મદદ, બીમારીથી જોડાયેલા જાગરૂકતા અભિયાન અને તેના નિવારણ માટે શોધમાં કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ રકમનો ઉપયોગ કટોકટીની તૈયારી માટે કરવામાં આવશે. આ અમેરિકા દ્વારા ભારતને પાછલા ૨૦ વર્ષથી આપવામાં આવી રહેલી ૨.૮ બિલિયન ડોલરની સહાયતા રકમનો ભાગ છે જેમાં ૧.૪ બિલિયન ડોલર સ્વાસ્થ્ય સહાયતાના રૂપમાં આપવામાં આવે છે. વિદેશ મંત્રાલય અને યૂએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલોપમેન્ટે હવે સ્વાસ્થ્ય કટોકટી, માનવીય અને આર્થિક સહાયતા માટે આશરે ૫૦૮ મિલિયન ડોલર ખર્ચ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. વિશ્વભરના સમુદાયોને મહામારીનો સામનો કરવામાં અમેરિકા પહેલાથી બહુપક્ષીય અને બિન સરકારી સંગઠનો (એનજીઓ)ને સહાયતા રકમ પ્રદાન કરતું આવ્યું છે.

જમ્મુ-કાશ્મીરમાં જવાનો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ, બે આતંકી ઠાર

જમ્મૂ

એક તરફ દુનિયામાં કોરોના વાયરસ સામે જંગ લડી રહી છે, ત્યાં બીજી તરફ આતંકવાદીઓ પોતાની નાપાક કરતૂતો કરવામાંથી ઉંચા જ નથી આવી રહ્યા. એક તરફ જ્યાં સમગ્ર દેશ કોરોનાને પછાડવા માટે જંગ કરી રહ્યો છે ત્યાં બીજી તરફ જમ્મુ-કાશ્મીરમાં દેશના જવાનો આતંકવાદીઓ સાથે લડી રહ્યા છે. આતંકવાદીઓ અને જવાનો વચ્ચેની અથડામણમાં સેનાએ બે આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી છે. તેમજ અત્યારે વિસ્તારમાં બીજા આતંકવાદીઓ છુપાયા હોવાની ભાળ મળતા જવાનોએ સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું છે.

પ્રાપ્ય જાણકારી પ્રમાણે અથડામણ દક્ષિણ કાશ્મીરના દાઈરુ શોપિયાં વિસ્તારમાં ચાલી રહી હતી. ત્યાં હજી પણ બે-ત્રણ આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકા છે. હાલમાં જમ્મુ-કાશ્મીર પોલીસ, ભારતીય સેના અને સીઆરપીએફની સંયુક્ત ટીમે આતંકવાદીઓ છુપાયા છે તે વિસ્તારને સંપૂર્ણ રીતે ઘેરી લીધો છે.

આ અગાઉ ગુરૂવારના રોજ પણ સીમા પર પાકિસ્તાને એક પછી એક બે જગ્યાઓ પર સીઝફાયરનો ભંગ કર્યો હતો. પાકિસ્તાની સેનાએ ગુરૂવારના રોજ જમ્મુ તેમજ કાશ્મીરના પૂંછ તેમજ પર રજૌરી જિલ્લામાં સીઝફાયરનો ભંગ કર્યો હતો. પાકિસ્તાની સેના તરફથી આ વિસ્તારોમાં ગોળીબારી થઈ રહી છે. તેનો જડબાતોડ જવાબ આપતા ભારતીય સેનાએ પણ વળતો પ્રહાર કર્યો હતો.

કોરોના સંકટ: વિદેશમાં ફસાયેલા ૩૩૦૦ ભારતીયોને કોરોના પોઝિટીવ, ૨૫ના મોત

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકરાના ડેટા મુજબ હાલ વિદેશોમાં રહેલા ૩૩૬૬ જેટલા ભારતીય નાગરિકોમાં કોરના સંક્રમણ પોઝિટિવ મળ્યાના અહેવાલ આવ્યા છે. તેમજ ૨૫ વ્યક્તિ આ વાયરસ સંક્રમણના કારણે મોતને ભેટ્યા છે. સરકારી સૂત્રો મુજબ આ પૈકી મોટાભાગના સંક્રમિત દર્દીઓ કુવૈત અને સિંગાપોરમાં છે. તે ઉપરાંત ૫૩ જેટલા અન્ય દેશોમાં પણ કેટલાક ભારતીય નાગરિક સંક્રમિત હોવાનું સામે આવ્યું છે.

સામે આવેલા આંકડા મુજબ કુવૈતમાં ૭૮૫ ભારતીય નાગરિકો કોરનાથી પીડિત છે. જ્યારે સિંગાપોરમાં ૬૩૪ અને કતારમા ૪૨૦ જેટલા ભારતીય નાગરિકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. તે બાદ ઈરાનમાં ૩૦૮, ઓમાનમાં ૨૯૭, UAEમાં ૨૩૮, સાઉદી અરેબમાં ૧૮૬ અને બહરિનમાં ૧૩૫ ભારતીયો સંક્રમિત છે. આ લિસ્ટમાં ઈટલીમાં ૯૧, મલેશિયામાં ૩૭, પોર્ટુગલમાં ૩૬, ઘાનામાં ૨૯ અને અમેરિકામાં ૨૪ ભારતીયો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. જ્યારે સ્વિટ્ઝરલેન્ડ અને ફ્રાંસમાં અનુક્રમે ૧૫ અને ૧૩ ભારતીય નાગરિકો પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. અન્ય કેટલાક દેશોની જેમ ભારતે પણ વિદેશમાં રહેલા પોતાના નાગરિકોને એરલિફ્ટ કરવાનું માંડી વાળ્યું છે.

જીલેડ કંપનીની દવાના કોવિડ૧૯માં આશાસ્પદ પરિણામોને પગલે અમેરિકી બજારોમાં તરખાટ

વોશિંગ્ટન

કોવિડ-૧૯ની દવા શોધવા માટે વિશ્વભરની દવા કંપનીઓમાં જામેલી હોડ વચ્ચે અમેરિકી બાયોટેક કંપની જીલેડની રેમડેસિવિરનાં શિકાગોમાં દર્દીઓ પર થયેલા પ્રયોગોમાં આશાસ્પદ પરિણામો મળ્યાનો દાવો થયો છે. આ દાવાના કારણે વિશ્વભરનાં ફાર્મા બાયોટેક સેક્ટરમાં ભારે ચર્ચા જાગી છે. બીજી તરફ જીલેડ કંપનીના શેરમાં ૧૬ ટકાનો ઉછાળો આવ્યો હતો અને સાથે સાથે ડાઉ જોન્સ ફ્યુચર્સમાં પણ ઉછાળો નોંધાયો હતો. જોકે, સંખ્યાબંધ નિષ્ણાતોએ એવો મત વ્યક્ત કર્યો છે કે આ દવાની અસકારકતા વિશે કોઈપણ અભિપ્રાય બાંધી લેવાની ઉતાવળ કરવા જેવી નથી અને હજુ વધુ ક્લિનિકલ ટ્રાયલ્સની જરૂર છે. યુનિવર્સિટી ઓફ શિકાગોના તબીબી સંશોધકોએ જણાવ્યું હતું કે તેમણે ૧૨૫ દર્દીઓને જીલેડની રેમડેસિવિર દવા ક્લિનિકલ ટ્રાયલના ભાગરૂપે આપી હતી. મેડિકલ ન્યૂઝ સાઈટ સ્ટેટ ન્યૂઝના અહેવાલ અનુસાર શિગારો યુનિવર્સિટીમાં બે તબક્કામાં યોજાયેલી ત્રણ ક્લિનિકલ ટ્રાયલમાં ૧૨૫ દર્દીઓને આ દવા અપાઈ હતી. તેમાંથી ૧૧૩ દર્દીઓને બહુ સિવિયર ઈન્ફેક્શન હતું. શિકાગો યુનિવર્સિટીના સંશોધકો વચ્ચે એક ચર્ચાનો વીડિયો સ્ટેટ ન્યૂઝ દ્વારા મેળવવામાં આવ્યો છે. તેમાં આ નિષ્ણાતોને એમ કહેતા ટાંકવામાં આવ્યા છે કે આ દવા અપાયા બાદ સંખ્યાબંધ દર્દીઓનો તાવ ઘટ્યો હતો અને કેટલાય દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટમાંથી બહાર આવી ગયા હતા. દર્દીઓની શ્વાસ સંબંધી તકલીફોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આ ટ્રાયલ દરમિયાન બે દર્દીનાં મોત થયાં હતાં પરંતુ મોટાભાગના દર્દી સાજા થઈ ચૂક્યા હતા. આમ, યુનિવર્સિટીના કોઈ સત્તાવાર અહેવાલ નહીં પરંતુ એક આંતરિક ચર્ચાનો વીડિયો બહાર આવ્યો છે. ફાર્મ તથા એપિડેમોલોજી સેક્ટરના નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે હજુ તો ક્લિનિકલ ટ્રાયલ ચાલુ રહી છે તેની અધવચ્ચે થયેલી કેટલીક ચર્ચાના આધારે કોઈ આખરી તારણ પર આવી જવાનું ઉતાવળિયું ગણાશે. આ દવાની એક ટ્રાયલ વિશ્વભરમાં તીવ્ર ચેપ ધરાવતા ૨૪૦૦ દર્દીઓ પર ચાલી રહી છે. બીજી ટ્રાયલ વિશ્વભરમાં માઈલ્ડ ચેપ ધરાવતા ૧૬૦૦ દર્દીઓ પર ચાલી રહી છે. ગયા માર્ચથી શરૂ થયેલી આ ટ્રાયલ આગામી મે માસ સુધી ચાલવાની છે.



કોરોના સંકટ વચ્ચે બ્રાઝિલના રાષ્ટ્રપતિએ આરોગ્ય પ્રધાનને બરતરફ કર્યા

બ્રાઝિલ

વિશ્વનાં દેશો કોરોના સંકટ સાથે સંઘર્ષ કરી રહ્યા છે. કોરોનાએ બ્રાઝિલમાં પણ પગ પેસારો કરી દીધો છે. બ્રાઝિલમાં કોરોના સંકટને પરિણામે ૨,૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. ત્યાં ૨૯,૦૦૦ થી વધુ કોરોના ચેપગ્રસ્ત દર્દીઓ છે, જેનાથી સંક્રમણને અટકાવવુ અને મૃત્યુની સંખ્યાને નિયંત્રણમાં રાખવી ખૂબ જ મુશ્કેલ છે. આવા સંકટમાં બ્રાઝિલનાં રાષ્ટ્રપતિએ આરોગ્ય પ્રધાનને તેમના પદ પરથી બરતરફ કર્યા છે.

કોરોના સંકટની વચ્ચે બ્રાઝિલનાં રાષ્ટ્રપતિ જેર બોલ્સોનારોએ તેમના આરોગ્ય પ્રધાન લુઈઝ હેનરિક મેન્ડેટાને આ પદ પરથી બરતરફ કર્યા છે. જણાવી દઈએ કે, બંને નેતાઓ વચ્ચે મતભેદ હતા, જેના કારણે રાષ્ટ્રપતિએ મોટો નિર્ણય લીધો અને તેમને સસ્પેન્ડ કર્યા. તેમના વચ્ચે કોરોના વાયરસ સામે લેવામાં આવતા પગલા અંગે મતભેદો હતા, જે સાર્વજનિક રીતે પણ જોવા મળ્યા હતા. આવી સ્થિતિમાં હવે રાષ્ટ્રપતિએ લુઈસ હેનરિક મેન્ડેટાને તેમના પદ પરથી બરતરફ કરવાનો નિર્ણય લીધો છે. બ્રાઝિલનાં આરોગ્ય પ્રધાને ટ્વીટ કરીને આ વિશે માહિતી આપી છે. લુઈસ હેનરિક મેન્ડેટાએ પોતાની ટ્વિટમાં લખ્યું છે કે, મેં રાષ્ટ્રપતિ જેર બોલ્સોનારો પાસેથી આરોગ્ય મંત્રાલયને મારી પાસેથી હટાવવા અંગે સાંભળ્યું છે. મને આ તક આપવા બદલ હું તેમનો આભાર માનું છું. જણાવી દઈએ કે, બંને નેતાઓ વચ્ચે કોરોના વાયરસનાં ચેપને રોકવા માટે લેવામાં આવતા પગલાં અંગે ચર્ચા થઈ હતી.

ડોકટરો પર પથ્થરમારો કરનારા ૧૭ સામે કાર્યવાહી કરવા રાતે ૩ વાગ્યે ખુલી કોર્ટ

લખનૌ

યુપીના મુરાદાબાદમાં હેલ્થ ચેક અપ માટે ગયેલી ડોક્ટરો અને પોલીસની ટીમ પર પથ્થરમારો કરનારા લોકો પર કાર્યવાહી કરવા માટે રાતે ત્રણ વાગ્યે કોર્ટ ખુલી હતી. એક અખબારના અહેવાલ પ્રમાણે પથ્થરમારો કરનારા ૧૭ લોકોની પોલીસે ધરપકડ કરી હતી. એ પછી આગળની કાર્યવાહી કરવા માટે રાતે ત્રણ વાગ્યે સ્થાનિક કોર્ટ ખોલવામાં આવી હતી. સવારે પાંચ વાગ્યે કોર્ટે તેમને ૧૪ દિવસના રીમાન્ડ પર લેવાનો હુકમ કર્યો હતો.એ પછી તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા. પોલીસે તેમને તાત્કાલિક કોર્ટમાં રજૂ કરવાની અપીલ કરી હતી.એ પછી કોર્ટે પણ આ મામલાની નાજુકતાને સમજી હતી. ન્યાયાધીશે ઘરે જ રાતે ત્રણ વાગ્યે મામલાની સુનાવણી કરી હતી. ઉલ્લેખનીય છે કે, મુરાદાબાદના નવાબપુરા વિસ્તારમાં બુધવારે પોલીસ ટીમ અને મેડિકલ સ્ટાફ પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ડોક્ટરો સહિત ૬ સ્વાસ્થ્ય કર્મીઓ ઘાયલ થયા હતા અને પોલીસ કર્મીઓને પણ ઈજા થઈ હતી.



ભુવનેશ્વરમાં દેશવ્યાપી લોકડાઉન દરમિયાન માઈમ કલાકાર ચિત્તા રંજન સત્પથી, કોરોનાવાયરસ પર લોકોને જાગૃત કરવા માટે મૌન નાટક રજૂ કરે છે.

પત્ની લોકડાઉનનું પાલન ન કરતાં પતિએ પોલીસમાં ફરિયાદ કરી..!!

મેરઠ

સમગ્ર દુનિયામાં કોરોના વાઈરસને લઈ હાહાકાર મચેલો છે. ભારતમાં પણ લોકડાઉનની અવધિ વધારી દેવામાં આવી છે જેથી કોરોનાનું સંક્રમણ ન ફેલાય. સાથે જ લોકોને ઘરમાં રહેવાની અપીલ કરવામાં આવી છે. આમ છતાં કેટલાંક લોકો ઘરમાં નથી રહી રહ્યા. લોકડાઉન વચ્ચે કેટલાક એવા કેસ પણ સામે આવી રહ્યા છે, જેમાં સંબંધો તૂટી પણ રહ્યા છે.

આવી જ એક ઘટના મેરઠમાં જોવા મળી છે. જ્યાં એક પતિનો આરોપ છે કે, પત્ની લોકડાઉનનું પાલન નથી કરી રહી. જે પછી પતિ પોતાની પત્નીની ફરિયાદ લઈને પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. પતિનું કહેવું છે કે, તેણે પોતાની પત્નીથી પરેશાન થઈને પોલીસમાં ફરિયાદ કરી દીધી.

આ ઘટના મેરઠના થાના લિસાડી ગેટ વિસ્તારના ખુશહાલ નગરની છે. જ્યાં અમઝદ નામના એક વ્યક્તિએ લિસાડી ગેટ પોલીસ સ્ટેશનમાં જઈને પત્ની વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. લેખિત ફરિયાદમાં પતિએ કહ્યું કે તેની પત્નીનું નામ ફરિદા છે. એ લોકડાઉનનું પાલન નહોતી કરતી જેથી પતિએ પરેશાન થઈ તેની ફરિયાદ નોંધાવી દીધી.

અમઝદનો આરોપ છે કે તેના પિયરના લોકો પણ તેની ફરિયાદને અવગણી રહ્યા છે. જે પછી ચિંતિત થઈને તે મેરઠના લિસાડી ગેટ સ્ટેશને પહોંચ્યો હતો અને પત્ની વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી દીધી હતી. પતિની પણ માગ છે કે તેની પત્ની વિરૂદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે. બીજી તરફ અમઝદ ખૂદ સાઈકલ પર કોરોના વિરૂદ્ધ અભિયાન ચલાવી રહ્યો છે.

ભારત મહામારી સામે લડવા દવાઓ મોકલે છે ત્યારે પાકિસ્તાન આતંકવાદના એક્સપોર્ટમાં વ્યસ્ત

કુપવાડા

આર્મી ચીફ જનરલ નરવણે પ્રમાણે કોરોના મહામારીના સમયમાં પણ પાકિસ્તાન આતંકી ષડયંત્રમાં જ ઓતપ્રોત છે. જનરલ એમએમ નરવણેએ શુક્રવારે કહ્યું કે ભારત વિશ્વને મહામારી સામે લડવા માટે દવાઓ મોકલી રહ્યું છે પરંતુ પાકિસ્તાન હજુ આતંકવાદના એક્સપોર્ટમાં જ વ્યસ્ત છે. એક સવાલના જવાબમાં તેમણે કહ્યું- આ મુશ્કેલ સમય છે. અમે આપણા નાગરિકોની મદદ કરી રહ્યા છીએ. વિશ્વના દેશોને દવાઓની નિકાસ કરી રહ્યા છીએ જ્યારે પાકિસ્તાન હજુ ટેરર એક્સપોર્ટમાં વ્યસ્ત છે.

જનરલ નરવણે શુક્રવારે જમ્મૂ-કાશ્મીર પહોંચ્યા હતા. અહીં તેમણે અધિકારીઓ સાથે એલઓસીની પરિસ્થિતિ વિશે માહિતી મેળવી. તેમણે કહ્યું- આ ખૂબ અફસોસની વાત છે કે સમગ્ર વિશ્વ અને ભારત એકથઈને મહામારી સામે લડી રહ્યા છે. આ સમયે આપણો પડોશી ષડયંત્ર રચવામાંથી નવરો નથી થઈ રહ્યો. તે આપણા માટે મુશ્કેલીઓ પેદા કરવા માગે છે.

લોકડાઉન પાર્ટ-૨: પીએમ મોદીના પ્રવચનને ૨૦.૩ કરોડ લોકોએ નિહાળ્યું

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકડાઉન ૨.૦ને લઈને ટીવી પર કરેલા સંબોધનને ૨૦.૩ કરોડ લોકોએ નિહાળ્યુ હતું. પ્રસારણ દર્શક અનુસંધાન પરિષદ (બાર્ક)એ જણાવ્યુ છે કે પીએમના સંબોધને તેમનો જ પાછલો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ સંબોધનમાં પીએમએ લોકડાઉન ૩ મે સુધી લંબાવવાની જાહેરાત કરી હતી.

પીએમ મોદી કોરોના વાયરસ મહામારી પર પ્રજાને ૪ વખત સંબોધન કરી ચૂકયા છે. પહેલીવાર તેમણે જનતા કર્ફયુનુ એલાન કર્યુ હતુ તે પછી લોકડાઉનની જાહેરાત અને ત્રીજી વખત ઘરોમાં મીણબત્તી અને દીવા પ્રગટાવવા અપીલ કરી હતી. આ પહેલા મોદીએ જ્યારે પહેલીવાર ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કરી હતી તો તેમના આ સંબોધનને ૧૯.૩ કરોડ લોકોએ નિહાળ્યો હતો. બાર્કના મુખ્ય કાર્યકારી વડા સુનિલ લુલ્લાએ કહ્યુ છે કે પીએમએ મંગળવારે લોકડાઉનના ૧૯ દિવસ વધારવાની જાહેરાત કરી હતી.

ઉ.પ્રદેશ સરકારે શરતો સાથે ૧૧ પ્રકારના ઉદ્યોગને શરુ કરવાની પરવાનગી આપી

લખનૌ

કોરોના સંકટ વચ્ચે ઉત્તર પ્રદેશમાં યોગી સરકારે એક મોટું પગલું ભર્યું છે. યુપી સરકારે આવશ્યક સેવાઓમાં આવતા ૧૧ પ્રકારના ઉદ્યોગોને સશર્ત ચલાવવાની અનુમતિ આપી દીધી છે. હાલ સત્તાત પ્રક્રિયા ઉદ્યોગોના સંચાલનની અનુમતિ આપી દેવામાં આવી છે.

સ્ટીલ રિફાઈનરી, સિમેન્ટ, રસાયણ, ઉર્વરક, વસ્ત્ર ઉદ્યોગ, ફાઉન્ડ્રીઝ, પેપર, ટાયર, ખાંડની મિલો ચલાવવાની અનુમતિ આપી દેવામાં આવી છે. સાથે જ કોમન એફ્લૂએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ શરૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

પ્રથમ ચરણમાં મોટાભાગે ૫૦ ટકા શ્રમિકોની સાથે યુનિટ ચલાવવાની અનુમતિ આપવામાં આવશે. આ સમયે પ્રશાસનિક કાર્યાલયો પણ ખોલવાની અનુમતિ નહીં હોય. આ સિવાય હોટસ્પોટ વિસ્તારમાં યુનિટ ચલાવવા પર પ્રતિબંધ હશે.

ઓદ્યોગિક પરિસરની નવી ગાઈડલાઈન પ્રમાણે સેનેટાઈઝેશન કરાવવામાં આવે અને શ્રમિકોની સંખ્યાના હિસાબે થર્મલ સ્કેનરની વ્યવસ્થા કરવામાં આવે. યુનિટમાં સેનિટાઈઝર, માસ્ક અને પાણીની વ્યવસ્થાનો પણ નિર્દેશ કરી દેવામાં આવ્યો છે.

સતત ૫ વર્ષ નોકરી કર્યાને મહત્વનુ ગણ્યું

કર્મચારી રાજીનામુ આપે તો પણ ગ્રેચ્યુઈટી માટે હક્કદાર: સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

સુપ્રિમ કોર્ટે કહ્યુ છે કે પાંચ વર્ષ લગાતાર નોકરી કર્યા બાદ રાજીનામુ આપનાર કર્મચારીને પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઈટી એકટ-૧૯૭૨ હેઠળ પુરેપુરી ગ્રેચ્યુઈટી મળશે. માલિક તેમા કોઈ કાપકુપ કરી ન શકે. જસ્ટીશ આર. ભાનુમતીની ખંડપીઠે કહ્યુ છે કે કલમ-૪ અનુસાર સેવા સમાપ્તિ એટલે કે ટર્મિનેશનમાં સેવામાંથી રાજીનામુ આપવાની બાબત સામેલ છે. ખંડપીઠે કહ્યુ છે કે આ ફેંસલો રાજસ્થાન પરિવહનની અપીલ પર આપવામાં આવ્યો છે. જેમાં મૃત કર્મચારીની પત્નિને ગ્રેચ્યુઈટી આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ કર્મચારીએ બિમારીને કારણે સેવા નિવૃતિ માંગી હતી, પરંતુ જ્યારે તેમને નિવૃતિ આપવામાં ન આવી તો તેમણે રાજીનામુ આપી દીધુ હતુ. બાદમાં તેમને મૃત્યુ થયુ હતું. તેની પત્નિએ સેવા નિવૃતિના લાભ માગવા માટે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે પરિવહન સંસ્થાને આદેશ આપ્યો હતો કે કર્મચારીને વીઆરએસ ગણી લેવામા આવે અને તેને તમામ નિવૃતિના લાભો આપવામાં આવે. કોર્ટે કહ્યુ હતુ કે તેની સતત ૫ વર્ષની સેવા જ મહત્વની છે. તેણે સેવાથી રાજીનામુ આપ્યુ છે તેનો કોઈ અર્થ નથી. એ સ્પષ્ટ છે કે તેની સેવામાં કોઈ બ્રેક નથી અને તેમણે રાજીનામા સુધી પુરેપુરી ફરજ બજાવી હતી તેથી તે ગ્રેચ્યુઈટીનો હક્કદાર છે. સુપ્રિમ કોર્ટે પરિવહન વિભાગની અપીલ ફગાવી દીધી હતી અને કહ્યુ હતુ કે હાઈકોર્ટનો ફેંસલો સાચો છે કે કર્મચારી રાજીનામુ આપે તો પણ ગ્રેચ્યુઈટી લેવા માટે હક્કદાર છે.

રમઝાનમાં લૉકડાઉનનો કડક અમલ કરાવજોઃ નકવીની વકફ બોર્ડને સૂચના

લઘુમતી વર્ગોની બાબતોને લગતા પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ ગુરુવારે તમામ સ્ટેટ વકફ બોર્ડને આવતા અઠવાડિયે કોરોના વાઈરસની મહામારી વચ્ચે શરૂ થનારા પવિત્ર રમઝાનના મહિના દરમિયાન લૉકડાઉનના નિયમોનો તેમ જ સોશિયલ ડિસ્ટન્સીંગને લગતી માર્ગરિખાઓનો કડક અમલ થાય એની ખાસ તકેદારી રાખવાનો આદેશ આપ્યો હતો. નકવીએ બધા સ્ટેટ વકફ બોર્ડના અધિકારીઓ સાથે વીડિયો કૉન્ફરન્સિંગ મારફત મીટિંગ રાખી હતી જેમાં નકવીએ તેમને જણાવ્યું હતું કે ૨૪ કે ૨૫મી એપ્રિલે શરૂ થતા રમઝાનના મહિના દરમિયાન નમાઝ પઢવાની અને ઈફ્તાર જેવી ધાર્મિક ક્રિયાઓ પોત પોતાના ઘરમાં બેસીને જ કરવા વિશે લોકોને જાગૃત કરશો. દેશભરમાં સ્ટેટ વકફ બોર્ડો હેઠળ સાત લાખથી વધુ રજિસ્ટર્ડ મસ્જિદો, ઈદગાહો, ઈમામવાડાઓ, દરગાહો અને અન્ય ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓ છે.

રિતિક રોશન-અર્જુન કપૂર દહાડિયા મજૂરોની વ્હારે આવ્યા



મુંબઈ

બૉલીવૂડ અભિનેતા રિતિક રોશન રીયલ લાઈફનો હીરો છે. અત્યારે કોવિડ-૧૯ દરમિયાન પણ તે અન્ય કલાકારોની જેમ સહાય કરી રહ્યો છે. અત્યારે કોરોનાને કારણે દેશભરમાં કટોકટીની પરિસ્થિતિ છે ત્યારે 'વૉર'ના આ હીરોએ સિને એન્ડ ટીવી આર્ટિસ્ટ્સ એસોસિયેશન (સિન્ટા)ને દૈનિક મહેનતાણાના ધોરણે કામ કરતા કલાકારો માટે રૂ. ૨૫ લાખની રકમ દાનમાં આપી છે. સિન્ટાની એક કમિટીના ચૅરપર્સન અને વરીષ્ઠ જોઈન્ટ સેક્રેટરી અમિત બહેલે આ સમાચારને સમર્થન આપતા કહ્યું હતું કે કેટલાક દિવસ પહેલા રિતિકની મેનેજમેન્ટ કંપનીએ અમારી સિસ્ટર ક્લબસર્ન કંપની સિને આર્ટિસ્ટ વેલફેર ટ્રસ્ટના અકાઉન્ટમાં રૂ. ૨૫ લાખ ટ્રાન્સફર કર્યા હતા અને અમે તેમાંથી પ્રાયોરિટીના આધારે કલાકારોને પૈસા પૂરા પાડીશું.

આ ઉપરાંત અભિનેતા અર્જુન કપૂર પણ તેનાથી શક્ય એટલી લોકોને મદદ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે. તેણે તેની બહેન અંશુલા કપૂરની મદદથી ઓનલાઈન ફંડ એક્ઠું કર્યું છે અને તેમાંથી તે એક મહિના સુધી ૩૦૦ દહાડિયા મજૂરોને ભોજન પૂરું પાડશે. તેણે તો તેના ચાહકોમાંથી એક ચોક્કસ તારીખે ૩૦ મિનિટના સમય દરમિયાન પાંચ લકી વિજેતાની પસંદગી કરીને તેમની પાસેથી ફંડ ઉઘરાવ્યું હતું.

કોરોના સંકટ પહેલા પાનાનું ચાલું

ઉલ્લેખનીય છે કે બેંકો RBIની પાસે એક રકમ રાખે છે. આ રકમ પર RBI તેમને વ્યાજ આપે છે. ભારતીય રિઝર્વ બેંક આ રકમ પર જે દરથી બેંકોને વ્યાજ આપે છે, તેને રિવર્સ રેપો રેટ કહે છે.

ટાર્ગેટેડ લોન્ગ ટર્મ રેપો ઓપરેશન(TLTRO 2) અંતર્ગત RBIએ MFIs અને NBFCsને ૫૦ હજાર કરોડ રૂપિયાની મદદ કરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે કોરોનાના સંક્રમણના કારણે આ સૌથી કાળો સમય છે અને આપણે અજવાળા તરફ જોવાનું છે. વિશ્વને ૯ ટ્રિલિયન ડોલરનું નુકસાન થવાની શકયતા અને મોટી મંદીનું અનુમાન છે. જોકે ભારત માટે ૧.૯ ટકા જીડીપી વૃદ્ધિનું IMFનું અનુમાન જી૨૦ દેશોમાં સૌથી વધુ છે.

RBIના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે નાબાર્ડ, સિડબી, એનએચબીની ભૂમિકા ગ્રામીણ ક્ષેત્રો અને એનબીએફસી વગેરેના લોન પ્રવાહ માટે મહત્વપૂર્ણ છે. કોવિડ-૧૯ દરમિયાન આ સંસ્થાઓને બજારમાંથી લોન મળવામાં મુશ્કેલી છે, આ કારણે નાબાર્ડ, સિડબી, એનએચબીને ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના વધારાના રીફાઈનાન્સિંગની સુવિધા અપાઈ રહી છે. આ જાહેરાતનો અર્થ એ થાય છે કે RBI ગ્રામીણ અર્થવ્યવસ્થાને ગતિ આપવા માંગે છે. જેમ કે નાની ખેતી મંડળીઓ સહિત તમામ ખેતી મંડળીઓને ખેડૂતોને ખેતી માટે ધિરાણ આપે છે. અને આ ખેતી મંડળીઓને નાબાર્ડ ધિરાણ આપે છે. આમ નાબાર્ડને ૨૫ હજાર કરોડ મળતાં તે ખેતી મંડળીને આપશે અને મંડળીઓ જે તે ખેડૂતને ધિરાણ આપી શકશે.

દેશમાં કોરોના પહેલા પાનાનું ચાલું

૨૪૫ લોકો બીમારીમાંથી સ્વસ્થ થઈ ચૂક્યાં છે. મહારાષ્ટ્રમાં કોરોનાના સૌથી વધુ ૩૨૦૫ કેસો પોઝિટિવ છે. જેમાંથી ૩૦૦ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ ઘરે મોકલવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૮૯૨ પોઝિટિવ કેસ છે. જેમાં ૭૪ લોકો સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂક્યા છે.

સેનામાં સંક્રમણના માત્ર ૮ કેસ

સેના પ્રમુખ નરવણેએ શુક્રવારે જણાવ્યું કે, સેના માં હજુ સુધી સંક્રમણના માત્ર ૮ કેસ સામે આવ્યા છે, જેમાંથી ૨ ડોક્ટર્સ છે. ૧ નર્સિંગ આસિસટન્ટ છે, જ્યારે ૪ અન્ય લોકોને પણ ઘણો આરામ છે. લદ્દાખમાં એક કેસ આવ્યો હતો. તે દર્દી પુરી રીતે સ્વસ્થ થઈ ગયો છે અને તેને ડ્યૂટી પણ જોઈન કરી લીધી છે.

ગુજરાતમાં કોરોના પહેલા પાનાનું ચાલું

ઉલ્લેખનીય છે કે, અમદાવાદના મ્યુ. કમિશનરે ગઈકાલે જ જણાવ્યું હતું કે કોરોનાના ટેસ્ટની સંખ્યા વધારાઈ હોવાથી શહેરમાં રોજના ૧૦૦ જેટલા કન્ફર્મ કેસ સામે આવી શકે છે. રાજ્યના વિવિધ જિલ્લામાં વિતેલા ૨૪ કલાકમાં ૧,૬૦૮ લોકોના ટેસ્ટ કરાયા છે. જેમાંથી ૧૫૦ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, અને ૧૪૫૮નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

દિવસે દિવસે વધતો જતો કોરોનાનો કહેર ક્યારે શાંત થશે તે અંગે કઈ પણ કહેવું મુશ્કેલ છે. સતત વધી રહેલા આ રોગચાળા વચ્ચે તંત્રની કડક કાર્યવાહી અતિ આવશ્યક છે. વડોદરામાં મોડી રાત્રે એક યુવકનું અને અરવલ્લીમાં પ્રથમ દર્દીનું મોત નીપજતાં કુલ મૃત્યાંક ૩૮ થયો છે. રાજકોટમાં વધુ એક પોઝિટિવ કેસ આવ્યો છે. દરમિયાન મોડી રાત્રે ભરૂચમાં વધુ ચાર કેસ પોઝિટિવ આવ્યા છે. જેમાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ફરજ નિભાવતી મહિલા સિક્યુરિટી ગાર્ડ અને ૧૬ વર્ષના એક કિશોરનો પણ સમાવેશ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ આજે એક મોટી હકીકતથી લોકોને અવગત કરાવ્યા હતા. ત્યારબાદ તેમણે જણાવ્યું છે કે, અમદાવાદમાં કોરોનાનો પહેલો દર્દી હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. ૩૫ દિવસ પછી પણ ચેપ હજુ દૂર થયો નથી. આખા ભારતમાં કોરોના વાયરસનો આવો કેસ નોંધાયો નથી. આ પોઝિટીવ દર્દીની જાણ કેન્દ્ર સરકારને કરી દેવામાં આવી છે. પીએમ મોદીને આ ઘટનાથી અવગત કરી દેવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું છે કે, અમદાવાદમાં સામે ચાલીને કેસ શોધતા ઘણી સફળતા મળી છે. એક મહિનામાં ૫૦૦ કેસ શોધાયા છે, સર્વેના કારણે ૨ લાખ કેસો ઓછા કર્યા છે. બીજી બાજુ કોરોનાને લગતી ઘણી માન્યતાઓ ખોટી સાબિત થઈ રહી છે. મનુષ્યોમાં ફેલાયેલો કોરોના વાઈરસ પડકારજનક છે અને તેની દરરોજ નવી માહિતી બહાર આવી રહી છે.

આજે ગુજરાત કોરોનાના દર્દીઓને બચાવવાની દિશામાં એક મોટું પગલું ભરવા જઈ રહી છે. ગુજરાતમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના પ્લાઝમા ટ્રાન્સમ્યુસનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. જેનાથી કોરોનાના ક્રિટિકલ દર્દીને બચાવવા કાગવડ નીવડશે. આ પ્રયોગ જો સફળ રહ્યો તો આગામી સમયમાં કોરોના પોઝિટીવ દર્દીઓને આપણે બચાવી શકીશું. હાલ કોરોનામાંથી સાજા થયેલા લોકોના પ્લાઝમા લેવાશે અને તે પ્લાઝમાને વેન્ટીલેટર પરના દર્દીના પ્લાઝમા સાથે ટ્રાન્સમ્યુસ કરાશે. તેના માટે અમદાવાદમાં ૨ પ્લાઝમા ડોનર તૈયાર થયા છે.

દુનિયામાં કોરોના પહેલા પાનાનું ચાલું

કલાકમાં અહીં ૫૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. યુરોપમાં ૧૦.૧૫ લાખ કેસ નોંધાયા છે અને ૯૨ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. યુરોપમાં સૌથી વધારે મોત ઈટાલીમાં થયા છે.

આયરલેન્ડના પ્રધાનમંત્રીએ કહ્યું-પ્રતિબંધો હટાવવા માટે મહિનાઓ લાગશે

આયરલેન્ડના પ્રધાનમંત્રી લિયો વેરાડકરે કહ્યુ કે દેશમાં કોરોનાને લઈને લગાવવામાં આવેલા પ્રતિબંધો ધીમે ધીમે હટાવવામાં આવશે. તેઓએ દેશની સંસદમાં કહ્યું કે સરકાર હાલ દાવા સાથે નથી કહેતી કે પાંચ મેના રોજ પ્રતિબંધો હટી જશે. ૨૭ માર્ચે અહીં લોકડાઉનની જાહેરાત કરાઈ હતી. અહીં કોરોનાનો પ્રથમ કેસ ફેબ્રુઆરીમાં સામે આવ્યો હતો. આયરલેન્ડમાં ૧૩ હજાર ૨૭૧ પોઝિટિવ કેસ અને ૪૮૬ લોકોના મોત થયા છે.

બ્રિટનમાં લોકડાઉન ત્રણ સપ્તાહ વધારાયુ

કોરોનાના સંક્રમણ રોકવા માટે બ્રિટનનમાં લોકડાઉનને ત્રણ સપ્તાહ વધારમાં આવ્યું છે.અહીં પહેલા ૨૫ દિવસના લોકડાઉનની જાહેરાત કરાઈ હતી. બ્રિટનમાં પોઝિટિવ કેસ એક લાખથી વધુ નોંધાયા છે અને ૧૩ હજાર ૭૨૯ લોકોના મોત થયા છે.

કોરોનાએ ચીનની પહેલા પાનાનું ચાલું

પાછલા વર્ષે ડિસેમ્બરમાં ચીનના વુહાન શહેરમાં સામે આવેલા કોરોના વાયરસે ચીન અને વિશ્વને સંપૂર્ણ રીતે પ્રભાવિત કર્યું છે અને હાલના આંકડાથી સ્પષ્ટ છે કે તેના કારણે ચીનની અર્થવ્યવસ્થાને મોટો ઝટકો લાગ્યો છે, જે પહેલાથી જ મંદીમાં ચાલી રહી હતી.

કોરોનાથી અમેરિકા પહેલા પાનાનું ચાલું

મહામારી છે. કોવિડ-૧૯ ના કારણે દુનિયામાં સૌથી વધારે લોકોના મોત અમેરિકામાં થયા છે. અમેરિકામાં સંક્રમણના કારણે ૬,,૬૭,૮૦૦ થી વધુ કેસ સામે આવ્યા હતા.

દુનિયામાં અમેરિકા હવે કોરોનાનુ એપી સેન્ટર બન્યુ છે. કોરોના કારણે અહી ૩૪ હજારથી વધુ લોકોના મોત થયા છે. જ્યારે કે ૬.૭૭ લાખ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો છે. કોરોનાના વધતા કે, બાદ ટ્રમ્પની સરકાર અમેરિકામાં વિરોધીઓના નિશાને આવી છે. દુનિયામાં સૌથી વધારે કોરોનાથી પ્રભાવિત દેશ હવે અમેરિકા છે. અમેરિકામાં કોરોનાના વધતા કેસ બાદ ટ્રમ્પ સરકારની ચિંતામાં વધારો થયો છે. તો બીજી તરફ અર્થવ્યવસ્થાને બચાવવાનો અમેરિકા સામે મોટો પડકાર છે.

તંત્રી લેખ

ટ્રમ્પ હવે શુ કરી બેઠા

અમેરિકાએ હવે એક મોટી ભુલ કરી દીધી છે. જેની અસર તમામ દેશો પર થનાર છે. અમિરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે વિશ્વ આરોગ્ય સંગઠન (ડબલ્યુએચઓ)ના ફંડિગને રોકી દેવાની જાહેરાત કરી છે. આ બાબત સમગ્ર વિશ્વ માટે કમનસીબ છે. આની અસર અમેરિકા પર પણ પડનાર છે. ટ્રમ્પ કુબ પહેલાથી જ ચીનની તરફણ કરવાનો આરોપ ડબલ્યુએચઓ પર લગાવી રહ્યા હતા. જો કે ગયા મંગળવારના દિવસે તો ટ્રમ્પે લાલ આંખ કરીને ત્રણ મહિના માટે આના ફંડિગને રોકી દેવાની જાહેરાત કરી હતી. ધ્યાનમાં રાખવા માટેની બાબત એ છે કે ડબલ્યુએચઓના કુલ બજેટ પૈકી ૧૫ ટકા હિસ્સો હાલમાં અમેરિકા પાસેથી આવે છે. ટ્રમ્પનુ કહેવુ છે કે કોરોના મહામારીના ખરાબ સંચાલન અને તેની સાથે જોડાયેલી મહત્વની માહિતીઓને છુપાવવાના મામલે ડબલ્યુએચઓની ભૂમિકામાં તપાસ કરવામાં આવે તે જરૂરી છે. ટ્રમ્પના આ નિર્ણયની દુનિયાના તમામ દેશો ટિકા કરી રહ્યા છે. ચીને કહ્યુ છે કે અમેરિકા પોતાની નિષ્ફળતાને છુપાવવા માટે આ પ્રયાસ કરી રહ્યા છે. આ પગલુ બિનજરૂરી અને અનૈતિક તરીકે છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેશે કહ્યુ છે કે કોરોના વાયરસની સામે દુનિયાના દેશો જંગ લડી રહ્યા છે. આ જંગમાં ડબલ્યુએચઓની ભૂમિકા ખુબ મોટી રહેલી છે. તેમણે કહ્યુ છે કે આવા સમયમાં આ વૈશ્વિક સંસ્થાના સંશાધનો પર બ્રેક મુકવાની બાબત બિલકુલ અયોગ્ય તરીકે છે. અમેરિકાના ઉદ્યોગપતિ બિલ ગેટ્સે આ નિર્ણય પર દુખ વ્યક્ત કરતા કહ્યુ છે કે એવા સમયમાં જ્યારે સમગ્ર દુનિયામાં આરોગ્ય સંકટની સ્થિતી રહેલી છે. ડબલ્યુએચઓના પૈસા રોકવા માટેની બાબત બિલકુલ યોગ્ય નથી. સંસ્થાના કામથી કોરોના વાયરસના ફેલાવામાં ઘટાડો થઈ રહ્યો છે. તેની સામે અડચણો ઉભી કરવાની સ્થિતીમાં તેની જગ્યા અન્ય કોઈ લઈ શકે તેમ નથી. કડવી વાસ્તવિકતા એ છે કે આજે જેટલી જરૂર ડબલ્યુએચઓની દુનિયાના દેશોને છે તેટલી પહેલા ક્યારેય ન હતી. કોરોનાના કારણે અમેરિકી અર્થતંત્ર અને જનજીવનને સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત કરી દીધુ છે. તેની નારાજગી ટ્રમ્પ હવે એક એવી સંસ્થા પર વ્યક્ત કરી રહ્યા છે જે સારી કામગીરી અદા કરે છે. આ સંગઠનની જરૂર સમગ્ર દુનિયાને છે. ખાસ કરીને વિકાસશીલ દેશોને તેની ખુબ જરૂર છે. ડબલ્યુએચઓના કારણે જ દુનિયાના કેટલાક દેશો તો કોરોનાના પડકાર અને તેની અસરને સમજી શક્યા છે. તેની સામે લડવામાં મદદ પણ કરે છે. કોરોના સામે લડવા માટે આ સંસ્થાએ અનેક ઉપયોગી માહિતી પુરી પાડી છે. જો કે અમેરિકી પ્રમુખ આને સમજવા માટે તૈયાર નથી. તેમણે કહ્યુ છે કે જો અમેરિકામાં કોરોનાના કેસો આજે એટલા વધારે છે તો તેનુ કારણ ટ્રમ્પ વહીવટીતંત્રની ભારે ઉદાસીનતા વધારે જવાબદાર છે. ટ્રમ્પ આ બાબતને કબુલ કરીને આગળ વધ્યા હોત તો ખુબ સારી બાબત રહી હો. બાકી મામલામાં જે રીતે અમેરિકાએ વિશ્વનુ નેતૃત્વ કર્યુ છે, આવી જ રીતે આ ક્ષેત્રમાં પણ અને ખાસ કરીને કોરોના સામે લડાઈનુ નેતૃત્વ પણ અમેરિકાએ તમામ દેશોનુ કરવુ જોઈએ. ચીનને આગળ આવવાની ટ્રમ્પે વધારે તક આપી દીધી છે.

વિશ્વ આરોગ્ય સંગઠનના ફંડને રોકી દેવા માટેની બાબત સમગ્ર વિશ્વ માટે કમનસીબ

કોરોનાનો ખતરો હજારો પરમાણુ હથિયારોની સાથે અન્યો પર છે...

નાગરિક પરમાણુ કેન્દ્રો પર ખતરો

કોરોના વાયરસના કારણે દુનિયાભરમાં ફેલાયેલા નાગરિકોના જીવન પર જ માઠી અસર થઈ નથી બલ્કે તેનો ખતરો હવે હજારો પરમાણુ હથિયારોની સાથે સાથે નાગરિક પરમાણુ કેન્દ્રો પર પણ તોળાઈ રહ્યો છે. કારણ કે જે હાથને જવાબદારી સોંપવામાં આવી છે તે હાથ નિષ્ક્રિય થતા દેખાઈ રહ્યા છે. બ્રિટનના સેંકડો પરમાણુ બોંબ અને મિસાઈલના બટન વડાપ્રધાન બોરિસ જોનસનના હાથમાં છે. પરંતુ તેઓ પોતે કોરોનાના સકંજામા આવી ચુક્યા છે. રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન સહેજમાં સકંજામાં આવતા રહી ગયા છે. તેમના પર કોરોનાના સકંજામાં આવ્યા હોવાની શંકા તો ઉભી થઈ ગઈ હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને લઈને કોઈ પણ વ્યક્તિ વિશ્વાસમાં રહી શકે તેમ નથી. વાસ્તવિકતા એ છે કે જે લોકોની પાસે પણ ન્યુક્લિયર બટન રહેલા છે તે તમામ ખતરાની વચ્ચે રહેલા છે. ભલે કોરોના ટેસ્ટ પુટિન અને ટ્રમ્પના નેગેટિવ રહ્યા છે પરંતુ જેમ જ બ્રિટીશ વડાપ્રધાન બોરિસ જોનસન હોસ્પિટલના આઈસીયુમાં દાખલ થયા હતા પરમાણુ હથિયારોના સંબંધમાં માહિતી ધરાવનાર લોકોમાં પ્રશ્ન થવા લાગી ગયા હતા કે બ્રિટનના પરમાણુ બોંબની ચાવી કોને સોંપી દેવામાં આવી છે. દુનિયાભરમાં સૈન્ય અને બિન સૈન્ય પરમાણુ કેન્દ્રના સંચાલનને લઈને ચિંતા સતાવવા લાગી ગઈ છે. પરમાણુ કેન્દ્રો અને હથિયારોની સુરક્ષાની વ્યવસ્થા કઈ રીતે કરવામાં આવે. જે પરમાણુ વૈજ્ઞાનિક અને એન્જિનિયર અથવા તો ટેકનોલોજી નિષ્ણાંતો પરમાણુ કેન્દ્રોની દેખરેખ રાખે છે તે પોતે કોરોના વાયરસના કારણે બિમાર થવા લાગી ગયા છે. બાકી પણ તેના કોપથી દુર રહે તે જરૂરી છે. તમામની ચિંતા પરમાણુ સંચાલન સાથે જોડાયેલા લોકોને થઈ રહી છે. વિચિત્ર સ્વભાવ ધરાવતા ટ્રમ્પ કોરોના વાયરસના કારણે થઈ રહેલા હજારો લોકોના મોતના કારણે પોતાને કાબુમાં રાખી શકતા નથી. હકીકતમાં પરમાણુ હથિયારોની કમાન્ડ જે સુરક્ષિત હાથમાં સોંપવામાં આવી હતી તે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે પરેશાન દેખાઈ રહ્યા છે. જે લોકોને પરમાણુ યુદ્ધ જહાજો અને અન્યોના સંચાલનની જવાબદારી સોંપવામાં આવી હતી તે કોરોનાના સકંજામાં આવી રહ્યા છે. બીજી બાજુ કોરોના વાયરસના કારણે ફેલાઈ રહેલા પ્રકોપ વચ્ચે પરમાણુ વીજળી ઘરના રિયેક્ટર સંચાલન પણ પોતાના સ્ટાફને આ બિમારીથી દુર રાખવાના પ્રયાસમાં વ્યસ્ત છે. પ્રયાસ એવા થઈ રહ્યા છે કે પરમાણુ કેન્દ્રોના સંવેદનશીલ હિસ્સામાં તૈનાત સ્ટાફને કોઈ અસર ન થાય. તેમને હવે ચિંતા સતાવી રહી છે કે પરમાણુ રિયેક્ટર ચલાવનાર નિષ્ણાંતોની નવી ભરતી અચાનક કઈ રીતે કરવામાં આવશે. અમેરિકી પરમાણુ વિજળી ઘરના સંચાલકો દ્વારા ઈમરજન્સી યોજના બનાવવાની શરૂઆત કરી દેવામાં આવી છે. તેમના રિયેક્ટરમાં કામ કરનાર અતિ ઉચ્ચ સ્તરના નિષ્ણાંત જો કોરોનાના સકંજામાં આવી જશે તો તેમના સ્થાન પર નવી લોકોની ભરતી કઈ રીતે થઈ શકશે. પરમાણુ વિજળી ઘરના ચિંતિત સંચાલકો હવે પોતાના નિષ્ણાંતોને ઘરે ન જવા માટે કહી રહ્યા છે. પરમાણુ કેન્દ્રો પર રહેવા માટેની સલાહ આપી રહ્યા છે. કેટલાક પરમાણુ ઘર પોતાના સ્થાન પર બિસ્તર, ભોજનની વ્યવસ્થા કરી રહ્યા છે. અમેરિકી ન્યુક્લિયર કમીશને કહ્યુ છે કે જો પગલા લેવામાં આવ્યા બાદ પણ જરૂરી સ્ટાફ કોરોનાના સકંજામાં આવશે તો રિયેક્ટરોને અસ્થાયી રીતે નિષ્ક્રિય કરી દેવામાં આવશે. બ્રિટને સેલાફિલ્ડ સ્થિત પોતાના પરમાણુ રિપ્રોસેસિંગ પ્લાન્ટને એવા હેવાલ આવ્યા બાદ બંધ કરી દીધો છે જેમાં કહેવામાં આવ્યુ છે કે તેના ૧૧૫૦૦ સ્ટાફવાળા કેન્દ્રના આઠ ટકા સ્ટાફને કોરોનાનો ખતરો રહેલો છે. આ તમામ કર્મચારીઓને આઈસોલેટ થઈ જવા માટે કહેવામાં આવ્યુ છે. આ કેન્દ્રે કહ્યુ છે કે તે પોતાના સ્ટાફનો પુર્ણ ઉપયોગ કરવાની યોજના બનાવી રહ્યા છે. ફ્રાન્સે પણ પોતાના પ્લેમવિલે ન્યુક્લિયર પ્લાન્ટને ૮૦૦ પૈકી કેટલાક કર્મચારીઓ સાથે ચલાવવાની યોજના એ વખતે બનાવી હતી જ્યારે કેટલાક કર્મચારીઓ કોરોનાથી ગ્રસ્ત દેખાયા છે. સમસ્યા એ છે કે પરમાણુ કેન્દ્રોના ઓપરેટરોને લાઈસન્સ લેવાની જરૂર હોય છે. જેથી જો જરૂર પડશે તો એક સાથે મોટી સંખ્યામાં લોકોને ભેગા કરવાની બાબત મુશ્કેલરૂપ બનશે. હાલમાં કોરોનાના કારણે પરમાણુ કેન્દ્રોની સામે નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. ખાસ કરીને સંવેદનશીલ કેન્દ્રો પર કર્મચારીઓને લઈને વિકટ સમસ્યા છે. આ સમસ્યા તમામ દેશોમાં રહી શકે છે.



જે હાથોને જવાબદારી સોંપવામાં આવી છે તે નિષ્ક્રિય થતા દેખાઈ રહ્યા છે : બ્રિટનના વડાપ્રધાન પાસે સેંકડો બોમ્બના બટન રહેલા છે

પરમાણુ બોંબ, મિસાઈલ અડ્ડા પર કોરોના...

સૈન્ય અડ્ડા પર કોરોના તાંડવ

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં અમેરિકામાં જે રીતે કોરોનાના કારણે લોકોના મોત થઈ રહ્યા છે અને નવા નવા કેસો સપાટી પર આવી રહ્યા છે તે જોઈને હચમચી ઉઠ્યા છે. હજારો લોકોના મોતની સામે ટ્રમ્પ હાલમાં પોતાને કાબુમાં રાખી શકતા નથી. એવી ચિંતાજનક બાબત પણ સપાટી પર આવી ચુકી છે કે અમેરિકાના ૧૫૦થી વધારે સૈન્ય અડ્ડાઓ પર જેમાંથી મોટા ભાગના અડ્ડા પર પરમાણુ બોંબ અને મિસાઈલો તૈનાત રહે છે ત્યાં હવે કોરોનાના તાંડવની શરૂઆત થઈ ચુકી છે. પરમાણુ કેન્દ્રોના સંચાલન કરનાર લોકોની ગતિવિધી ઘટવા લાગી ગઈ છે. તેમના પર પોતાના પરિવારની સુરક્ષાને લઈને દબાણ વધી રહ્યુ છે. તેમના પર માનસિક દબાણ આવી રહ્યુ છે. સમસ્યા એ દેખાઈ રહી છે કે પરમાણુ હથિયારોના કમાન્ડના સુરક્ષિત પ્રબંધની જવાબદારી જે હાથોમાં સોંપવામાં આવી હતી તે પ્રત્યક્ષ અથવા તો પરોક્ષ રીતે પરેશાન દેખાઈ રહ્યા છે. જે હાથોને પરમાણુ જહાજોના સંચાલનની જવાબદારી સોંપવામાં આવી હતી તે પ્રભાવિત થઈ રહી છે. તેના કર્મચારીઓને કોરોનાની અસર દેખાઈ રહી છે. એક લાખ ટન ભાર ક્ષમતાવાળા અમેરિકી વિમાનવાહક જહાજ રૂઝવેલ્ટ અને એટલી જ ક્ષમતાના ફ્રાન્સીસી પરમાણુ વિમાનવાહક ચાર્લ્સ ધ ગાલ પર રહેલા પાંચ હજાર નૌ સેનિકો પૈકી કેટલાકને જ્યારે કોરોનાની અસર થઈ ત્યારે હાહાકાર મચી ગયો હતો. આના કારણે ફ્રાન્સ અને અમેરિકામાં નૌસોનિકોમાં ખળભળાટ મચી ગયો હતો. સ્વાવાભાવિક છે કે હાલમાં કોરોનાના કારણે સૈનિકો અને રાજકીય નેતૃત્વમાં જોરદાર અફડાતફડી જોવા મળી રહી છે.

લોકડાઉન વચ્ચે ભૂકંપ આવે તો શુ કરીશુ ?

દિલ્હીમાં હાલમાં વ્યાપક ભય

લોકડાઉનની સ્થિતી વચ્ચે જો ભૂકંપ આવી જશે તો શુ કરીશુ ? આ સવાલ આ સપ્તાહની શરૂઆતથી દિલ્હીમાં લોકોની વચ્ચે ઉઠી રહ્યો છે. કારણ છે કે ૧૨ અને ૧૩ માર્ચના દિવસે ૨૪ કલાકના ગાળામાં જ દિલ્હીમાં બે વખત ભૂકંપનો આંચકો આવ્યો હતો. બંને વખત ભૂકંપનુ કેન્દ્ર પૂર્વીય દિલ્હી રહ્યુ હતુ. લોકો દહેશતમાં મુકાઈ ગયા હતા અને કેટલાક વિસ્તારોમાં તો લોકો ઘરની બહાર આવ્યા હતા. જો કે સિસ્મોલોજિસ્ટનુ કહેવુ છે કે આ કોઈ મોટા ભૂકંપના ઈશારા તરીકે બિલકુલ નતી. તેમને વિશ્વાસ આપવામાં આવ્યો હતો કે દિલ્હી કોઈ ભૂકંપના કેન્દ્ર તરીકે રહેનાર નથી. લોકોને કહેવામાં આવ્યુ છે કે લોકોને ભયભીત થવાની પણ કોઈ જરૂર નથી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજિસ્ટ હેડ જે. એલ ગૌતમે કહ્યુ છે કે બંને ધરતીકંપ ફોલ્ટ લાઈન પર પ્રેશરના કારણે આવ્યા હતા તેમ લાગતુ નથી. તેમણે કહ્યુ હતુ કે આ લોકલ અને ઓછી તીવ્રતાવાળા ભૂકંપ માટે ફોલ્ટ લાઈનની જરૂર હોતી નથી. સપાટીની નીચે નાના મોટા એડજેસ્ટમેન્ટ થતા રહે છે. જેના કારણે કેટલીક વખત આંચકાનો અનુભવ થાય છે. મોટા ભુકંપ તો ફોલ્ટ લાઈનની નજીક આવે છે. ગૌતમે કહ્યુ છે કે દિલ્હી નહીં બલ્કે હિમાલિયન બેલ્ટને વધારે ખતરો રહેલો છે. તેમણે કહ્યુ હતુ કે હિન્દુકુશથી અરૂણાચલ પ્રદેશ તરફ જતી રેંજમાં જ મોટા ભૂકંપ આવે છે. દિલ્હીથી આ પહાડો ૨૫૦ કિલોમીટરના અંતર સુધી સ્થિતી છે. જેથી દિલ્હી એપી સેન્ટર બની શકે તેમ નથી. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા ભારતને ચાર સિસ્મિક ઝોનમાં વિભાજિત કરી દીધા છે. ઝોન બે ઓછી તીવ્રતાને અને ઝોન પાંચ વધારે તીવ્રતાવાળા વિસ્તારને દર્શાવે છે. દિલ્હી ઝોન ચારમાં આવે છે. એટલે કે ગંભીર ઝોનમાં આવે છે. અહીંથી ત્રણ ફોલ્ટ લાઈન નિકળે છે. જેમાં સોહના, મથુરા અને દિલ્હી-મુરાદાબાદનો સમાવેશ થાય છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના એક અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે યમુનાના મેદાની ભાગોમાં ખતરો વધારે રહેલો છે. ઈસ્ટ દિલ્હી, લુટિયન્સ દિલ્હી, સરિતા વિહાર, પશ્ચિમ વિહાર, કોરલબાગ, જનકપુરીમાં વધારે સંખ્યામાં લોકો રહે છે. કેટલાક અભ્યાસ બાદ નવા તારણ જારી કરવામાં આવ્યા છે. હાલમાં કેટલીક વખત આંચકા દિલ્હી, એનસીઆરમાં આવ્યા છે.

ચારેબાજુ બેચેનીના માહોલમાં ગ્રામીણ ક્ષેત્રોમાં ભય વધારે છે

સમગ્ર દેશ હાલમાં ખેડુતોની સાથે છે

ઓદ્યોગિક એકમો અને અન્ય તમામ સંસ્થાઓ પોતાના હિસ્સાને મેળવી લેવા માટે રાહ જોઈ શકે છે પરંતુ ખેતી રાહ જોઈ શકે તેમ નથી. કોરોના વાયરસના કહેર અને આર્થિક ખરાબ હાલતાના કારણે તમામ લોકો અને દેશો હાલમાં બેચેન દેખાઈ રહ્યા છે. જો કે સૌથી વધારે ૬૨ ગ્રામીણ ક્ષેત્રોમાં છે. દેશના ખેડુતો અને ખેતિહાર મજદુરોની નજર સરકાર પર છે. તેઓ એવી આશામાં બેઠા છે ક સરકાર ગ્રામીણ ક્ષેત્રને કોરોનાથી બચાવશે અને સાથે સાથે તેની કારણે ગ્રામીણ અર્થવ્યવસ્થાને જે નુકસાન થયુ છે તેનાથી પણ બચાવી લેશે.દેશની આર્થિક સ્થિતીની સમીક્ષા કરવામાં આવે તો કહી શકાય છે કે કોરોના વાયરસ આવ્યો તે પહેલા પણ ખરાબ હતી. છેલ્લા ૧૧ વર્ષના ગાળામાં સ્થાનિક ઉત્પાદન વૃદ્ધિ દર સૌથી ઓછો રહ્યો છે. ખેતીમાં વિકાસ દર છેલ્લા ચાર વર્ષમાં સૌથી ઓછો રહ્યો છે. દેશમાં જ્યારથી લોકડાઉન થયુ છે ત્યારથી જ ખેડુતોને રવિ પાકની કાપણી અને વેચાણને લઈને ચિંતા સતાવી રહી છે. શેરડીના પાકના વેચાણ અને ચુકવણી તેમજ બટાકાના પાકના ઉપાડને લઈને પણ ચિંતા છે. તમામ જાણકાર નિષ્ણાંતો સારી રીતે જાણે છે શેરડી પાક સમય પર કપાશે નહીં તો અનાજ, જુવાર, મકાઈ, શેરડી, સોયાબિન બાજરી, મગફળી સહિતના પાક માટે વાવણી સમયસર શરૂ કરી શકાશે નહીં. દુધ ઉત્પાદન કરનાર કરનાર ખેડુતો પણ ખુબ સારી રીતે પરેશાન છે. જે શાકભાજી અને ફળફળાદી ખરાબ તઈ જાય છે તેમને ઉગાડી દેનાર ખેડુતો બરબાદ થઈ જાય છે. ખેડુતોને કોઈ નુકસાન ન થાય તે દિશામાં ધ્યાન આપવાની જરૂર છે. રવિ પાક પાકી ગઈ છે. લોકડાઉનના કારણે ખેડુતો પોતાના પાકને કાપવા અને વેચવા માટે અસમર્થ છે. જો કે હવે ૨૦મી એપ્રિલના દિવસથી ખેડુતોની લગતી તમામ ગતિવિધીઓને મંજુરી આપી દેવામા આવી છે. સરકારે આ બાબતની નોંધ લઈને ખેડુતોના સાધનોની રિપેરિંગની મંજુરી આપી દીધી છે. લોકડાઉનને દુર કરવામાં આવ્યા બાદ પણ કોરોનાનો ખતરો તો રહેશે જ. જેથી લોકોને સામાજિક અંતર જાળવી રાખીને આગળ વધવાની જરૂર છે. ખેડુતો માટે ચોક્કસ સમય નક્કી કરવાની જરૂર છે. ખરીદી કેન્દ્રો અને વેચાણ કેન્દ્રો પર જવા માટે કેટલીક શરતો રહે તે જરૂરી છે. ડીઝલની કિંમતમાં ઘટાડો કરીને ખેડુતોને રાહત આપી શકાય છે.ક્રુડ ઓઈલની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં નીચે આવી ગયા છે જેથી ખેડુતોને ડીઝલની કિંમતમાં રાહત આપી શકાય છે. તે પોતાના માટે કોઈ પણ પેટ્રોલ અને ડીઝલ પંપથી તેલ લઈ શકે તેવી વ્યવસ્થાની ખાતરી કરવામાં આવે તે જરૂરી છે. ખેતિહારી મજદુરોની સમસ્યાને પણ દુર કરવાની તાકીદની જરૂર છે. સરકાર હાલમાં કટોકટીના સમયમાં જો ગ્રામીણ ક્ષેત્ર માટે સારી યોજના બનાવશે નહીં તો દેશમાં ખરીફ પાકના ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે છે. બીજી બાજુ સરકારે કૃષિ ક્ષેત્રને કેટલીક રાહતો ચોક્કસપણે આપી છે. જો કે આ તમામ યોજનાનો લાભ દરેક ખેડુતને મળે છે કે કેમ તે બાબત પણ તમામ માટે ઉપયોગી રહેલી છે.સરકારે ખેડુત સાથે સંબંધિત તમામ પ્રવૃતિને લીલીઝંડી આપીને ગ્રામીણ વિસ્તારની આર્થિક ગતિવિધીને વધારી દીધી છે. હાલમાં વિશ્વના ૨૧૦ દેશોમાં નવા કેસોની સાથે જ કેસોની સંખ્યા વધીને ૨૦૮૩૬૦૭૫૨ પહોંચી ગઈ છે. જ્યારે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૧૩૪૬૩૨ સુધી પહોંચી ગઈ છે. હજુ દુનિયાના જુદા જુદા દેશોમાં એક્ટિવ રહેલા કેસોની સંખ્યા ૧૪૩૮૩૦૯ નોંધાઈ છે. જ્યારે જીવન મરણની વચ્ચે રહેલા દર્દીઓની સંખ્યા ૫૧૧૪૪ રહી છે. હજુ ગંભીર રીતે અસરગ્રસ્ત રહેલા દર્દીઓની સંખ્યા હજારોમાં રહેલી છે. આવી સ્થિતીમાં દુનિયાના દેશમાં રિક્વરીમાં સમય લાગી શકે છે. કોરોના કહેર ક્યારે રોકાશે તે અંગે હાલમાં વાત કરવી ખુબ મુશ્કેલ છે. કારણ કે હાલમાં તો કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. નવા નવા કેસો ખુલી રહ્યા છે. નવા વિસ્તારો પણ સકંજામાં આવી રહ્યા છે. અમેરિકા, ઈટાલી, સ્પેન સહિતના દેશોમાં સ્થિતી વણસી ગઈ છે. જેથી તેની સાથે રહેવામાં આવે તે સમયની માંગ છે. ભારતમાં કોરોનાની વધતી સંખ્યા વચ્ચે હવે આર્થિક ગતિવિધીઓને ધીમી ગતિથી ચાલુ કરવાની જરૂર છે.



ગ્રામીણ ક્ષેત્રને કોરોના વાયરસથી બચાવીને ગ્રામીણ અર્થવ્યવસ્થામાં નવા પ્રાણ ફુંકવા માટેની બાબત સરકાર માટે ખુબ પડકારરૂપ છે



ક્રિકેટમાં તો ચેમ્પિયન બન્યા છીએ પરંતુ ફુટબોલમાં ખુબ પાછળ...

ક્રિકેટ બાદ ફુટબોલ પર ધ્યાન જરૂરી

ફીફા વર્લ્ડ કપના યજમાન બનવા શાનદાર રેન્કિંગ પણ જરૂરી છે : છેલ્લા કેટલાક સમયથી ફુટબોલમાં ભારતનો દેખાવ સતત શાનદાર રહ્યો

દુનિયાભરમાં ફુટબોલ ઝનુન અને ક્રેઝ હમેંશા દુનિયાના ચાહકોના દિલોદિમાગ પર રહે છે. એમા પણ જ્યારે ફિકા વર્લ્ડ કપ અથવા તો યુરોપિયન ચેમ્પિયનશીપનુ આયોજન કરવામા આવે છે ત્યારે તો દુનિયાભરના ચાહકો ફુટબોલના રંગમાં ડુબી જાય છે. ફુટબોલ આજે દુનિયામાં સૌથી લોકપ્રિય રમત પૈકી એક છે. આમાં પૈસા પણ અન્ય રમત કરતા અનેક ગણા વધારે છે. ભારતમાં ક્રિકેટને વધારે પ્રાથમિકતા આપવામાં આવે છે. ક્રિકેટ સિવાય ટેનિસ, ટેબલ ટેનિસ અને બેડમિન્ટનમાં ભારતે દુનિયામાં ડંકો વગાડ્યો છે પરંતુ ફુટબોલમાં આ સફળતા મળી રહી નથી. જેથી હવે ફુટબોલને પણ સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને ક્રિકેટની જેમ તેને મહત્વ આપવામાં આવે તે જરૂરી છે. વધુને વધુ ફુટબોલ સ્પર્ધા યોજીને આમાં સફળતા હાંસલ કરી શકાય છે. કુશળ ખેલાડીઓને સપાટી પર લાવવા માટે વધુને વધુ જુદા જુદા સ્તર પર ફુટબોલ રમાડવામાં આવે તે જરૂરી છે. ભારતમાં પણ ફુટબોલને લઈને ચોક્કસપણે દિવાનગી છે. તેમ છતાં પ્રચાર અને પ્રસારના અભાવના કારણે ફુટબોલની રમત ભારતમાં ક્રિકેટ કરતા પાછળ રહી છે. હાલના સમયમાં ભારતીય ફુટબોલ ટીમના શાનદાર દેખાવ અને સુનિલ છેત્રી જેવા ધરખમ ખેલાડીની એન્ટ્રીના કારણે ભારતીય ફુટબોલ ચાહકો અને નિષ્ણાંતોમાં નવી આશા જાગી છે. ફુટબોલમાં ભારતીય ભવિષ્ય આશાસ્પદ નજરે પડે છે. ક્રિકેટમાં વિશ્વ વિજેતા તરીકે છાપ ધરાવનાર ભારત હવે ફુટબોલમાં પણ ચેમ્પિયન બને અને આ દિશામાં આગળ વધે તેમ તમામ ચાહકો ઈચ્છે છે. ક્રિકેટમાં વિશ્વમાં આજે ભારતની સામે ટક્કર લેવામાં તમામ ટીમ મુશ્કેલ અનુભવે છે. ક્રિકેટમાં બેતાજ બાદશાહ બની ગયા બાદ હવે ફીફા વર્લ્ડ કપ ફુટબોલ પર લક્ષ્ય કેન્દ્રિત કરવામાં આવે તે જરૂરી છે. વર્ષ ૨૦૧૭માં જુનિયર વર્લ્ડ કપ ફુટબોલનુ સફળ આયોજન ભારતમાં કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદથી માહોલ જોરદાર બની રહ્યો છે. હાલના તમામ મુકાબલામાં ભારતીય ટીમનો દેખાવ પણ જોરદાર રહ્યો છે. ફુટબોલ દુનિયાના નંબર વન ખેલ તરીકે છે તેમાં કોઈ બે મત નથી. સૌથી વધારે ફુટબોલ પણ રમવામાં આવે છે. ફુટબોલની રમત રમવી અને યજમાન પદ મેળવી લેવાની બાબત પણ ગર્વ સમાન છે. ફીફા વર્લ્ડ કપનુ આયોજન કરવા માટે હમેંશા જુદા જુદા દેશોમાં ખુબ વર્ષો પહેલા જ સ્પર્ધા શરૂ થઈ જાય છે. વર્ષ ૨૦૨૬ સુધી વર્લ્ડ કપ ક્યાં રમાશે તે બાબત નક્કી થઈ ચુકી છે. તેની પસંદગી પ્રક્રિયા પણ ખુબ મુશ્કેલ હોય છે. વિશ્વ કપ ફુટબોલને એશિયન ખેલ કરતા મોટા આયોજન તરીકે ગણી શકાય છે. કોઈ દેશ ભલે ફુટબોલમાં લોકપ્રિય નથી પરંતુ જો તે તેમાં ભાગ લઈ લે છે તો રાતોરાત લોકપ્રિય થઈ જાય છે. જે દેશ આનુ આયોજન કરે છે તેને પણ ખુબ મોટો ફાયદો થઈ જાય છે. વર્ષ ૨૦૧૭માં ભારતે જુનિયર વર્લ્ડ કપનુ સફળ રીતે આયોજન કર્યુ હતુ. કોરિયા અને જાપાન દ્વારા જ્યારે વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કર્યુ હતુ ત્યારે બંન્નેની ટીમો પણ સારી હતી. જેથી જાણકાર નિષ્ણાંતો નક્કર પણે એક વાત તો માને છે કે યજમાન દેશ બનતા પહેલા રાષ્ટ્રીય ટીમની રેન્કિંગ પણ ખુબ મહત્વ રાખે છે. ઈટાલી જેવી વિશ્વ કપ ચેમ્પિયન બનેલી ટીમ પણ છેલ્લા વિશ્વ કપમાં ક્વાલિફાઈંગ થઈ શકી ન હતી. નેધરલેન્ડ અને ચીલી જેવી ટીમો પણ પહોંચી શકી ન હતી. વેલ્સ જેવી ટીમ પણ છેલ્લા વર્લ્ડ કપમાં ક્વાલિફાઈંગ થઈ શકી ન હતી. તમામ લોકો સારી રીતે જાણે છે કે એમ તો ભારત પણ વિશ્વ કપમાં ક્વાલિફાઈંગ મેચો રમે છે પરંતુ તે ટોપ ૩૨ ટીમમાં ક્યારેય સામેલ થઈ શક્યુ નથી. હાલના સમયમાં ટીમ ઈન્ડિયાનો દેખાવ સતત સારો રહ્યો છે જેથી આશા હવે જાગી રહી છે. ૨૫ વર્ષના લાંબા ગાળા બાદ ભારતીય ટીમની રેન્કિંગ ફરી એકવાર ૧૦૦થી નીચે પહોંચી છે. હાલમાં ભારતીય ટીમ રેન્કિંગ મામલે ૯૭માં ક્રમાંકે છે. નવી આશા પણ દેખાઈ રહી છે. ભારતીય ફુટબોલ યોગ્ય ટ્રેક પર છે. ભારતીય ટીમ ૬૮ વર્ષ પહેલા ફીફા વર્લ્ડ કપ માટે ક્વાલિફાઈંગ કરી ગઈ હતી. ટીમને ૧૯૫૬માં ઓલિમ્પિકમાં ચોથુ સ્થાન મળ્યુ હતુ.

એશિયન રમતમાં ભારતે બે વખત સુવર્ણ જીતવામાં સફળતા હાંસલ કરી છે. એએફસી એશિયન કપમાં દેશને બીજા સ્થાન પર રહેવામાં બે વખત સફળતા મળી છે. જો કે આ તમામ બાબતો ૫૦થી ૬૦ના દશકની વચ્ચેની છે. જે હવે ઈતિહાસની વાત બની ચુકી છે. આજે જ્યારે પણ ફુટબોલ વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવે છે ત્યારે હમેંશા એવો પ્રશ્ન થાય છે કે આમાં ભારત કેમ નથી. આખરે કેમ જર્મની, બ્રાઝિલ, સ્પેન અને ફ્રાન્સની મેચો નિહાળ્યા બાદ ભારતીય મેચો ચાહકોને પસંદ પડતી નથી.

ચાહકો ૩૨૦ કરોડ, પ્રાઈઝ મની ૨૩૮ કરોડ

ફુટબોલ : ચાહક સૌથી વધુ

દુનિયામાં ફુટબોલ સૌથી વધારે લોકપ્રિયતા ધરાવે છે. તેના ચાહકોની સંખ્યાથી આ બાબત સ્પષ્ટ થઈ જાય છે. ૧૩ શ્રેણીમાં રેન્કિંગના આધાર પર ફુટબોલ દુનિયાના સૌથી લોકપ્રિય ખેલ તરીકે છે. રેન્કિંગ માટે ખૈલ વૈશ્વિક સ્તર પર ચાહકોની સંખ્યા, ટીવી વ્યુહરશીપ , ખેલાડીઓને મળનાર પૈસા, માર્કેટિંગ પર થનાર ખર્ચને ધ્યાનમાં લઈને રેન્કિંગ નક્કી કરવામાં આવે છે. તમામ ખેલોમાં ફુટબોલ નંબર વન કેમ છે તેની વાત કરવામાં આવે તો ફુટબોલના ચાહકોની સંખ્યા ૩૨૦ કરોડ જેટલી છે. જ્યારે પ્રાઈઝ મની ૨૩૮ કરોડ રૂપિયા જેટલી છે. બાસ્કેટબોલમાં ચાહકોની સંખ્યા ૧૦૦ કરોડ છે. જ્યારે પ્રાઈઝ મનીનો આંકડો ૧૦૦ કરોડનો છે. ક્રિકેટમાં ચાહકોની સંખ્યા ૨૦૦ કરોડ છે અને પ્રાઈઝ મની ૨૭ કરોડ છે. ટેનિસમાં ચાહકોની સંખ્યા ૧૦૦ કરોડ અને પ્રાઈઝમનીનો આંકડો ૨૫ કરોડ રૂપિયા છે.



કોરોનાના કારણે પર્સનલ-પ્રોફેશનલ લાઈફ સામે અનેક નવા પડકારો

ખેલાડીઓની પર્સનલ લાઈફ બગડી

પર્સનલ લાઈફની વાત કરવામાં આવે તો કેટલાકે ઓલિમ્પિક બાદ લગ્નની યોજના બનાવી હતી : કેટલાકના લગ્ન ટળી ગયા

કોરોના વાયરસના કારણે દુનિયાના દેશોમાં હાહાકારની સ્થિતી રહેલી છે. આજે જો તમામ બાબતો યોગ્ય અને સામાન્ય રહી હોત તો દુનિયાની સૌથી મોટી ક્રિકેટ લીગ આઈપીએલની મેચોનો દોર જારી રહ્યો હતો. સાથે સાથે આઈપીએલની ધુમ વચ્ચે લોકો ચોગ્ગા અને છગ્ગાની રમઝટની મજા માણી રહ્યા હોત. આની સાથે દેશોમાં કેટલાક ખેલોમાં નેશનલ્સ ચાલી રહ્યા હોત. જયાં ખેલાડીઓ પોતાની ટીમને દેશની ટીમોમાં સ્થાન અપાવવા માટે પ્રયાસો કરતા નજરે પડ્યા હોત. જો કે દુનિયાભરમાં ફેલાયેલા ખતરનાક કોરોના વાયરસના કારણે તમામ ખેલાડીઓને ઘરમાં કેદ કરી લીધા છે. ખેલાડીઓની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ પર ખુબ માઠી અસર આના કારણે થઈ છે. કોરોના વાયરસના ફેલાવાને રોકવા માટે દેશ અને દુનિયાના દેશો યુદ્ધના સ્તરે પ્રયાસ કરી રહ્યા છે. જેના ભાગરૂપે મોટા ભાગે તમામ દેશોમાં લોકડાઉનની સ્થિતી રહેલી છે. આના કારણે ખેલાડીઓની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ ખોરવાઈ ગઈ છે. લાઈફ સામે કેટલાક નવા પડકારો આવી ગયા છે. પર્સનલ લાઈફની વાત કરવામાં આવે તો કેટલાક ખેલાડી એવા છે જે ઓલિમ્પિક બાદ લગ્ન કરવા માટે યોજના બનાવી ચુક્યા હતા. જેમાં પહેલવાન બજરંગ પુનિયા અને આર્ચર દીપિકા કુમારી સામેલ છે. બજરંગની સાથી પહેલવાન સંગીતા ફોગાટથી અને દિપિકાના લગ્ન આર્ચર ખેલાડી લઅતનુ દાસ સાથે થનાર છે. તેમના સગાઈ થઈ ચુકી છે. તેમની યોજના એ જ હતી કે ઓલિમ્પિક બાદ લગ્ન કરી લેવામાં આવે. જો કે ઓલિમ્પિક હવે ટળી ગયા છે. આવી સ્થિતીમાં હવે આ તમામ ખેલાડીઓ સામે દુવિધા એ છે કે લગ્ન પણ એક વર્ષ માટે ટાળી દેવામાં આવે કે પછી પૂર્વ નિર્ધારિત યોજના મુજબ લગ્નને રોકવામાં ન આવે. ઓલિમ્પિકમાં રમવા અને ચન્દ્રક જીતવા માટેની બાબત તમામ માટે સપના સમાન હોય છે. આવી સ્થિતીમાં તેમના માટે આ દુવિધામાંથી બહાર આવવાની બાબત સરળ રહેશે નહી. સંકટ માત્ર ભારતીય ખેલાડીઓની સામે જ નથી બલ્કે ઓસ્ટ્રેલિયાના આઠ ખેલાડીઓના લગ્નની સમસ્યા પણ છે. તેમને લગ્ન ટાળવા પડી શકે છે. જેમાં એડમ જમ્પા, ડાર્સી શોટ, જેક્સન બર્ડ અને એન્ડ્રુ ટાઈનો સમાવેશ થાય છે. ઓસ્ટ્રેલિયામાં એપ્રિલ માસને ખુબ આદર્શ ગણવામાં આવે છે. એપ્રિલ માસમાં અહીં ખુબ લગ્ન થાય છે. કારણ કે દેશમાં આ સમય ક્રિકેટની રમત ઓછી હોય છે. કોરોનાના કારણે ઓસ્ટ્રેલિયામાં પણ લોકડાઉન છે. જેથી ખેલાડીઓને રાહ જોવી પડી શકે છે. જ્યાં સુધી પ્રોફેશનલ પરેશાનીની વાત છે તો એકલા આઈપીએલના કારણે ખેલાડીઓનં જંગી કમાણી થાય છે. જો કે આ વર્ષે હવે તેનુ આયોજન થાય તેવી શક્યતા ઓછી છે. ટી-વર્લ્ડ કપ પર પણ ખતરો તોળાઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડે તો ખેલાડીઓના વેતનમાં કાપના સંકેત આપી દીધા છે. જેથી ખેલાડીઓને ભારે નુકસાન થઈ શકે છે. દેશના યુવા ખેલાડીઓની વાત કરવામાં આવે તો તેમની યોજના ભારે મહેનત કરીને રાષ્ટ્રીય સ્તર પર તમામનુ ધ્યાન ખેંચવા, સતત સારો દેખાવ કરવા અને તેના આધાર પર નોકરી મેળવી લેવા પર કેન્દ્રિત રહે છે. મોટા ભાગના ખેલોમાં નેશનલ સામાન્ય રીતે એપ્રિલ મેમાં યોજાય છે. નેશનલમાં સારા દેખાવના કારણે નોકરીની તક માટે એક વર્ષને માન્ય ગણવામાં આવે છે. આવી સ્થિતીમાં કેટલાક ખેલાડી છે જેમના માટે સમસ્યા બની શકે છે. હેવાલ આવ્યા છે કે રેલવેમાં માર્ચમાં સ્પોર્ટસ ક્વોટાથી નિમણૂંકની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જો કે કોરોનાના કારણે આ તમામ પ્રક્રિયાને રોકી દેવામાં આવી છે. આ ગતિવિધી રોકાઈ જવાના કારણે અનેક ટેકનિકલ અડચણો ઉભી થઈ ગઈ છે. સંબંધિત ખેલાડીઓના ભાવિ પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. ખેલના મેદાનો પણ કોરોનાથી બચી શક્યા નથી. દેશમાં જેટલા પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેદાન છે તેમાં વિદેશી કુકુબુરા ઘાસ લાગેલી છે. આ એવી ઘાસ છે જેમાં સામાન્ય દિવસોમા પણ રોજ પાણી આપવાની જરૂર હોય છે. એપ્રિલ અને મે મહિનામાં તો કેટલીક વખત વારંવાર પાણી નાંખવાની ફરજ પડે છે. આજે સ્થિતી એ છે કે લોકડાઉનના કારણે કેટલાક મેદાનમાં તો ઘાસ સુકાઈ ગઈ છે. લોકડાઉનના કારણે કર્મચારીઓ સ્ટેડિયમ પહોંચી શકતા નથી. કોચ અને ફિટનેસ ટ્રેનરો માની રહ્યા છે કે ખેલાડીઓને ઘરમાં બંધ હોવાથી ફરી મેદાનમાં પરત ફરવા માટે અલગ સમયની જરૂર છે.

આયશા ટાકિયાના પતિએ મુંબઈની હોટલ બીએમસીને ક્વોરન્ટીન કરવા માટે આપી

મુંબઈ

કોરોના વાયરસની મહામારી સામે આખી દુનિયા ઝઝૂમી રહી છે. આ વાયરસથી બચવા માટે લોકો વિવિધ ઉપાયો અજમાવી રહ્યા છે સાથે જ જરૂરિયાતમંદોની મદદ માટે પણ આગળ આવી રહ્યા છે. અક્ષય કુમાર, સંજય દત્ત, હ્રતિક રોશન, શાહરૂખ ખાન, સલમાન ખાન વગેરે સેલેબ્સ સતત જરૂરિયાતમંદોની મદદ કરી રહ્યા છે. હવે આ નેક કામ માટે એક્ટ્રેસ આયશા ટાકિયા અને તેનો પતિ ફરહાન આઝમી આગળ આવ્યા છે.

મહારાષ્ટ્ર અને મુંબઈમાં કોરોના કેસ સતત વધી રહ્યા છે. એવામાં ચેપગ્રસ્ત લોકોને ક્વૉરન્ટીન કરવા માટે જગ્યાની તંગી ઉદ્ભવી રહી છે. એવામાં આયશા ટાકિયા અને તેના પતિએ મદદ કરી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે, આયશા અને તેના પતિએ બૃહ્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને પોતાની સાઉથ મુંબઈની ગલ્ફ હોટલ લોકોને ક્વૉરન્ટીન કરવા માટે આપી છે.

આયશાના પતિ ફરહાન આઝમીએ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર આ વિશેની જાણકારી આપી છે. ફરહાને લખ્યું, "મને જણાવતાં આનંદ થાય છે કે, કોલાબા પોલીસ સ્ટેશનના પીઆઈની વિનંતી પર હું મારી કોલાબામાં આવેલી ગલ્ફ હોટલ બીએમસી અને મુંબઈ પોલીસને ક્વૉરન્ટીન સેન્ટર બનાવવા માટે સોંપું છું. સાઉથ મુંબઈમાં ફરજ નિભાવતા પોલીસકર્મીઓને ક્વૉરન્ટીન કરવા આ હોટલનો ઉપયોગ થશે.

ફરહાન અખ્તરે 'ઝિંદગી ના મિલેંગી દોબારા'ની કવિતા 'ઝિંદા હો તુમ'નું કોરોના વર્ઝન બનાવ્યું



ફરહાનની કવિતા:

ચેહરો પર અપને માસ્ક પહન રહે હો તો ઝિંદા હો તુમ
હાઉસપાર્ટી પે યારો સે બાત કર રહે તો ઝિંદા હો તુમ
ચીખોં કે ઝોકોં સે દૂર રહના શીખો
ભીડોં મેં શામિલ હોને કો ના કહના શીખો
હર ઈન્સાન સે મિલો તુમ બંધ કિયે અપની બાહેં
હર પલ એક્ઝિટ સાઈન કો તરસતી દિખેંગી નિગાહેં
જો પોકેટ મેં સેનિટાઈઝર રખ રહે તો ઝિંદા હો તુમ
ચેહરો પર અપને માસ્ક પહને રહે હો ત ઝિંદા હો તુમ

મુંબઈ

ફરહાન અખ્તરનો કવિતા સંભળાવતો એક વીડિયો વાયરલ થયો છે. વીડિયોમાં ફરહાન ચાહકોને કોરોના સામે લડવા માટે પ્રેરણા આપે છે. કોરોનાવાઈરસને કારણે દેશભરમાં લૉકડાઉનમાં છે. બોલિવૂડ સ્ટાર્સ પોતાના ઘરમાં છે. ફરહાને ઘરમાં રહેલા લોકોનો ઉત્સાહ વધારવા માટે પોતાની ફિલ્મ 'ઝિંદગી ના મિલેંગી દોબારા'ની જાણીતી કવિતાને થોડા ફેરફાર સાથે બનાવી છે.

ફરહાન અખ્તરે ફિલ્મની મૂળ કવિતામાં હાલની પરિસ્થિતિ સાથે ફેરફાર કર્યો છે. ફરહાન યુવકોને માસ્ક પહેરવાની તથા ભીડમાં ના જવાની સલાહ આપે છે. પોકેટમાં સેનિટાઈઝર રાખવાની તથા જીવનના મહત્ત્વની પ્રેરણા આપે છે.

મજાકમાં મજાકમાં પાકિસ્તાનના બે ક્રિકેટર દાનિશ કનેરિયા, ઈકબાલ વચ્ચે તુ તુ મૈં મૈં

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના બે પૂર્વ ક્રિકેટરો ટ્વિટર પર હલ્કી ફૂલ્કી મજાક કરતા કરતા અચાનક કડવી વાતો પર ઉતરી આવતા વાત એટલી હદે વણસી કે ધર્મ અને મેચ ફિક્સિંગ અને દેશભક્તિ વચ્ચે આવી. દાનિશ કનેરિયા અને ઈકબાલ વચ્ચે આ ટક્કર સામે આવી છે. બંને ખેલાડીઓ એક બીજા પર કીચ્ચડ ઉછાળી રહ્યા છે.

વાત જાણે એમ છે કે એક વીડિયોથી આખી વાતની શરૂઆત થઈ છે. પાકિસ્તાનના એ સમયના લોકપ્રિય સ્પિનરના બોલ પર વેસ્ટઈન્ડિઝના દિગ્ગજ બેટ્સમેન બ્રાયન લારાએ એક પછી એક છક્કા ફટકાર્યા હતા. મેચમાં કનેરિયાએ લારાને ઉકસાવ્યો અને પછી લારાએ તેના બોલ પર શાનદાર રન બનાવ્યા.

આ વીડિયો પર પાકિસ્તાનના પૂર્વ બેટ્સમેન ફૈસલ ઈકબાલે લખ્યુ કે હું પણ આ મેચમાં ૧૨મો ખેલાડી હતો. દાનિશ કાનેરિયાના વ્યંગ્યનો જવાબ કિંગ લારાએ તેના બેટથી છક્કો મારીને



આપ્યો. પાછળથી લેગ સ્પિનર કનેરિયા ખુબજ ડરી ગયો. કનેરિયાને જ્યારે આ વાતની ખબર તે ઈકબાલ પર જોરદાર ભકડી ઉઠ્યો.

વળતુ ટ્વીટ કરી બ્રાયન લારાએ કહ્યુ કે બ્રાયન સારો ખેલાડી હતો, મે તેને પાંચ વખત આઉટ કર્યો છે. ફૈસલ ઈકબાલ પોતાની કરિયરના આંકડાઓ પર નજર નાંખીને કહે છે મે પાકિસ્તાનને કેટલાયે મેચ જીતાડ્યા છે. પછી શું હતુ ફૈસલે ફરી ટ્વીટ કર્યુ મારા કરિયરના આંકડાઓ એક જૂઠ્ઠા અને ફિક્સર કરતા સારા છે. જેણે વર્ષો સુધી ધન માટે આત્માને વેચી દીધો અને સહાનુભૂતિ મેળવવા માટે ૨૪/૭ ધર્મના કાર્ડનો ઉપયોગ કરી રહ્યો છે. દેશ માટે મે જે કર્યુ મને તેના પર ગર્વ છે. મારા પર કોઈ દાગ તો નથી ને.

આના પર કનેરિયાએ પલટવાર કરીને કહ્યુ કે મે પૈસા માટે ક્યારેય મારા દેશને નથી વેચ્યો મને પાકિસ્તાની હોવા પર ગર્વ છે. પણ ઘણા ખેલાડીઓ એ માત્ર પૈસા માટે દેશને વેંચ્યો છે. આજે પણ તેમનું સ્વાગત થાય છે. લોકોને તેમના અસલી ચહેરાની જાણ જ નથી.

ધોની ખૂબ જ શાંત સ્વભાવના છે

હું ધોનીનો કાયમી કરજદાર રહીશઃ કેદાર જાધવ

મુંબઈ

ભારતીય ટીમના બેટ્સમેન કેદાર જાધવે કહ્યું છે કે તે મહેન્દ્ર સિંહ ધોનીનો કાયમી કરજદાર રહેશે, કેમકે જો ધોનીએ તેને સપોર્ટ ન કર્યો હોત તો આજે તે આટલી મોટી ઈન્ટરનેશનલ મેચ રમી શક્યો ન હોત. ધોનીએ જે રીતે તેના પર જવાબદારી મુકી તેના પર ખરા ઉતરવા માટે તેણે તનતોડ મહેનત કરી ૩૫ વર્ષના જાધવે ભારતીય ટીમ માટે ૭૩ વનડે મેચ રમ્યા છે. જાધવે દક્ષિણ આફ્રિકા વિરૂદ્ધ યોજાનાર ત્રણ મેચમાં વનડે સીરીઝ માટે ભારતીય ટીમ પસંદગી પામી શક્યુ ન હતુ, જો કે આ સીરિઝ કોરોના વાયરસના કારણે સ્થગિત કરી દેવામાં આવી છે.



ચેન્નઈ સુપર કિંગ્સ સાથે ઈન્સ્ટાગ્રામ લાઈવ ચેટમાં જાધવે કહ્યુ કે જ્યારે હુ મોટા થઈ રહ્યો હતો, ત્યારે સચીન મારા આદર્શ હતા. મને એ વાતનો પસ્તાવો કાયમ રહેશે કે હું ક્રિકેટના ભગવાન સાથે એક પણ મેચ રમી ન શક્યો. જો કે પસંદગીનો ખેલાડી કોઈ હોય તો તે માત્ર અને માત્ર ધોની છે.

જાધવે કહ્યુ કે જ્યારે હું માહીને મળ્યો હતો ત્યારે મે વિચાર્યુ કે તેઓ તો ભારતના કેપ્ટન છે આથી ખુબજ તુંડ મિઝાજી હશે. જો કે તેમને મળ્યા પછી મારો આ ભ્રમ ભાંગી ગયો. ધોની ખુબજ શાંત સ્વભાવના છે.

IPLમાં ધોનીની કેપ્ટનશીપમાં ચેન્નઈ માટે રમતી વખતે જાધવને વધારે પરીચય થયો. જાધવે કહ્યું કે હું આઠ કે દસ મેચ જ રમી શક્યો હોત પણ માહીએ ભાઈની જેમ મને સાથ આપ્યો. તેમના શાંત સ્વભાવની મારા પર ખુબ જ અસર પડી. જ્યારે હું તેમને જોઉ છુ મારો આત્મવિશ્વાસ વધી જાય છે. જો તમને આવું કેપ્ટન તરફથી સમર્થન મળે તો તમે જરૂર સારૂ કામ કરી શકો. સારા વ્યક્તિ સાથે કામ કરવાનો ખુબજ ફાયદો થાય છે.

ઓક્ટોબર-નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયામાં રમાવાનો છે

કોરોના સંકટઃ ટી-૨૦ વર્લ્ડ કપ રદ્દ થવાની સંભાવના

મેલબર્ન

કોરોના વધુ એક મોટી ક્રિકેટ ટૂર્નામેન્ટનનો ભોગ લઇ શકે છે. ભારતમાં રમાનારી આઇપીએલ પહેલાથી જ રદ્દ થવાના આરે છે, ત્યારે વધુ એક ટી૨૦ ટૂર્નામેન્ટ એટલે કે ટી૨૦ વર્લ્ડકપ હવે રદ્દ થવાની સંભાવના છે. ટી૨૦ વર્લ્ડકપ આ વર્ષે ઓક્ટોબર-નવેમ્બરમાં ઓસ્ટ્રેલિયામાં રમાનારો છે.

એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, કોરોના વાયરસના કારણે આ વર્ષે યોજાનારો ક્રિકેટ ટી૨૦ વર્લ્ડકપ રદ્દ થઇ શકે છે. કોરોનાના કારણે આઇસીસીની કમાણીમાં ૫૦ ટકાનો ઘટાડો આવી શકે છે. આને ધ્યાનમાં રાખીને ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પોતાના



સ્ટાફનો પગાર કાપવાનુ શરૂ કરી દીધુ છે.


ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આગામી બે મહિના સુધી ૮૦ ટકા સ્ટાફના પગારમાં કાપ મુકવાનો નિર્ણય કર્યો છે, બોર્ડે આ નિર્ણય નાણાંકીય કટોકટીના કારણે લીધો છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કહ્યું કે હાલ કોરોના ચાલી રહ્યો છે, આઇસોલેશનના સમય પર ક્રિકેટ સાથે જોડાયેલી ગતિવિધિઓ ના થઇ શકે. અમે ૨૭ એપ્રિલ સુધી કાપ મુકવાનો નિર્ણય કર્યો છે. એક્સપર્ટનુ માનવુ છે કે, નાણાંકીય ખેંચતાણ વચ્ચે ટી૨૦ વર્લ્ડકપ કરાવવો શક્ય નથી. રિપોર્ટ એવા પણ છે કે આઇસીસી ટી૨૦ વર્લ્ડકપ ટાળવાની જાહેરાત જૂનમાં કરી શકે છે.

જેકલીન ફર્નાન્ડિઝ પતિને બચાવવા મર્ડરર બની

ફિલ્મ મિસિસ સિરિયલ કિલરનું ટ્રેલર રિલિઝ

મુંબઈ



નેટફ્લિક્સ ઓરિજિનલ ફિલ્મ 'મિસિસ સિરિયલ કિલર'નું ટ્રેલર રિલીઝ કરી દેવામાં આવ્યું છે. ફિલ્મમાં જેકલીન સીરિયલ કિલરના આરોપ હેઠળ જેલમાં ગયેલા પતિને છોડવવા માટે મર્ડરર બને છે. ફિલ્મમાં જેકલીનના પતિના રોલમાં મનોજ બાજપેઈ છે. જેકલીન આ ફિલ્મથી ડિજિટલ ડેબ્યૂ કરી રહી છે. આ ફિલ્મ પહેલી મેના રોજ સ્ટ્રીમ થશે.

ફિલ્મમાં કેટલીક યુવતીની હત્યા થાય છે. આ હત્યાનો ખોટો આરોપ જેકલીનના પતિ મનોજ પર આવે છે. ફિલ્મમાં પોલીસના રોલમાં મોહિત રૈના છે. જેકલીન પોતાના પતિની નિર્દોષતા સાબિત કરવા એક પછી એક ખૂન કરે છે, જેથી એ વાત સાબિત થાય કે તેનો પતિ જેલમાં હોવા છતાંય ખૂન થાય છે. ફિલ્મમાં જેકલીનને સાયકો કિલર બતાવવામાં આવી છે.

આ ફિલ્મને શીરિષ કુંદરે ડિરેક્ટ કરી છે અને ફરાહ ખાને પ્રોડ્યૂસ કરી છે. નેટફ્લિક્સ પર વર્ષ ૨૦૨૦માં સ્ટ્રીમ થનારી આ પાંચમી ઓરિજિનલ ફિલ્મ છે. આ પહેલાં એન્થોલોજી હોરર ફિલ્મ 'ઘોસ્ટ સ્ટોરીઝ', ડાન્સ-ડ્રામા પર આધારિત 'યે બેલે', કોલેજ ડ્રામા પર આધારિત 'ગિલ્ટી' તથા રોમ-કોમ મૂવી 'મસ્કા' સ્ટ્રીમ થઈ હતી.

કોરોના વાયરસના કેસ વધતાં અભિનેતા ધર્મેન્દ્ર ચિંતિત



મુંબઈ

દુનિયા તથા ભારતમાં દિવસે દિવસે કોરોનાવાઈરસના કેસ વધતા જાય છે. ભારતમાં ત્રણ મે સુધી લૉકડાઉન વધારી દેવામાં આવ્યુ છે. આ દરમિયાન ધર્મેન્દ્રે એક વીડિયો પોસ્ટ કર્યો હતો અને ચાહકોને સલાહ આપી હતી. ધર્મેન્દ્ર આ વીડિયોમાં કોરોનાવાઈરસના વધતા જતા કેસથી ઘણાં જ ચિંતિત જોવા મળ્યાં હતાં. નોંધનીય છે કે દેશમાં કોરોનાવાઈરસના કેસ ૧૩ હજારને પાર થયા છે જ્યારે મોતની સંખ્યા ૪૦૦થી પણ વધુ છે.

ધર્મેન્દ્રે વીડિયોમાં કહ્યું હતું, કોરોનાવાઈરસે તો આખી દુનિયાના નાકમાં દમ લાવી દીધો છે. હું તો લૉકડાઉનના એક દિવસ પહેલાં જ અહીંયા આવી ગયો હતો. આ મહામારીના ન્યૂઝ વાંચીને ઘણું જ દુ:ખ થાય છે. તમે તમામ લોકો જે પણ સૂચનાઓ મળી છે, તેનું પાલન કરજો. બધું જ ઠીક થઈ જશે. હું પ્રાર્થના કરીશ કે તમને કોરોના સ્પર્શી પણ ના શકે. તમને બહુ બધો પ્રેમ. આ વીડિયો શેર કરીને ધર્મેન્દ્રે કેપ્શન આપ્યું હતું હું તમારા બધા માટે પ્રાર્થના કરું છું, આવો, બધા સાથે મળીને એકબીજા માટે જીવન જીવીએ. ઉલ્લેખનીય છે કે ૮૪ વર્ષીય ધર્મેન્દ્ર હાલમાં પોતાના લોનાવાલા સ્થિત ફાર્મહાઉસમાં છે. તેઓ મોટાભાગનો સમય અહીંયા જ પસાર કરતા હોય છે. અહીંયા તેઓ ઓર્ગેનિક ખેતી કરે છે.

બજરંગ પૂનિયાએ બબીતાનો સપોર્ટ કર્યો

રેસલર બબીતા ફોગાટે જમાતીઓ મુદ્દે વિવાદિત ટ્વિટ કરતાં ટ્રોલ થઈ

ચંડીગઢ

દેશમાં કોરોના વાયરસ મહામારીને કારણે જનજીવન પર મોટી અસર પડી છે. ચીનથી ફેલાયેલા આ ઘાતક વાયરસથી બચાવ માટે દેશવ્યાપી લૉકડાઉનને ૩ મે સુધી વધારી દેવામાં આવ્યું છે. આ વચ્ચે દેશની સ્ટાર રેસલર બબીતા ફોગાટે જમાતીઓને લઈને સોશિયલ મીડિયા પર વિવાદિત લખ્યું તો ટ્રોલ થઈ ગઈ હતી.

કોરોના વાયરસની મહામારીથી દેશમાં અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા ૧૨ હજાર નજીક પહોંચી ગઈ છે. તો બીજીતરફ લોકોને તેને લઈને વિવાદિત નિવેદન ન આપવાની સલાહ આપવામાં



આવી રહી છે.

અર્જુન એવોર્ડ બબીતાએ લખ્યું, 'કોરોના વાયરસ ભારતની બીજી સૌથી મોટી સમસ્યા છે. જમાતી હજુ પણ પ્રથમ સ્થાને યથાવત છે.'

આમ લખ્યા બાદ ઘણા લોકોએ તેના પર વિરોધ વ્યક્ત કર્યો હતો. એક યૂઝરે લખ્યું, 'તમને એક મુસ્લિમે ફિલ્મ બનાવીને ફેસમ કરી દીધી. આ દેશમાં ક્રિકેટ છોડી અન્ય ખેલાડી ઘણા વર્ષો બાદ પાણીપુરી વેંચતા જોવા મળ્યા છે. ૨૦૧૪ કોમનવેલ્થ ગેમ્સની ગોલ્ડ મેડલિસ્ટ બબીતા હાલમાં ભાજપમાં સામેલ થઈ ગઈ હતી.'

ત્યારબાદ તેના સપોર્ટમાં ભારતીય રેસલર બજરંગ પૂનિયા આવ્યો હતો. બજરંગે લખ્યું, 'મિલ્ખા સિંહ, મેરી કોમ, પાન સિંહ તોમર, ગીતા અને બબીતા ફોગાટ, તેના પર ફિલ્મ તે માટે બની કારણ કે તે તેને યોગ્ય હતા. સરકાર ખેલાડીની આર્થિક સ્થિતિને સુધારી રહી છે. ખેલાડી દેશ માટે સંઘર્ષ કરી રહ્યાં છે અને તમે શું કરી રહ્યાં છો.

ધોનીના ગુસ્સાથી ખરાબ રીતે ડરી ગયો હતોઃ કુલદિપ યાદવ



મુંબઈ

એમએસ ધોનીને તેમના શાંત સ્વભાવ માટે ઓળખવામાં આવે છે. હાલાત કેટલા પણ ખરાબ કેમ ન હોય પરંતુ ધોની હંમેશા શાંત રહે છે અને તેનો આ સ્વભાવ આખી દુનિયામાં તેના વખાણ થઈ રહ્યા છે. જોકે, કેટલીક વખત ધોનીને ગુસ્સો પણ આવ્યો છે. જે લાઈવ મેચમાં ખેલાડીઓને ધમકાવતા પણ નજરે પડ્યો છે. જેમા ચાઈનામેન બોલર કુલદીપ યાદવ પણ સામેલ છે. કુલદીપ યાદવે ઈન્સ્ટાગ્રામ પર લાઈવ ચેટ દરમિયાન જણાવ્યું કે ધોનીના ગુસ્સાથી તે ખરાબ રીતે ધ્રુજી ડરી ગયો હતો.. કુલદીપ યાદવ પ્રખ્યાત સ્પોર્ટ્સ એક્ટર જતિન સપ્રુથી વાત કરતા કહ્યું કે આખરે ધોનીએ તેની પર ગુસ્સો કેમ કર્યો હતો. તેણે કહ્યું કે ધોનીને ખૂબ ઓછો ગુસ્સો આવે છે. એક વખત જ્યારે અમે ઈન્દોરમાં શ્રીલંકા વિરુદ્ધ રમી રહ્યા હતા ત્યારે ધોનીને ગુસ્સો આવ્યો હતો. રોહિત ભાઈએ તે સમયે સદી ફટકારી હતી. થયું એવું કે કુસલ પરેરાએ મારા બોલ પર કવર ઉપર ચોગ્ગો માર્યો તેમણે પાછળથી જ બૂમ પાડતા મને કવર હટાવવા માટે કહ્યું અને ફીલ્ડિંગમાં બદલાવ કરવા કહ્યું પરંતુ હું સાંભળી શક્યો નહીં. તે બાદ પરેરાએ મને રિવર્સ સ્વીપ પર ચોગ્ગો માર્યો. કુલદીપ યાદવે આગળ કહ્યું કે બીજો ચોગ્ગો ફટકાર્યા બાદ ધોની મારી પાસે ગુસ્સાથી આવ્યા અને કહ્યું કે હું ગાંડો છું ૩૦૦ વનડે રમી છે અને સમજાવી રહ્યો છું અહીં. કુલદીપ યાદવે કહ્યું કે ધોની ભાઈનો ગુસ્સો જોઈ હું ખૂબ ડરી ગયો તે બાદ હું માહી ભાઈની બાજુમાં બેઠો, મેં પુછ્યું તમને ગુસ્સો પણ આવે છે. તેમણે મને કહ્યું કે મને ૨૦ વર્ષ પહેલા ગુસ્સો આવ્યો હતો. હવે મને અનુભવ થઈ ગયો છે તો હું ગુસ્સો નથી કરતો પણ ધમકાવું છું. તે હજી મારો ગુસ્સો જોયો નથી. રણજી ટ્રોફી રમતો હતો ત્યારે ગુસ્સો આવતો હતો. ટીમ ઈન્ડિયાની સાથે મને માત્ર ૨-૩ મેચમાં ગુસ્સો આવ્યો છે.

અમિતાભ બચ્ચને લોકડાઉન વચ્ચે તેલુગુ રાજ્યોના મજૂરોની મદદ કરી

મુંબઈ

ચીનથી શરૂ થયેલા કોરોના વાયરસ દુનિયાભરમાં ઘણા દેશો માટે મુસીબત બની ગયો છે. ભારતમાં આ વાયરસની ઝપેટમાં અત્યાર સુધી આશરે ૧૩૩૮૭થી પણ વધારે લોકો આવી ચુક્યા છે. જ્યારા આ જીવલેણ વાયરસે અત્યાર સુધી આશરે ૪૩૭ જીવ લીધા છે. જ્યારે લોકડાઉનની વચ્ચે આ વાયરસની સામે જંગ જીતવા માટે દેશના લોકો એક સાથે ઉભા છે. દરેક લોકો તેમની રીતે જરૂરિયાતમંદોની મદદ



માટે આગળ આવી રહ્યા છે આ પ્રાયસ હેઠળ અત્યાર સુધી ઘણા બોલિવુડ સેલિબ્રિટી આર્થિક યોગદાન આપી ચુક્યા છે. જ્યારે હાલમાં મહાનાયક અમિતાભ બચ્ચને એક વખત ફરીથી મજૂરો માટે હાથ આગળ વધાર્યો છે.

અમિતાભ બચ્ચને તેલુગુ રાજ્યોમાં મજબરોની મદદ માટે ૧૨ની કૂપન એકઠી કરી છે. તે અંગે જાણકારી આપતા સાઉથ સુપરસ્ટાર ચિરંજીવીએ ટ્વિટર પર લખ્યું અમિતજી @SrBachchanએ ૧૨૦૦૦ કોરોના રિલીફ કૂપનને વ્યવસ્થા કરી છે. જેમાથી તેલુગુ રાજ્યની ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી જોડાયેલા મજૂરોના દરેક પરિવારને ૧૫૦૦ રૂપિયા આપવામાં આવશે. 'બીગ-બી'નો આભાર વ્યક્ત કર્યો છે. આ કૂપન બિગ બજારના સ્ટોરમાં રિડીમ કરવામાં આવી શકે છે.

રામાયણ-મહાભારતે ટીઆરપીના તમામ રેકોર્ડ તોડ્યાઃ બીએઆરસીનો રિપોર્ટ



મુંબઈ

હાલ રાષ્ટ્રવ્યાપી લૉકડાઉન લાગૂ છે, ત્યારે લોકોમાં પોત-પોતાના ઘરોમાં કેદ છે. આવા સમયે રામાયણ અને મહાભારતના પુનઃ પ્રસારણને ટીવી પર જોનારા દર્શકોની સંખ્યા ઘણી વધી ગઈ છે. બીએઆરસીના મુખ્ય કાર્યકારી સુનિલ લુલ્લાએ સંકેત આપ્યો કે, રામાયણ અને મહાભારતના કારણે દૂરદર્શનના દર્શકોની સંખ્યામાં ઘણો વધારો થયો છે..

બીએઆરસીએ જણાવ્યું કે, ૧૨ એપ્રિલના સમાપ્ત થયેલા સપ્તાહ સુધી ટીવી દર્શકોનો આંકડો કોરોના પહેલાની સરખામણીએ ૩૮ ટકા વધ્યો છે. જે એક મોટો આંકડો છે, કારણ કે લૉકડાઉનમાં જ સામાન્ય દિવસોની સરખામણીમાં દર્શકોની સંખ્યામાં વધારો થયો હતો.

જો કે તેની બીજી બાજુ પણ છે. એક તરફ દર્શકોની સંખ્યા વધી છે, તો બીજી તરફ જાહેરખબરોમાં ઘટાડો આવ્યો છે. આ દરમિયાન જાહેરખબોરના સમયમાં કુલ ૨૬ ટકાની કમી જોવા મળી રહી છે.

જો કે આ દરમિયાન રામાયણમાં કુંભકરણ અને લક્ષ્મણના પ્રસંગો અને મહાભારતના પાત્રોને લઈને સોશિયલ મીડિયામાં અનેક મિમ્સ બની રહ્યાં છે. દરેક એપિસોડ વિશે લોકો વાતચીત કરી રહ્યાં છે. દર્શકોની ડિમાન્ડ પ્રમાણે જ દૂરદર્શને રામાયણ અને મહાભારતના શોનું પુનઃ પ્રસારણ કરવું પડી રહ્યું છે.

પરિણિતા ચોપડાએ થોડા સમય માટે સોશિયલ મિડિયાને અલવિદા કહ્યુ

મુંબઈ

દેશમાં ચાલી રહેલા લોકડાઉન વચ્ચે અભિનેત્રી પરણિતી ચોપરા પોતાના માટે સમય નીકાળવા માટે થોડાક સમય માટે સોશિયલ મીડિયા છોડી રહી છે. પરિણીતીએ તેનો ખુલાસો ઈન્સ્ટાગ્રામ સ્ટોરીથી કર્યો તેણે કહ્યું કે તે જલદી જ પાછી આવશે. પરિણીતીએ લખ્યું, થોડાક દિવસો માટે સોશિયલ મીડિયાથી ડેટોક્સ થવાની જરૂરત છે અને જરૂરી પણ છે. તમને લોકોને બાદમાં મળીશું. તાજેતરમાં જ પરિણીતાની સ્વયં દુલ્હનની તૈયારીની એક તસવીર શેર કરી પ્રશંસકોનું દિલ જીતી લીધું હતું.

ફિલ્મની વાત કરીએ તો તેને દિબાકર બેનર્જી દ્વારા નિર્દેશિત આગામી ફિલ્મ સંદીપ અને પિંકી ફરારમાં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે ઇશકજાદેના સહ કલાકાર અર્જુન કપૂર પણ છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો પરિણીતી જલદી જ તેમની મોસ્ટ અ વેટેડ ફિલ્મ સંદીપ ઔર પિંકી ફરારમાં નજરે પડવાની છે. આ ફિલ્મમાં તેની સાથે અર્જુન કુપૂર નજરે પડવાનો છે. યશ રાજ ફિલ્મ્સના બેનર બેઠળ આ પરિયોજનાની મજેદાર વાત એ છે કે તેમા અર્જુન, પિંકી દહીયાનું પાત્ર ભજવી રહી છે. જ્યારે સંદીપ કૌરનું પાત્ર પરિણિતી નીભાવી રહી છે. આ એક બ્લેક કોમેડી ફિલ્મ છે.

અભિનેત્રી નીના ગુપ્તાએ પોતાના પતિના વાળ કાપ્યા..!!

મુંબઈ

બોલિવૂડ અભિનેત્રી નીના ગુપ્તા હાલ અલગ અલગ કારણોથી ચર્ચામાં રહે છે. જેમ કે આખો દેશ હાલ લોકડાઉનના પડકારમાંથી પસાર થઇ રહ્યો છે. મજૂરોની ખાવાની સમસ્યાને લઈને મોટા-મોટા બિઝનેસમેનના કામ ઠપ છે. દરેક લોકોની સામે એક પડકાર છે. ત્યારે આ વચ્ચે સોશિયમીડિયા પર સતત એક પડકારનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે. જે છે પુરૂષોના વાળ અને દાઢી વધવાપ હવે આ પડકાર કાલ્પનિક મીમ્સથી નીકળીને અસલ જીંદગીમાં જોવા મળ્યા છે. તેમા અભિનેત્રી નીના ગુપ્તાએ કાતર હાથમાં લઈને પતિના વાળ કાપી રહી છે. આ પહેલા સલમાન ખાને જીજા આયુષ શર્મા તેના પુત્રનું મુંડન જાતે કર્યું હતું. આ ખૂબ નવી વાત છે. હાલ લોકડાઉન વચ્ચે ખરેખર જે અભિનેતા અને અભિનેત્રી તેમના મેકઅપ સહિત અનેક કામ કરતા જોવા રસપ્રદ હોય છે. નીના ગુપ્તાએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેની એક તસવીર શેર કરી લખ્યું ફીમાં કઈ મળતું નથી, એહસાન પરત કરી રહી છું.

ફિલ્મ કેથીની રીમેકને અજય દેવગણનો ભાઈ ધર્મેન્દ્ર શર્મા ડાયરેક્ટર કરશે

મુંબઈ

હાલમાં લોકડાઉનમાં ફિલ્મોના શૂટિંગ બંધ છે. પરંતુ ફિલ્મોનું ટેક્નિકલ કામ ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. અત્યારે બોલીવુડના તમામ અભિનેતા, ડિરેક્ટર, પ્રોડ્યુસર બધા જ ફિલ્મોની ટેક્નિકલ બાબતો પર કામ કરી રહ્યા છે. એવામાં એવી ખબર આવી રહી છે કે અજય દેવગણની 'કેથી'ની રીમેક પર પણ ઝડપથી કામ ચાલી રહ્યું છે. જાણવા મળ્યું છે કે આ ફિલ્મને અજય દેવગણના ભાઈ ધર્મેન્દ્ર શર્મા ડાયરેક્ટ કરશે. ધર્મેન્દ્ર એક ફિલ્મ એડિટર છે. તેમણે અજય દેવગણની ફિલ્મ 'તાનાજી' અને 'ટોટલ ધમાલ'ને એડિટ કરી હતી. હવે ધર્મેન્દ્ર 'કેથી'ની રીમેક સાથે દિગ્દર્શક તરીકે ડેબ્યુ કરવા જઈ રહ્યા છે. 'કેથી' એ ૨૦૧૯ની બ્લોકબસ્ટર તામિલ ફિલ્મ છે. જેમાં મૂળ ફિલ્મના ડાયરેક્ટર લોકેશ કંગ રાજ છે. પરંતુ લોકેશ હમણાં બીજા પ્રોજેક્ટમાં વ્યસ્ત હોવાના કારણે હિન્દી રીમેકનું કામ અજયના ભાઈ ધર્મેન્દ્ર સંભાળશે. આ વર્ષની શરૂઆતમાં 'તાનાજી' જેવી બ્લોકબસ્ટર ફિલ્મથી અજયે શરૂઆત કરી છે ત્યારે હજુ પણ વધારે સારી ફિલ્મ માટે દર્શકો મીટ માંડી રહ્યા છે.

પહેલો કોરોના પોઝીટીવ કેસ નોંધાતા વિરમગામના કુમરખાણ ગામને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરાયુ



• આરોગ્ય વિભાગ, પોલીસ, વહિવટી તંત્ર દ્વારા તકેદારીના તમામ પગલાઓ ભરવામાં આવ્યા

• પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવેલા તમામ લોકોને ક્વોરન્ટાઈન કરી ઘરની બહાર ન નિકળવા સુચના અપાઈ

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના નળકાંઠા વિસ્તારમાં આવેલા કુમરખાણ ગામના એક યુવકનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા આરોગ્ય વિભાગ, પોલીસ, વહીવટી તંત્ર દ્વારા કોરોના રોગ અટાકાયતી પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. વિરમગામના કુમરખાણ ગામને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યુ છે. આરોગ્ય વિભાગની ૬ ટીમ દ્વારા કુમરખાણ ગામના ૬૨૦ ઘરોનો રોજે રોજ સઘન સર્વેલન્સ કરૂ કરવામાં આવેલ છે. પોલીસ દ્વારા નાકાબંધી કરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવીને લોકોની અવર જવરને અટકાવવામાં આવી રહી છે. વિરમગામ નગરપાલીકા અને જીલ્લા મેલેરીયા શાખા, અમદાવાદની ટીમ દ્વારા કુમરખાણ ગામમાં દર્દીના ઘર સહિતના તમામ વિસ્તારોમાં સેનેટાઈઝેશન કરવામાં આવ્યુ હતુ. વિરમગામના ઈન્સીડન્ટ કમાન્ડર અને સબ ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ સુરભી ગૌતમ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.સતિષ મકવાણાના માર્ગદર્શન મુજબ કુમરખાણ ગામમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. વિરલ વાઘેલા, એ.ડી.એમ.ઓ શિલ્પા પટેલ, મેડીકલ ઓફિસર ડો.રાકેશ ભાવસાર સહિતના અધિકારીઓ દ્વારા આરોગ્યલક્ષી તમામ કામગીરીનું સુપરવિઝન કરવામાં આવી રહ્યુ છે.

વિરમગામના તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, કુમરખાણ ગામમાં કોરોના પોઝીટીવ કેસ આવતા કુમરખાણ ગામને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવેલ છે. દર્દીના સંપર્કમાં આવેલા ૨૧ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવેલ છે અને તેઓને ઘરની બહાર ન નિકળવા માટે જણાવવામાં આવ્યુ છે. આરોગ્ય વિભાગ દ્વારા સઘન સર્વેલન્સ કામગીરી શરૂ કરાઈ છે અને શરદી, ઉધરસ વાળા દર્દીઓને શોધીને સારવાર આપવામાં આવી રહી છે. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી શકે છે. તાવ, ખાંસી, કફ, વહેતું નાક,ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી જ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. જો થોડી સાવચેતી રાખવામાં આવે તો કોરોના વાઈરસના ચેપથી ચોક્કસ બચી શકાય તેમ છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીક ખાતી વખતે રૂમાલથી મોઢા ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહી અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ.

અમદાવાદના કર્ફ્યૂ વિસ્તારનો વધારાનો ચાર્જ સીઆઈડી ક્રાઈમના ADGP ડો.શમશેરસિંઘને સોંપાયો

અમદાવાદ

અમદાવાદમાં સતત વધી રહેલાં કોરોના વાયરસના કેસોને કારણે તંત્ર દ્વારા મોટું પગલું ભરવામાં આવ્યું છે. અમદાવાદના કોટ વિસ્તારમાં કર્ફ્યુ લાગી કરી દેવામાં આવ્યું છે. તેમ છતાં અમુક લોકો તેનું ઉલ્લંઘન કરીને બિદાસ્ત બહાર ફરી રહ્યા છે. લોકડાઉનમાં અપાતી છૂટ કર્ફ્યુમાં આપવામાં આવતી નથી. તેમ છતાં લોકો ગંભીરતાને સમજીયા વગર બહાર નીકળી જાય છે. ત્યારે હાલ અમદાવાદમાંથી એક મોટા સમાચાર મળી રહ્યા છે.

અમદાવાદમાં ડૉ. શમશેરસિંઘની નિયુક્તિ કરવામાં આવી છે. કોટ વિસ્તારના કર્ફ્યુગ્રસ્ત વિસ્તારોમાં તેમની નિયુક્ત કરાતા હાલ લોકોમાં મોટી ચર્ચાઓ ચાલી રહી છે. અમદાવાદ પોલીસ કમિશનર સાથે ડૉ. શમશેરસિંઘ કામ કરશે. શમશેરસિંઘ હાલ સીઆઈડી ક્રાઈમના એડીજીપી પદે છે. અમદાવાદના કર્ફ્યુ વિસ્તારનો વધારાનો ચાર્જ હાલ તેમને સોંપાયો છે.

અમદાવાદના કર્ફ્યુ ગ્રસ્ત વિસ્તારો માટે આઈપીએસ અધિકારી ડો શમશેરસિંઘની નિયુક્તિ કરાઈ છે. અમદાવાદ પોલીસે કમિશનર સાથે રહી લોકડાઉનમાં કામ કરવાનું રહેશે. ડો. શમશેરસિંઘ હાલ સીઆઈડી ક્રાઈમના એડીજીપી તરીકે કાર્યરત છે. હાલ તેમના માથે અમદાવાદના કર્ફ્યુનો વધારાનો ચાર્જ સોપવામાં આવ્યો છે. નવા આદેશ ન થાય ત્યાં સુધી અમદાવાદ સીપીની સાથે રહી પરિસ્થિતિ સંભાળશે.

ગીરનાર પર્વત પર સૂતેલી વ્યક્તિ પર દીપડાનો હુમલોઃ અંતે મોત

જૂનાગઢ

ગીરનાર પર્વત ચડવાના રસ્તે ૨૦૦ પગથિયા પાસે સૂતેલી એક વ્યક્તિ પર દીપડાએ હુમલો કરતાં મોત થયું છે. રામભાઈ નામની વ્યક્તિ ગીરનાર પર્વતની સીડી પર સૂતા હતા, ત્યારે અચાનક ત્યાં આવી ચડેલા દીપડાએ હુમલો કરી દેતા તેમનું મોત થયું છે. વન વિભાગે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.

નોંધનીય છે કે, ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની દહેશત વધી ગઈ છે. તેમજ ગુજરાતમાં અનેક જગ્યાએ દીપડાના હુમલાની ઘટનાઓ પણ સામે આવી રહી છે. ગઈ કાલે ગાંધીનગરની કોલવાડા આર્યુવેદિક હોસ્પિટલમાં પણ દીપડો ઘૂસી ગયો હતો. જોકે, વન વિભાગ દ્વારા તેને પકડી લેવામાં આવ્યો છે. આ ઉપરાંત વલસા ના છરવાડા વિસ્તારમાંથી પણ દીપડો પકડાયો હોવાના સમાચાર સામે આવ્યા છે. છરવાડા ગામના હંસલા ફળિયામાંથી દીપડો પકડાયો છે. દીપડો પકડાતા ગ્રામજનોએ હાંસકારો અનુભવ્યો છે. વન વિભાગે પાંજરું મૂકીને દીપડાને પકડી પાડ્યો છે. દીપડાને પકડીને ચણવાઈ ખાતે આવલે વન ચેતના કેન્દ્ર લઈ જવામાં આવ્યો છે.

ડ્રાઈવર પર હુમલો કરી ૧૦,૦૦૦ લૂંટી લીધા,લૂંટારુ વાહન મૂકી ફરાર

અમદાવાદ

અમદાવાદમાં લોકડાઉનનો લાભ ઉઠાવીને લૂંટારૂ ટોળકી સક્રિય બની રહી છે. વટવા વિસ્તારમાં સેનેટાઈઝરનુ કેમિકલ લેવા આવેલા ટ્રક ડ્રાઈવરને માર મારીને લૂંટી લેવામાં આવ્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

આ કેસની વિગત એવી છે કે ગાંધીનગર જિલ્લામાં જમિયતપુરા ખાતે રહેતા શ્રવણ કુમાર યાદવ (ઉ.વ.૨૭) બુધવારે સવારે ૪:૦૦ વાગે ગાંધીનગર ખોડીયાર ડેપોમાંથી ટ્રક લઈને સેનેટાઈઝરનું કેમિકલ લેવા માટે અમદાવાદ આવ્યા હતા. ૬ વાગે વટવા જીઆઈડીસી ખાતે બાપા સીતારામ મઢુલી પાસે પેશાબ કરવા માટે ટ્રક ઊભી રાખી હતી. આ સમયે ટુ વ્હીલર પર આવેલા ચાર શખ્સોએ યુવક સાથે મારામારી કરીને ખિસ્સામાંથી ૧૦,૦૦૦ રૂપિયાની ચલાવી હતી. ફરિયાદી યુવકે આરોપીઓને પકડવા માટે પીછો કરી ને એક ટુ વ્હીલર પકડી પાડ્યું હતું. જો કે વાહન મૂકીને આરોપીઓ ફરાર થઈ ગયા હતા.આ બનાવ અંગે વટવા જીઆઈડીસી પોલીસે લૂંટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ફોન ઉપર ઓર્ડર લઈ ફૂડ ડિલિવરી કરતા પિતા-પુત્રની ધરપકડ

વડોદરા

ફોન ઉપર ઓર્ડર લઈને વિવિધ પ્રકારના ફૂડની ડિલિવરી કરતા કારેલીબાગ સ્થિત આફ્ટર અવર્સ રેસ્ટોરન્ટના માલિક પિતા-પુત્રની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનિય છે કે, દિલ્હી ખાતે પિઝા ડિલીવરી બોયને કારણે કોરોના સંક્રમણ ફેલાયું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારનાં અંબાલાલ પાર્ક રોડ પર ટુલીપ એપાર્ટમેન્ટમાં રહેતાં કિશોરભાઈ પ્રેમચંદભાઈ ચોકસી અને તેમનો પુત્ર હર્ષિલ કિશોરભાઈ ચોકસી આફ્ટર અર્વસ નામની રેસ્ટોરન્ટ ચલાવે છે. આફ્ટર અવર્સ રેસ્ટોરન્ટ અડધી રાત સુધી ઓર્ડર લઈને જમવાનાં પાર્સલની ડિલીવરી કરે છે. નોંધનીય છે કે, કોરોના સંક્રમણને અટકાવવા માટે જાહેર થયેલા દેશવ્યાપી લોકડાઉન દરમિયાન હોટલ અને રેસ્ટોરન્ટ સહિતના સ્થળો બંધ રાખવાનું જાહેરનામું પોલીસ કમિશનર દ્વારા પ્રસિદ્ધ કરાયું છે. અને પોલીસ તંત્ર લોકડાઉનનું ચુસ્ત પાલન કરાવવા પ્રયાસો કરી રહ્યું છે.

કોરોના ક્રિટિકલ દર્દીને બચાવવા કાગવડ નીવડશે

રાજ્યમાં કોરોનોગ્રસ્ત દર્દીઓના પ્લાઝમા ટ્રાન્સમ્યુસનો પ્રયોગ કરવામાં આવશે

અમદાવાદ

ગુજરાતની યશકલગીમાં વધુ એક પીંછુ ઉમેરાયુ છે. ગુજરાત બાયોટેક્નોલોજી રિસર્ચ દ્વારા કોરોના વાયરસની જીનોમ સિકવન્સ શોધી કાઢવામાં આવી છે જેને કારણે હવે કોરોનીની વેક્સિન અને દવા બનાવવામાં સરળતા રહેશે. આજે ગુજરાત કોરોનાના દર્દીઓને બચાવવાની દિશામાં એક મોટું પગલું ભરવા જઈ રહી છે. ગુજરાતમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના પ્લાઝમા ટ્રાન્સમ્યુસનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. જેનાથી કોરોનાના ક્રિટિકલ દર્દીને બચાવવા કાગવડ નીવડશે. આ પ્રયોગ જો સફળ રહ્યો તો આગામી સમયમાં કોરોના પોઝિટીવ દર્દીઓને આપણે બચાવી શકીશું. હાલ કોરોનામાંથી સાજા થયેલા લોકોના પ્લાઝમા લેવાશે અને તે પ્લાઝમાને વેન્ટીલેટર પરના દર્દીના પ્લાઝમા સાથે ટ્રાન્સમ્યુસ કરાશે. તેના માટે અમદાવાદમાં ૨ પ્લાઝમા ડોનર તૈયાર થયા છે.

આ વિશે જણાવીએ તો, અમદાવાદમાં ૨ પ્લાઝમા ડોનર તૈયાર થયા છે. જેના થકી આપણે આગામી સમયમાં ગુજરાતમાં પ્લાઝમા ટ્રાન્સમ્યુસનનો પ્રયોગ કરાશે. કોરોના પોઝિટિવમાંથી સાજા થયેલા લોકોના પ્લાઝમા લેવાશે અને તેને વેન્ટિલેટર ઉપર જે દર્દીઓની હાલત ક્રિટિકલ છે, તેના શરીરમાં પ્લાઝમા ટ્રાન્સમ્યુસ કરાશે. સાજા થયેલા લોકોમાં કોરોનાને હરાવવા માટેના પ્લાઝમા હોય છે. જેથી હાલ અમદાવાદમાં ૨ પ્લાઝમા ડોનર તૈયાર કરવામાં આવ્યા છે. હવે બસ મંજૂરી મળતા જ તાત્કાલિક પ્રયોગ કરવામાં આવશે.

એકલા અમદાવાદમાં જ પોઝિટિવ કેસોનો આંકડો ૫૯૦ને પાર

અમદાવાદ કોરોનાની બાનમાંઃ વધુ ૪૫ પોઝિટિવ કેસ આવતા ખળભળાટ

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસને લઈને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ જાણકારી આપતાં રાજ્યમાં નવા આજે ૯૨ કેસ નોંધાયા હોવાની જાણકારી આપી. જેમાં અમદાવાદ શહેરમાં જ ૪૫ કેસ સામે આવ્યાં છે. જેને લઈને શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીઓનો કુલ આંકડો ૫૯૦ થઈ ગયો છે. અમદાવાદ શહેરની વાત કરીએ તો આજે નવા ૪૫ પોઝિટિવ કેસ નોંધાય છે. ત્યારે શહેરમાં નવા કેસ ક્યાં-ક્યાં વિસ્તારમાંથી સામે આવ્યાં તે અંગેની જાણકારી આપી છે. જેમાં અમદાવાદ શહેરના કાલુપુર, ખમાસા, રાયખડ, વટવા, ચાંદખેડા, વેજલપુર, દરિયાપુર, ખાનપુર, નિકોલ વિસ્તારમાંથી સામે આવ્યાં છે.

૩૫ દિવસ વિત્યા છતાં કોરોનાનો પ્રથમ દર્દી સ્વસ્થ નથી થયોઃ વિજય નેહરા

અમદાવાદમાં નવા ૪૫ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૫૯૦ થયા છે. મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ જણાવ્યું છેકે, કોરોનાને લગતી ઘણી માન્યતાઓ ખોટી સાબિત થઈ રહી છે. મનુષ્યોમાં ફેલાયેલો કોરોના વાઈરસ પડકારજનક છે અને તેની દરરોજ નવી માહિતી બહાર આવી રહી છે. કોરોનાનો પહેલો દર્દી હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. ૩૫ દિવસ પછી પણ ચેપ હજુ દૂર થયો નથી. તેમણે ઉમેર્યું છેકે, સામે ચાલીને કેસ શોધતા ઘણી સફળતા મળી છે. એક મહિનામાં ૫૦૦ કેસ શોધાયા છે, સર્વેના કારણે ૨ લાખ કેસો ઓછા કર્યા છે.

જો કે હવે આરોગ્ય વિભાગે જાણકારી આપતાં કહ્યું કે હવે કેરળ જેવો પ્રયોગ ગુજરાતમાં હાથ ધરવામાં આવશે. જેમાં વેન્ટિલેટર પરના દર્દીઓ માટે પ્લાઝમાં અપાશે. રિકવર દર્દીમાંથી પ્લાઝમાં લઈ વેન્ટિલેટર પરના દર્દીને અપાશે. જો કે એએમસી દ્વારા પણ લોકોને અલર્ટ રહેવા માટે અવનવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં આજે ૪૫ નવા કેસ આવ્યા છે. જેને લઈને શહેરમાં કુલ ૫૯૦ કેસ થયા છે. ત્યારે એએમસીએ પોઝિટવ દર્દીના નામ સાથે એક લિંક જાહેર કરી છે. જે લિંક પરથી તમે તમારા વિસ્તારના દર્દી અને તેનું એડ્રેસ તેમજ એ દર્દી તમારાથી કેટલા દૂર રહે છે તે જાણી શકો છે.

મહિલા પોલીસને સલામઃ પાંચ મહિનાના બાળક સાથે ડ્યૂટી નિભાવે છે

બનાસકાંઠા

બનાસકાંઠામાં એક મહિલા પોલીસ કર્મચારી કોરોના સામેની લડાઈમાં પોતાના પાંચ મહિનાના બાળક સાથે જીવના જોખમે નિષ્ઠાપૂર્વક કામગીરી કરી રહી છે. જે લોકો માટે પ્રેરણા સમાન છે. આ મહિલા પોલીસ કર્મી હીનાબેન ચૌહાણના લગ્ન બે વર્ષ અગાઉ થયા હતા અને લગ્નબાદ તેઓ એલઆરડીની પરીક્ષા પાસ કરીને જામનગર ટ્રેનિંગમાં ગયા હતા. કોરોનાને કારણે હાલ તેમની બદલી અમીરગઢના ઈકબાલગઢ ગામે કરી દેવામાં આવી છે. તેમનું બાળક માત્ર પાંચ મહિનાનું હોવાથી બાળકને જોડે રાખવું પડે છે અને જીવના જોખમે તેઓ ફરજ બજાવી રહ્યા છે.

એક તરફ સમગ્ર દુનિયામાં કોરોના વાયરસ નામનો દૈત્ય હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે બીજી તરફ પોતાના જીવના જોખમે પણ અનેક કર્મચારીઓ યોદ્ધાઓની જેમ કોરોના સામેની લડાઈમાં દિવસ રાત મહેનત કરી છે, બનાસકાંઠા જિલ્લાના આદિવાસી વિસ્તારની એક મહિલા પોલીસ કર્મચારી પણ આ કોરોના સામેની લડાઈમાં પોતાના પાંચ વર્ષના બાળક સાથે જીવન જોખમે નિષ્ઠાપૂર્વકની કામગીરી બજાવી લોકો માટે પ્રેરણા સમાન બની રહી છે.

લોકડાઉન હોવા છતાં પણ કેટલાક લોકો તેનું પાલન કરતા નથી, વળી કેટલીક જગ્યાએ તો પોલીસ સાથે ઘર્ષણ કે પોલીસ પર પથ્થરમારાની ઘટનાઓ પણ સામે આવે છે, ત્યારે આવી કપરી પરિસ્થિતિમાં પણ જીવનાં જોખમે કોરોના વાયરસ સામેના આ મહાયુદ્ધમાં યોદ્ધાઓની જેમ લડત આપી લોકોના આરોગ્યની ચિંતા કરતા આવા હીનાબેન જેવા અનેક લોકો સેવા આપી રહ્યા છે.

કુલ કેસોની સંખ્યા ૨૯,કોરોનાએ કોઠારિયા વિસ્તારમાં દેખા દીધી

રાજકોટમાં લીધેલ ૬૦ સેમ્પલ પૈકી એક રિપોર્ટ પોઝિટિવ આવતા હાશકારો

રાજકોટ

રાજકોટમાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે. મોડી રાત્રે લેવામાં આવેલા ૬૦ સેમ્પલ પૈકી એક રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાજકોટમાં પોઝિટિવ કેસની સંખ્યા ૨૯ થઈ છે. આ કેસ નવા જ વિસ્તારમાંથઈ મળી આવ્યો છે. હોટસ્પોટ જંગલેશ્વરથી આગળ કોઠારીયા વિસ્તારમાં રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતા અનવરભાઇ ઘાડા (ઉ.વ. ૪૫)ને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગઇકાલે જંગલેશ્વરમાંથી ૪ પોઝિટિવ કેસ નોંધાયા હતા.

રાજકોટમાં સૌથી વધારે સંક્રમિત વિસ્તાર જંગલેશ્વર છે. જંગલેશ્વરમાં ૧૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. આથી જંગલેશ્વર વિસ્તારમાં પોલીસનો બંદોબસ્ત વધારવામાં આવ્યો છે.

રેપીડ ટેસ્ટ કીટ રાજકોટને આજે મળી જશેઃ કલેક્ટર

રાજકોટ કલેક્ટર રેમ્યા મોહનની શહેર અને જિલ્લાની પરિસ્થિતિ અંગે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે, ૨૯ પૈકી ૮ દર્દી સાજા થઈ જતા રજા આપવામાં આવી છે. જંગલેશ્વર અને કોઠારીયા વિસ્તારને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. ટેસ્ટીંગની સંખ્યા વધારવામાં આવી છે. ૧૧૫ સેમ્પલ લેવામાં આવ્યા હતા જેમાં બહુ જ ઓછા કેસ સામે આવ્યા છે. રેપીડ ટેસ્ટ કીટ આવતીકાલ સુધીમાં આવી જશે. ગ્રામ્ય વિસ્તારોમાં ટીમ ટેસ્ટીંગ કરી રહી છીએ. તે માટે ટ્રેનીંગ પણ આપવામાં આવી છે. એસેન્સિયલ વસ્તુઓ બનાવતા ઉદ્યોગોને પરવાનગી આપવામાં આવી રહી છે.

મનપાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા માસ સેમ્પલ લેવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

રાજલક્ષ્મી સોસાયટીમાં આજે એક પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ સતર્ક બન્યું છે. રાજલક્ષ્મી સોસાયટી શેરી નં.૧૫માં પોઝિટિવ કેસ નોંધાયો છે. આથી ૧૦ લોકોની ટીમ સર્વે માટે કામે લગાડી છે. ૧૫ નંબરની શેરીમાં હાલ સર્વે ચાલું છે.

રાજકોટમાં આજે ૮૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં ૭૫ રાજકોટ શહેર, ૮ ગ્રામ્યના અને ૪ અન્ય જિલ્લાના કેસનો સમાવેશ થાય છે. જેમાં ૫૩ પૂરૂષ અને ૩૪ મહિલાનો સમાવેશ થાય છે. ભાવનગર ૩૨ સેમ્પલ લઈને સર.ટી હોસ્પિટલમાં પરિક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હતા જે તમામનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

રસ્તા વચ્ચે દારૂની મહેફિલ માણી ટીકટોક વીડિયો બનાવતા ત્રણ ઝડપાયા

ધોરાજી

કોરોના વાઈરસને લઈને લોકડાઉન છે ત્યારે ધોરાજીમાં ત્રણ શખ્સોએ રસ્તા વચ્ચે દારૂની મહેફીલ માણી હતી. દારૂની મહેફીલનો ટીકટોક વીડિયો બનાવી સોશિય મીડિયા પર વાઈરલ કરી પોલીસની મજાક ઉડાવી હતી. વીડિયોમાં લખ્યું હતું કે, ઘરની ધોરાજી, ધારા ૧૪૪. વીડિયોમાં દારૂની બોટલો અને દારૂ ભરેલા ગ્લાસ પણ દેખાય છે.

ધોરાજી પોલીસે સ્ટેશન પ્લોટ, રેલવે સ્ટેશન નજીકથી આ ત્રણ શખ્સોને ઝડપી લીધા છે. જેમાં ધવલ કિશોરસિંહ, નીશીત રાજેશભાઈ અને સ્મિત સતિભાઈનો સમાવેશ થાય છે. આ ત્રણેય શખ્સો વિરૂદ્ધ પોલીસે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

૨૦મી એપ્રિલથી જન જીવન સામાન્ય કરવાની કવાયત શરૂ કરાશે

સરકારે નક્કી કરેલ તમામ ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની વિનામૂલ્યે સારવાર થશેઃ રાજ્ય સરકાર

અ'વાદ, સુરત બાદ હવે રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં મધરાતથી કર્ફ્યુ લાગુ, ૨૦મી એપ્રિલથી વર્ગ-૩ અને વર્ગ-૪ના ત્રીજા ભાગના કર્મચારીને જ ફરજ પર બોલાવાશે

ગાંધીનગર

રાજ્ય સરકાર દ્વારા કોરોના વાયરસના વધી રહેલા સંક્રમણને જોતા એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકાર વતી માહિતી આપતા મુખ્યમંત્રીના સચિવ અશ્વીની કુમારે જણાવ્યું કે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નિર્ણય લીધો છે કે રાજ્યની તમામ ૩૧ કોવિડ હોસ્પિટલોમાં કોરોના વાયરસના દર્દીની મફત સારવાર થશે. વિજયભાઈ રૂપાણીએ આ વૈશ્વિક મહામારીના કપરા કાળમાં તમામ પ્રજાજનોને કોવિડ-૧૯ની સારવારનો લાભ આવી ડેજીગ્નેટેડ હોસ્પિટલોમાં વિનામૂલ્યે મળે તે માટે નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીના આ નિર્ણય મુજબ આવી કોવિડ કોરોના ડેજીગ્નેટેડ ખાનગી હોસ્પિટલમાં ઈન્ડોર અને આઉટડોર તમામ દર્દીઓને સારવાર અને દવાઓ વિનામૂલ્યે અપાશે. કોરોનાગ્રસ્ત દર્દીઓ સારવાર લઈને સાજા થયા બાદ હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થાય તે પછી પણ પાંચ દિવસ સુધી તેમને ચા, નાસ્તો, બે ટાઈમ ભોજન અને દવાઓ વિનામૂલ્યે અપાશે. આવી ડેજીગ્નેટેડ હોસ્પિટલના આરોગ્યકર્મીનું કોરોના સંક્રમિત થવાથી મૃત્યુ થાય તો રાજ્ય સરકારની જાહેરાત મુજબ રૂ. ૨૫ લાખની સહાય તેવા આરોગ્યકર્મીને અપાશે.

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં કરફ્યૂની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે જંગલેશ્વરમાં કેટલાક લોકો દ્વારા લોકડાઉનનો ભંગ થઈ રહ્યો છે. તેથી આજે મધરાતથી કરફ્યૂનો અમલ થશે. રાજકોટના તંત્ર સાથે મુખ્યમંત્રીએ બેઠક યોજી છે.

અશ્વિની કુમારે કહ્યું કે રાજકોટના જંગલેશ્વર ખાતે લોકડાઉન હોવા છતા પણ લોકોની અવર-જવર જોવા મળી રહી છે. તેથી એ વિસ્તારમાં કરફ્યૂ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ કરફ્યૂ આજ મધરાતથી લાગૂ થશે. જંગલેશ્વર વિસ્તારને રેડ ઝોન જાહેર કરવામાં આવ્યો છે. તેમ છતાં જંગ્લેશ્વરમાં જાહેરનામાનો ભંગ થતો હતો. તેમણે કહ્યું કે નિયમોનું પાલન થાય તે માટે જંગ્લેશ્વરમાં કરફ્યૂ લગાવવામાં આવ્યું છે.

ગુજરાતના ૨૬ જિલ્લામાં ૩૧ કોવિડ હોસ્પિટલ છે. ઉપરાંત તેમણે જણાવ્યું કે તબક્કાવાર સરકારી કચેરીઓ કાર્યરત થશે. વર્ગ ૩-૪ના કર્મીઓને ૩૩ ટકા જ બોલાવાશે. હોટસ્પોટ, કન્ટેન્મેન્ટ ઝોનમાં કચેરીઓ ખુલશે નહીં. ૨૦ એપ્રિલ બાદ સરકારી કચેરીઓ ખુલશે. અન્ય કર્મચારીઓ ઘરેથી જ કામ કરશે. કર્મચારીઓનું નિયમિત સ્ક્રિનિંગ પણ કરાશે.

વર્ગ-૩ અને વર્ગ-૪ના ત્રીજા ભાગના કર્મચારીને જ બોલાવાશે. હોટસ્પોટ અને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં આવતી ઓફિસ બંધ રહેશે. જિલ્લા કલેક્ટર સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કરી વાત. ૨૦ એપ્રિલથી બાદ તબક્કાવાર કેટલાક એકમોને છૂટ અપાશે. નિયમના પાલન સાથે ઉદ્યોગ શરૂ કરી શકાશે. એપીએમસીમાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન થાય તે જરૂરી. આજે રાજ્યમાં ૬૦ માર્કેટિંગ યાર્ડ કાર્યરત છે.

જામનગરમાં કલેક્ટરને ૫૧ લાખનો ચેક આપવા ૨૧ જણાએ લાઈન લગાવી

ભાજપના નેતાઓએ જ સોશ્યલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડાવ્યા

જામનગર

હાલ કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે તેની સામેની લડત માટે જામનગરની ચાર સંસ્થાઓએ ભેગી મળીને ગત બુધવારે જિલ્લા કલેક્ટરને કુલ ૫૧ લાખની સહાય નિધિના ચેક આપ્યા હતા. આ ચેક અર્પણ કર્યાની પ્રસિદ્ધિ મેળવવાની લ્હાયમાં ખુદ જામનગરના ભાજપના સાંસદ પૂનમ માડમ, રાજ્યના કૃષિ મંત્રી આર સી ફળદુ, અન્ન-પૂરવઠા રાજ્યમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા ઉપરાંત વ્યાપારી મંડળોના અગ્રણીઓએ સોશિયલ ડિસ્ટન્સિંગના લીરેલીરા ઉડાડ્યા હતા. ભાજપની એક યા બીજી પાંખ સાથે જોડાયેલા આ મહાનુભાવો ઉપરાંત બીજા પચાસેક લોકોએ સાથે ઊભા રહીને ૫૧ લાખનો ચેક આપ્યાના ફોટા પડાવ્યા હતા.

કોરોના મહામારીના કપરા કાળમાં કલેક્ટર રવિશંકરને ચેક અર્પણ કરવાની ઔપચારિકતાને ભાજપના નેતાઓએ ચેકમહોત્સવમાં તબદિલ કરી નાંખી હતી. આ ચેકમહોત્સવમાં મુકેશ દાસાણી, ઉપરાંત વિપુલ કોટક, ભરત કવાડ, ગોપાલ સોરઠીયા, હસમુખ હિન્ડોચા, આર સી ફળદુ, પૂનમ માડમ, જીતુ લાલ, દીપેન્દ્રસિંહ જાડેજા ભેગા થયા હતા. આ ઉપરાંત ભાજપના સંખ્યાબંધ અગ્રણીઓ અને કાર્યકરો પણ જોડાયા હતા.

૯૧૬ નંગ બોટલ દારુ ઝડપાયો

ગાંધીનગર એલસીબીએ લિસ્ટેડ બુટલેગર પાસેથી દારૂનો મોટો જથ્થો ઝડપ્યો

ગાંધીનગર

દેહગામ તાલુકાના વાસણા રાઠોડ ગામની સિમના ખેતરમાં ઢોર બાંધવાની ગમાણમાં અને બોર કૂવાની ઓરડીની અંદર બનાવેલ ભોયરામાં સંતાડી રાખવામાં આવેલો અલગ-અલગ જાતની બ્રાન્ડની દારૂની ૯૧૬ નંગ બોટલ ગાંધીનગર એલસીબીએ દરોડો પાડીને જડપી પાડ્યો છે. પોલીસે બે લાખનો મુદ્દામાલ જમ કરી લિસ્ટેડ બુટલેગર અજીત સિંહ ઉર્ફે બકાભાઈ રણુંભા ડોડીયાની ધરપકડ કરી છે.

દેહગામ તાલુકાના વાસણા રાઠોડ ગામની સિમમાં લિસ્ટેડ બુટલેગર અજીત સિંહ ઉર્ફે રણુભા ડોડીયા પરપ્રાંતના દારૂનું વેચાણ કરતો હોવાની બાતમીના આધારે ગાંધીનગર એલસીબીના પીએસઆઈ વીકે રાઠોડ અને સ્ટાફના માણસોએ વાસણા રાઠોડ ગામની સિમમાં ખેતરમાં ઢોર બાંધવાની ગમાણમાં તપાસ કરી હતી. આરોપી લિસ્ટેડ બુટલેગરે ઢોર બાંધવાની ગમાણની નીચેના ભાગમાં ટાંકીઓ બનાવી હતી, તેમજ બોરની ઓરડીમાં ભોયરૂ બનાવ્યું હતું.જેની ઉપરના ભાગમાં ઘાસ પાથરી દીધું હતું. પોલીસે આ ઘાસ હટાવીને અંદર તપાસ કરતાં એક ભોયરૂ મળી આવ્યું હતું, આ ભોયરામાં અને ગમાણમાં બનાવેલ ટાંકીમાં તપાસ કરતાં ૧૦૦ નંગ બિયર અને ૮૧૬ નંગ વિવિધ બ્રાન્ડની પરપ્રાંતિય દારૂની બોટલો મળી આવી હતી. એલસીબીએ કુલ ૯૧૬ નંગ બિયર અને પરપ્રાંતિય દારૂની બોટલો તેમજ મોબાઈલ મળી કુલ બે લાખનો મુદ્દામાલ જમ કર્યો છે.

કોરોનાના ૧૦૨૧માંથી ૫૧૧ છેલ્લા પાંચ દિવસમાં

ગુજરાતમાં કોરોનાના અડધોઅડધ કેસ છેલ્લા પાંચ દિવસમાં નોંધાયા

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે વધુ ૯૨ કેસ સાથે ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંક ૧૦૨૧ થઈ ગયો છે. આમ, કોરોનાના કુલ કેસો આંક ૧ હજારને પાર થયો હોય તેવા દેશના ૬ રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થઈ ગયો છે. જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૩૨૦૨, દિલ્હીમાં ૧૬૪૦, તામિલનાડુમાં ૧૨૬૭, રાજસ્થાનમાં ૧૧૬૯, મધ્ય પ્રદેશમાં ૧૧૬૪ જ્યારે ગુજરાતમાં ૧૦૨૧ કેસનો સમાવેશ થાય છે. ગુજરાતમાં નોંધાયેલા ૧૦૨૧ કેસમાંથી અડધોઅડધ એટલે કે ૫૧૧ તો માત્ર છેલ્લા પાંચ દિવસમાં નોંધાયા છે. જેમાં ૧૩ એપ્રિલે ૫૬, ૧૪ એપ્રિલે ૭૮, ૧૫ એપ્રિલે ૧૧૬, ૧૬ એપ્રિલે ૧૬૩ જ્યારે ૧૭ એપ્રિલે સવાર સુધીમાં ૯૮ કેસ નોંધાયા હતા.

આ ઉપરથી જ ગુજરાતમાં કોરોનાના કેસની સ્થિતિ દિવસેને દિવસે કેટલી ગંભીર થઈ રહી છે તેનો તાગ મેળવી શકાય છે. ગુજરાતમાં પ્રથમ ૧૯ દિવસમાં ૧૪૬ જ્યારે છેલ્લા ૧૦ દિવસમાં ૭૭૦ કેસ નોંધાયા છે.

હજુ ૮ જિલ્લા એવા છે જ્યાં કોરોનાએ પગપેસારો કર્યો નથી અને તેમાં સુરેન્દ્રનગર-અમરેલી-જૂનાગઢ-દ્વારકા-ડાંગ-નવસારી-વલસાડ-તાપીનો સમાવેશ થાય છે. આમ, ૨૫ જિલ્લામાં ૧૦૨૧ કેસ નોંધાયા છે અને તેમાંથી ૭૪ વ્યક્તિ કોરોનાને પરાસ્ત કરવામાં સફળ રહ્યા છે.

પાટણમાં રાહતના સમાચારઃ કોરોનાગ્રસ્ત સાત દર્દીઓને સારવાર બાદ રજા અપાઈ

પાટણ

પાટણમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. ત્યારે એક રાહતના સમાચાર પણ સામે આવ્યા છે. પાટણમાં કોરોનાના ૭ દર્દીઓ સાજા થઈ જતા તેમને રજા આપવામાં આવી છે..આ ૭ દર્દીઓ પૈકી ૩ મહિલા છે અને ૪ પુરુષો છે. જેઓ કોરોનાની ઝપેટમાં આવ્યા હતા. પરંતુ હાલ તેઓનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં ૯૨ નવા પોઝિટીવ કેસ સામે આવ્યા, આંકડો ૧૦૨૧ પર પહોંચ્યો અમદાવાદ ૪૫ કેસ સામે આવ્યા છે. વડોદરામાં ૦૯ કેસ સુરતમાં ૧૪ કેસ ભરૂચ ૮ બોટાદ ૩ છોટાઉદાપુર ખેડા ૦૧ મહિસાગર ૦૧ કેસ નર્મદામાં ૫ કેસ પંચમહાલ ૯૨ કેસ પોઝિટીવ આવ્યા છે.અમદાવાદ શહેરમાં આંકડો ૫૯૦ પર પહોંચ્યો છે. અમદાવાદ અને વડોદરામાં કોરોના પોઝિટિવ દર્દીનું મોત અમદાવાદમાં વટવા, જમાલપુર, કાલુપુર ચાંદખેડા, વેજલપુર, દરિયાપુર, નિકોલ માં નોંધાયા નવા કેસ. જ્યારે ૭૪ જેટલા દર્દીને રજા આપવામાં આવી છે.

આ વિસ્તારમાં કેસો વધતા તંત્રએ આ વિસ્તારને ક્લસ્ટર કોરેન્ટાઇન કર્યો છે

ગુલબાઈ ટેકરાના સ્લમ વિસ્તારમાં સ્થાનિકોનો હોબાળો, પતરા-બેરીકેટ તોડી નાંખ્યા

અમદાવાદ

ગુજરાતમાં કોરોના મહામારીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. અમદાવાદ જાણે કોરોનાનું એપીસેન્ટર હોય તેમ કોરોના વાયરસનો ખતરો સતત વધી રહ્યો છે. કોરોના સંક્રમિતોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. આ મહામારીમાં લોકોને ઘરમાં રહેવા અપીલ કરવામાં આવી રહી છે. આ સંજોગોમાં અમદાવાદ શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાંથી ૬ કોરોના પોઝિટિવ દર્દીઓ નોંધાતા તંત્ર દ્વારા આ વિસ્તારને ક્લસ્ટર કોરેન્ટાઈન કરાયો છે.

અમદાવાદના ગુલબાઈ ટેકરા વિસ્તારમાંથી ૭૨ લોકોને ક્વોરન્ટાઈન કરાયાં છે અને તેમને વિશ્વકર્મા કોલેજમાં રાખવામાં આવ્યા છે. આ સંજોગોમાં ગુલબાઈ ટેકરા સ્લમ એરિયાની દસ હજારની વસ્તીનો ટેસ્ટ કરાશે અને તમામ લોકોની ખાવાપીવાની વ્યવસ્થા પણ કરાઈ છે. આ તમામ વાતો વચ્ચે આજે એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. કોરોના વાઈરસના ૬થી વધુ પોઝિટિવ કેસના પગલે ક્લસ્ટર ક્વોરન્ટીન કરવામાં આવેલા ગુલબાઈ ટેકરાના સ્લમ વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકોએ હોબાળો કર્યો છે.

કરફ્યૂ વિસ્તારમાં લોકોનો સહયોગ નહીં મળે તો કાયદેસરની કાર્યવાહી કરાશેઃ ડીજીપી

ગાંધીનગર

રાજ્યમાં કોરોના વાયરસની સ્થિતિ અંગે રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ પ્રેસ કોન્ફરન્સ કરી માહિતી આપતા કહ્યું કે રાજ્યના જે વિસ્તારમાં સંક્રમણ છે ત્યાં મેડિકલ ચકાસણી કરવા કરફ્યૂ લગાડાશે. રાજકોટના જંગલેશ્વર વિસ્તાર અને રાજલક્ષ્મી સોસાયટી વિસ્તારમાં આજે મધરાતથી કરફ્યૂ લગાવવામાં આવશે. કરફ્યૂના અસરકારક અલમ માટે SRPની ૩ કંપનીઓ પણ ફાળવવામાં આવશે.

આ સિવાય તેમણે કહ્યું કે આજ ડેમ પટ વિસ્તારમાં આઠ ઘોડે સવારની ટીમ ફાળવાઈ છે. તેમણે કહ્યું કે અમદાવાદના કરફ્યૂગ્રસ્ત વિસ્તારમાં લોકો અમલવારી નથી કરતા. અમદાવાદમાં કરફ્યૂ ભંગના ગુના બદલ ૮૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે સુરતમાં કરફ્યૂ ભંગના ગુના બદલ ૨૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે સુરતમાં કરફ્યૂ ભંગના ૪ ગુના ડ્રોન મારફતે નોંધવામાં આવ્યા છે. ઉપરાંત, ચેતવણી આપતા કહ્યું કે જો કરફ્યૂ વિસ્તારમાં લોકોનો સહયોગ નહીં મળે તો કાયદેસરની કાર્યવાહી કરાશે. ઉપરાંત શિવાનંદ ઝાએ કહ્યું કે રાજ્યમાં ૪૧ હજાર ૭૦૦ વાહનો મુક્ત કરાયા છે. આપણે કોરોના વાયરસની ગંભીરતાને સમજવાની જરૂર છે.

કોરોનાઃ દિલ્હીથી ૨૪૦૦૦ ટેસ્ટીંગ કીટ અમદાવાદ પહોંચી

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે રાજ્ય માટે ટેસ્ટિંગ કીટને લઈને રાહતના સમાચાર આવ્યાં છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત માટે વધુ ૨૪૦૦૦ ટેસ્ટિંગ કીટ મોકલવામાં આવી છે જે અમદાવાદ ખાતે પહોંચી ગઈ છે. કોરોના વાયરસનો કહેર સતત વધી રહ્યો છે. ત્યારે કોરોના વાયરસના વધતા ખતરાને લઈને રાજ્ય સરકાર દ્વારા કોરોના ટેસ્ટીંગ કીટ મંગાવવામાં આવી હતી. જે કોરોનાની ટેસ્ટીંગ કીટ અમદાવાદ પહોંચી છે. ૨૪૦૦૦ ટેસ્ટીંગ કીટ દિલ્લીથી અમદાવાદ પહોંચી છે. કીટની તંગીને લઈને રાજ્ય સરકારે મદદ માગી હતી.

રાજસ્થાન હાઈકોર્ટે મોરબીના સિરામિક ઉદ્યોગમાં વપરાતા મટીરીયલ્સ પરના પ્રતિબંધ હટાવ્યા

મોરબી

શહેરના સિરામિક ઉદ્યોગમાં વપરાતા ચિપ્સ, ગીટી અને ગ્રીન્સ સહિતના મટીરીયલ્સની સપ્લાય પર રાજસ્થાન સરકારે પ્રતિબંધ લગાવ્યા હતો, જેની સામે રાજસ્થાન હાઈકોર્ટમાં કરેલી રીટનો ચુકાદો મોરબીના ઉદ્યોગની તરફેણમાં આવ્યો છે અને પ્રતિબંધ હટાવવાનો આદેશ રાજસ્થાન હાઈકોર્ટ દ્વારા આપવામાં આવ્યો છે.

મોરબીના ઉદ્યોગપતિઓ દ્વારા રાજસ્થાનથી ચિપ્સ, ગીટી અને ગ્રીન્સ સહિતના રો મટીરીયલ્સમાંથી ઉત્તમ ગુણવત્તાની માટી તૈયાર કરવાના પ્લાન્ટ તૈયાર કર્યા હોય અને મોરબીમાં ૬૦૦ કરોડથી વધુનું રોકાણ કરવામાં આવ્યું હતું. જોકે રાજસ્થાન સરકારે આ રો-મટીરીયલ્સની સપ્લાય પર પ્રતિબંધ લગાવ્યો હતો અને સપ્લાય અટકી પડી હતી. જેને પગલે રાજસ્થાન સરકારના નિર્ણય સામે મોરબીના ઉદ્યોગકારો દ્વારા રીટ દાખલ કરવામાં આવી હતી.

બનાસકાંઠામાં ઈકો અને ટ્રક વચ્ચે ટક્કર થતા એકનું મોત

બનાસકાંઠા

ગુજરાતમાં કોરોના મહામારીને કારણે લોકડાઉન કરવામાં આવ્યું છે. લોકડાઉનની અમલવારી છતા લોકો રોજબરોજ નવા-નવા બહાના કાઢીને ઘરની બહાર નીકળી રહ્યા છે. ત્યાર આવામાં અકસ્માતનાં બનાવો બની રહ્યા છે. બનાસકાંઠામાં ઈકો ગાડી અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો છે. જેમાં એકનું મોત નીપજ્યું છે. આ મામલે પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી. આ મામલે મળતી માહિતી અનુસાર બનાસકાંઠાના ઝેરડા અને કસારી વચ્ચે આ અકસ્માતની ઘટના બની હતી. જેમાં ઈકો ચાલકોનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ મામલે પોલીસને જાણ થતા ઘટના સ્થળે આવી મૃતકદેહને પી.એમ અર્થે ડીસા સિવિલ ખસેડાયો હતો.

સુરત સિવિલ હોસ્પિ.ના ડોક્ટર મયંક કલસરિયાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

અમદાવાદ સિવિલના સુપ્રિ.ના પુત્રને કોરોના પોઝિટિવ આવતા હડકંપ

અમદાવાદ

અમદાવાદ સમગ્ર ગુજરાતમાં કોરોનાનું હોટ સ્પોટ બની ગયું છે. દિવસે દિવસે વધતા જતા કેસો આગામી સમય માટે લાલબત્તી સમાન બની ગયા છે. ગુરુવારે અમદાવાદ મ્યુનિસિપલના આસિ. કમિશનરને કોરોના પોઝિટીવ આવ્યા બાદ સિવિલના સુપ્રિટેન્ડેન્ટને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. અમદાવાદમાં સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટના પુત્રને કોરોના પોઝિટિવ આવતા હડકંપ મચી જવા પામ્યો છે. અમદાવાદમાં સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.જી.એચ. રાઠોડના પુત્રને કોરોના પોઝિટિવ આવ્યો છે. જેના કારણે ગાઈડલાઈન્સ પ્રમાણે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.જી.એચ. રાઠોડ ક્વોરન્ટાઈન થતા તેમની જગ્યાએ ડૉ. J.P. મોદીએ સુપ્રિટેન્ડેન્ટનો ચાર્જ સંભાળ્યો છે. જ્યારે ૧૨૦૦ બેડની હોસ્પિટલનો ચાર્જ ડૉ. ગઢ્ઢરને સોંપવામાં આવ્યો છે.

બીજી બાજુ સુરતમાંથી પણ એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. સુરત સિવિલ હોસ્પિટલના ડોક્ટરને કોરોનાનો ચેપ લાગ્યો છે. સુરત સિવિલ હોસ્પિટલના ડૉ. મયંક કલસરિયાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા વિસ્તારમાં ચર્ચાઓ થવા લાગી છે. લોકોમાં ડરનો માહોલ બનેલો છે.

ઓલપાડમાં વિકાસ એજન્સીઓ કર્મચારી સંતોષ યાદવ કોરોનાગ્રસ્ત

ઓલપાડ વિસ્તારમાં કોરોના એ એન્ટ્રી કરતા આરોગ્ય તંત્ર દોડતું થયું

સુરત

સુરત જિલ્લાના ઓલપાડમાં ૩૦ વર્ષીય સંતોષ રમણ યાદવનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા સુરત જિલ્લા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. સુરત જિલ્લામાં આ કોરોના વાયરસના પોઝિટિવ દર્દીનો આ બીજો કેસ છે.

સુરત જિલ્લા આરોગ્ય વિભાગે આજે પોઝિટિવ આવેલા ઓલપાડના વિકાસ એજન્સીમાં કામ કરતા સંતોષ સિંહ યાદવના સંપર્કમાં આવનારા તમામ લોકોનું ટ્રેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ટ્રેકિંગ સહિત ટેસ્ટિંગ પણ શરૂ કરી દઈ દર્દી સંતોષ યાદવની સંપર્કમાં આવનારા તમામને હોમ કોરોન્ટાઈન લઈને આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી છે.

આજ દિન સુધીમાં સુરત ગ્રામ્ય વિસ્તારોમાં માત્ર બે કેસ પોઝિટિવ નોંધાયા હતા. દરમિયાન આજે તા. ૧૭મી એ સવારે ઓલપાડ વિસ્તારમાં એક કેસ પોઝિટિવ નોંધાતા સુરત જિલ્લા પંચાયતનું આરોગ્ય તંત્ર દોડતુ થઈ ગયું છે. ઓલપાડની વિકાસ એજન્સીના કર્મચારીનો તપાસ રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતા એ કેસની હિસ્ટ્રીના આધારે ટ્રેડિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

અમદાવાદમાં એલ.જી હોસ્પિટલના ૪ ડોક્ટર અને એક નર્સ કોરોના પોઝિટિવ

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાના કહેર ડોક્ટરો અને હેલ્થ ડિપાર્ટમેન્ટને પણ નથી છોડતો. અમદાવાદની એલજી હોસ્પિટલમાં ડોક્ટરો અને પ્રોફેસરો સહિત ૧૦ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો છે. દર્દીની સારવાર કરનાર ડોક્ટર ખુદ કોરોનાનો શિકાર બની ગયા છે. ગઈકાલે પાંચ લોકો પોઝિટિવ આવ્યા હતા આજે એક ડોક્ટર સહિત પાંચ લોકો પોઝિટિવ આવ્યા છે. અત્યાર સુધી ૧૯ જેટલા ડોક્ટર સહિતના સ્ટાફને કોરોના લાગી ચુક્યો છે જ્યારે ૪ પોલીસકર્મી અને ૧૪ મનપાકર્મી કોરોનાગ્રસ્ત થઈ ગયા છે. રાજ્યમાં કોરોના વાયરસનો ખતરો સતત વધી રહ્યો છે. ત્યારે અમદાવાદ શહેરમાં પણ કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. કોરોના દર્દીઓની સારવાર કરતા ડોક્ટરો પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. એલજી હોસ્પિટલમાં વધુ ૫ લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે. ૪ ડોક્ટર અને ૧ નર્સને કોરોના પોઝિટિવ આવ્યા છે. ગઈ કાલે એક ૩ સરકારી અધિકારી પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય અને કોર્પોરેટરો પણ કોરોનાનો શિકાર બની ચુક્યા છે. પોલીસકર્મી પણ કોરોના ગ્રસ્ત થઈ ચુક્યા છે. ત્યારે ફરજ નિભાવતા નિભાવતા સ્વાસ્થ્ય કર્મી, મનપા કર્મી અને પોલીસ કર્મી પણ કોરોનાનો શિકાર બની ચુક્યા છે.

એનવાયસીએસ દ્વારા અમદાવાદના ૫૦૦થી વધુ જરૂરીયાતમંદ લોકો સુધી ભોજન પહોંચાડાય છે



સોસાયટીના ઘરે - ઘરે થી રોટલી એકત્રિત કરી ફૂડપેકેટ તૈયાર કરવામાં આવે છે

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

નેશનલ યુવા કો ઓપ . સોસાયટી લી. (NYcs) ગુજરાતના સંયોજક ચિરાગ શેટેએ અખબારી યાદી માં જણાવે છે કે, NYCS દ્વારા અમદાવાદ માં સતત ૨૦ દિવસ થી વૈશ્વિક મહામારી COVID19 સામે લડવા પ્રધાન મમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા દેશરક્ષા તેમજ લોકરક્ષા માટે આપવા આવેલ લોકડાઉન ની પરિસ્થિતિ માં યુવાનો ના સહયોગ થી સમાજમાં જઈ અનાજ એકત્રિત કરી ભોજન બનાવામાં આવે છે. તેમજ જે લોકો રોજનું રોજ કમાઈ રોજ ખાય છે તેવા અમદાવાદના પુનીતનગર , ઘોડાસર, જશોદાનગર વિસ્તાર માં રહેતા સમાજના લોકો સુધી ભોજન માં પોહચાડવાનું ભગીરથ કાર્ય યુવા મિત્રો દ્વારા કરવામાં આવી રહ્યું છે . સોસાયટીના ઘરે - ઘરે થી રોટલી એકત્રિત કરી ફૂડપેકેટ તૈયાર કરવામાં આવે છે. સોસાયટીના બેહેનો દ્વારા રસોઈ બનાવામાં આવે છે. રોજ આશરે ૫૦૦ થી ૬૦૦ માણસોની રસોઈ બનાવવામાં આવે છે .

નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરાઈ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો અમલ કરવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૧૫ એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૨૫૧ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૬૫ ની અટક કરવામાં આવી છે. તેમજ ધ એપીડેમીક ડીસીઝ એકટ ૨૦૦૫ હેઠળ ૪ ઈસમો સામે એફઆઈઆર કરવામાં આવી છે. અને ૧૨ વ્યકિતની અટક કરવામાં આવી છે. ૩૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા અને રૂપિયા ૮,૫૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તા. ૧૫ એપ્રિલ સુધીમાં કુલ ૩૭૧૫ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૪૧૨૨ વ્યકિતઓની અટક કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

પલસાણામાં જરૂરિયાતમંદોને અનાજની કીટ વિતરિત કરાઈ

સુરત

ગુજરાત રાજ્યમાં પણ કોરોનાએ પોતાનો કેર વર્તાયો છે. ત્યારે તેને રોકવા માટે સરકાર અનેક પ્રયાસો કરી રહી છે. સુરત જિલ્લામાં પણ આ મહામારીના કારણે લોકડાઉન સ્થિતિમાં સેવાકીય પ્રવૃત્તિ કરતી વિવિધ સંસ્થાઓ લોકોની મદદે આગળ આવી રહી છે. ત્યારે પલસાણા તાલુકા પંચાયત ના સભ્યો દ્વારા પલસાણા તાલુકાના અતરિયાળ વિસ્તારોમાં મજુર ગરીબો તથા જરૂરિયાત મંદોને આવી અનાજની કીટો આપી ઉત્તમ સેવા પુરી પડાઈ હતી.

સુરત જિલ્લામાં પણ કોરોનાની મહામારીને પહોંચી વળવા લોકડાઉન જેવી કપરી પરિસ્થિતિમાં સેવા કાર્ય કરતી સંખ્યાબંધ સંસ્થાઓના આગેવાનો ગરીબોની સેવા માટે આગળ આવ્યા છે. સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં સ્થાનિક આગેવાનો તથા રાજકીય અગ્રણીઓ તેમજ અરૂણ દુબે દયાશંકર શુક્લા જેવા વિગેરે સામાજિક કાર્યકરો દ્વારા કડોદરા વરેલી તાતીથૈયા મેળવા સહિતના વિગેરે ગામોના અતરિયાળ વિસ્તારોમાં પછાત વર્ગના નિરાધાર મજુર ગરીબો તથા જરૂરિયાત મંદોના ઘેર ઘેર જઈ ખાદ્ય સામગ્રી તથા આવશ્યક ચીજ વસતુ જેવી કે ઘઉ, ચોખા, દાળ, તેલ , બિસ્કીટ સહિતની અનાજની કીટનું વિતરણ લોકડાઉનથી લઈને અત્યાર સુધીના દિવસોમાં પોતાના ખર્ચે ૧૦૦૦ જેટલી અનાજની કીટોનું વિતરણ કરી સમાજમાં માનવતાનો ઉત્તમ દાખલો બેસાડયો હતો.

નવસારી જિલ્લામાં ૩૧૦ લોકોના તપાસ રિપોર્ટ નેગેટિવ આવ્યાં

આજ દિન સુધી નવસારી જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયેલ નથી

નવસારી

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાઈરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે નવસારી જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રશસ્તિ પારીકના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહયાં છે. કોરોના અંતર્ગત જિલ્લામાં એકપણ કેસ પોઝીટીવ આવેલ ન હોવાનું તેમજ જિલ્લામાં અત્યારસુધીમાં સીઝનલફલુ/કોરોનાના ૩૧૦ દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. ૦૫ રિપોર્ટ બાકી હોવાનું જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો.ભાવસારની યાદીમાં જણાવાયું છે.

માતાની અંતિમવિધી પતાવી વલસાડ કલેક્ટર ખરસાણ ફરજ પર હાજર

વલસાડ

વલસાડ કલેક્ટર સી. આર. ખરસાણના માતૃશ્રી રેવાબેન રમાભાઈ ખરસાણનું તા.૧૫/૪/૨૦૨૦ના રોજ સ્વર્ગવાસ થયો છે. વર્તમાન સમયમાં કોરોના વાઈરસની મહામારીના અનુસંધાનમાં તેઓએ બનાસકાંઠામાં માતાની અંતિમવિધિ પતાવીને ૨૪ કલાક પૂર્ણ થાય તે પહેલાં વલસાડ ફરજ ઉપર હાજર થયા છે.

પોતાની કામ પ્રત્યેની જવાબદારી, નિષ્ઠા અને વલસાડ જિલ્લાના લોકોની ચિંતા કરતા આવા બાહોશ અધિકારી ખરા અર્થમાં કોરોના વોરિયર્સ છે.

લોકહિતમાં પરિવારની જવાબદારી બાજુ પર રાખનાર આવા જ બાહોશ અધિકારીઓની દેશને ખરેખર જરૂર છે. આવા કામ પ્રત્યેન નિષ્ઠાવાન અધિકારીઓ જ્યાં સુધી છે, ત્યાં સુધી કોરોના જેવા સેંકડો રાક્ષસો દેશનું કંઈ ના બગાડી શકે

આમ તો માતા રેવાબેન સાથે જ રહેતા, પરંતુ લગ્ન પ્રસંગે તેઓ બનાસકાંઠા ગયા હતા. આ સમય દરમિયાન લોકડાઉન થતાં લગ્ન મોકૂફ રખાયા અને માતા લોકડાઉનના કારણે બનાસકાંઠા જ રોકાઈ ગયા હતા. માતાએ કહ્યું લોકડાઉન ખૂલે એટલે આવીશ, પરંતુ લોકડાઉન ખૂલ્યા બાદ માતાને મળવાની ઈચ્છાય અધૂરી જ રહી ગઈ.

કોરોના મહામારીમાં પોતાની ફરજ પ્રત્યેની જવાબદારી અને જિલ્લાની ચિંતા કરનાર આવા વલસાડના કલેક્ટરને આ દુ:ખદ પ્રસંગમાં લડવાની ભગવાન શક્તિ અર્પે.

તાપી જિલ્લામાં કાર્યરત કંટ્રોલરૂમ સંદર્ભે અગત્યની સૂચના

પડેલ પેદાશો સંબંધિત જાણખારી મળી શકશે

વ્યારા

'કોરોના'ને પગેલ જાહેર કરાયેલા "લોકડાઉન"ની સ્થિતિ વચ્ચે પ્રજાજનોને આવશ્યક ચીજવસ્તુઓ સહેલાઈથી ઉપલબ્ધ કરવી શકાય તે માટે તાપી જિલ્લાના આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટોલ ફ્રી નંબર ; ૧૦૭૭ રાઉન્ડ ધી ક્લોક કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે.

આ જ હેતુ માટે જિલ્લા પુરવઠા કચેરી ખાતે પણ ગત તા.૨૫ ૩ ૨૦૨૦થી શરૂ કરાયેલો અન્ય એક કંટ્રોલરૂમ ; ૦૨૬૨૬-૨૨૪૪૦૧ કે જેની હાલના સંજોગોમાં આવશ્યકતા રહેતી ના હોય આ કંટ્રોલરૂમ તા.૧૬ ૪ ૨૦૨૦ના રોજ સવારના ૮ વાગ્યાથી બંધ કરવામાં આવ્યો છે. જેની સંબંધીતોને નોંધ લઈ, લોકડાઉન સહિત આવશ્યક ચીજવસ્તુઓ બાબતેની કોઈ પણ રજૂઆત કે ફરિયાદ હોય તો જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ખાતેના કંટ્રોલરૂમ ; ૧૦૭૭ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

આ ઉપરાંત તાપી જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓ માટેનો કંટ્રોલરૂમ ૦૨૬૨૬-૨૨૦૪૫૩ અને, શાકભાજી કે અન્ય ખેત પેદાશોના વેચાણ સંબંધી જાણકારી કે મુશ્કેલી માટેનો કંટ્રોલરૂમ ૦૨૬૨૬-૨૨૦૩૬૫ રાઉન્ડ ધ ક્લોક ચાલુ રાખવામા આવ્યો છે. જેનો સંબંધીઓને લાભ લેવા અનુરોધ કરાયો છે.

અંકલેશ્વર એપીએમસી ગેટ પાસે બોડી સેનેટાઈજર મશીન મુકાયું

લોકોએ બોડી સેનેટાઈઝ મશીનમાંથી પસાર થવું પડશે

અંકલેશ્વર

અંકલેશ્વર ના ત્રણ રસ્તા સર્કલ પાસે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે મુખ્ય ગેટ પાસેના પ્રવેશ દ્વાર પર બોડી સૅનેટાઈઝર મશીન મુકવામાં આવ્યું છે શાકભાજી ના વેપારીઓ તેમજ વિક્રેતા ઓ એ આ મશીન માંથી સૅનેટાઈઝ થઇ પસાર થવું પડશે ,કોરોના વાયરસ ને ફેલાતો અટકાવવા માટે સરકાર દ્વારા લોકડાઉન કરવામાં આવ્યું છે ,અંકલેશ્વર ના ત્રણ રસ્તા પાસે આવેલ એપીએમસી માં શાકભાજી અને ફળ ફળાદી ખરીદ વેચાણ થાય છે,આ માર્કેટયાર્ડ માં સવારે ખેડૂતો ,વેપારીઓ અને ખરીદનારા ઓ આવતા હોય છે તેઓ ને બોડી સૅનેટાઈઝ કરવા માટે એપીએમસી તરફ થીમુખ્ય ગેટ ની બાજુમાં આવેલ પ્રવેશ દ્વાર પર બોડી સૅનેટાઈઝ મશીન મુકવામાં આવ્યું છે જેથી માર્કેટ માં આવતા ખેડૂતો વેપારીઓ અને ખરીદનારા ઓમશીન માં બોડી સૅનેટાઈઝ કરી ને અંદર પ્રવેશી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે

વોટ્સઅપ નંબર દ્વારા જાણ કરવાથી ઘરે આવી સેવા પુરી પાડશે

સુરત

ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ ઈલેકટ્રીક એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાના નેજા હેઠળ ચાલતા કોમન સર્વિસ સેન્ટર CSC દ્વારા લોગડાઉનના સમયે સિનીયર સિટીઝન, વિધવા બહેનો, પેન્શનરો, શ્રમિકો અને અન્ય લોકો પોતાના ઘર બેઠા જરૂરી નાણા મળી રહે તે માટે CSC દ્વારા આધાર એનેબલ પેમેન્ટ સિસ્ટમ દ્વારા કોઈપણ પ્રકારનો ચાર્જ લીધા વગર લોકોને ઘર બેઠા રૂા.૫૦૦ થી ૫૦૦૦ નાણા ઉપાડી આપવામાં આવશે. આ સુવિધાનો લાભ લેવા માટે ખાતાધારકનું આધારકાર્ડ નંબર તેના ખાતા સાથે લિંક હોવુ જરૂરી છે. તેમના દ્વારા તે ઘર બેઠા પૈસા ઉપાડવા માટે મદદરૂપ થઈ શકાય છે. આ માટે નજીકના CSC સેન્ટર તેમજ સુરતના કોન્ટેકટ કરી શકો છો.

ગરીબ તથા મધ્યમ વર્ગનું ત્રણ મહિનાનું વિજળી બીલ માફ કરો

સુરત કલેક્ટર મારફતે ઉર્જામંત્રીને આવેદન પાઠવાયું

સુરત, તા.૧૭

યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શાન ખાને ગરીબ, શ્રમજીવી અને મધ્યમ વર્ગના પરિવારોનું ત્રણ મહિનાનું ×વીજળી બિલ× માફ કરવાની માંગણી સાથે સુરત જિલ્લા કલેકટર મારફત કેન્દ્રીય અને ગુજરાત રાજ્યનાં ઉર્જા પ્રધાનને એક આવેદનપત્ર મોકલ્યું છે.

આવેદનપત્રમાં કહેવામાં આવ્યું છે કે કોવિડ -૧૯ રોગચાળાને લીધે થયેલ લોકડાઉનથી દેશના ગરીબ-મજૂરો અને મધ્યમ વર્ગના પરિવારોની આર્થિક સ્થિતિ કફોડી થઈ ગઈ છે. ઉદ્યોગ, વેપાર અને ધંધા બંધ હોવાના કારણે તેઓ બેરોજગાર બન્યા છે. આવી સ્થિતિમાં, તેઓ આર્થિક રીતે અક્ષમ થઈ ગયા છે અને ઘણા સ્થળોથી આત્મહત્યાઓના અહેવાલો પ્રાપ્ત થયા છે. આ સંજોગોને ધ્યાનમાં લેતા, દેશના ગરીબ-શ્રમજીવી અને મધ્યમ વર્ગના પરિવારોને રાહત આપવાની જરૂર છે. તેથી, અમે તમારી પાસેથી માંગણી કરીએ છીએ કે આવા પરિવારોના માર્ચ, એપ્રિલ, મે, ત્રણ મહિનાના ×વીજળીના બિલ× માફ કરવા જોઈએ જેથી તેમને થોડી રાહત મળે. આશા છે કે આપ તરફથી લોકલાગણીને ધ્યાનમાં રાખીને આ અંગે યોગ્ય નિર્ણય લેવાશે.

સુરત જિલ્લા કલેક્ટરે નવી સિવિલ હોસ્પિટલને બે કરોડની ગ્રાન્ટ આપી

આવશ્યક મેડિકલ સંસાધનો ખરીદવા માટેના અનુદાનને મંજૂરી

સુરત

રાજ્ય સરકારના ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગના ઉપક્રમ એવા ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન, સુરત દ્વારા પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ માટેની ગ્રાન્ટમાંથી નવી સિવિલ હોસ્પિટલને કોરોના સામેની લડાઈમાં મેડિકલ સંસાધનો ખરીદવા માટે રૂ.બે કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. કોરોના સામેના જંગમાં આ અનુદાન નવી સિવિલ હોસ્પિટલ માટે અતિ ઉપયોગી બની રહેશે.

કેન્દ્ર સરકારના ખાણ મંત્રાલયના સચિવશ્રી અને ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન, સ્ટેટ નોડલ યુનિટના ગુજરાતમાં કોરોના વાઈરસના કેસોનું પરીક્ષણ તથા સ્ક્રીનીગ અને અન્ય ઉપકરણોની ખરીદી/ઈન્સ્ટોલેશન માટેના ઠરાવને અનુલક્ષીને જિલ્લા કલેકટરશ્રી ડો.ધવલ પટેલ, જિલ્લા આયોજન અધિકારીશ્રી વી.સી. માંડવીયા તથા ભૂસ્તરશાસ્ત્રી શ્રીમતી સુનિતાબેન અરોરાના માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ), સુરતના વર્ષ-૨૦૨૦-૨૧ની ગ્રાન્ટના ઉપલબ્ધ ફંડમાંથી રૂ. બે કરોડમાંથી કોરોનાના દર્દીઓ માટે જરૂરિયાત મુજબ વેન્ટીલેટર, સી.આર. સિસ્ટમ, ડિજીટલ એક્ષ-રે, કેસેટ વિથ સ્ક્રીન વેન્ચરી મેડિકલ ઓક્સિજન માસ્ક, મલ્ટીપેરા મોનિટર, દવાઓ, પીપીઈ કીટ્સ , ઓક્સિજન, કોવિડ-૧૯ ટેસ્ટીગ કીટ્સ તેને લગતા કન્ઝયુમેબલ તથા એસેસરીઝ, લિનન, ફર્નિચર અને એન-૯૫ માસ્ક, સ્ટેશનરી, પેટી સપ્લાય, લેબોરેટરી સુવિધા, હેન્ડ સેનિટાઈઝર, બાયોમેડિકલ વેસ્ટ કન્ટેનર અન્ય જરૂરી ડેડસ્ટોક આઈટમ, કન્ઝયુમેબલ તથા ઈક્વિપમેન્ટ ખરીદી કરવામાં આવશે. અનુદાનની મંજૂરી તબીબી અધિક્ષકશ્રીની કચેરી, નવી સિવિલ હોસ્પિટલને તા.૧૬મી એપ્રિલના રોજ કલેકટરશ્રી ડો.ધવલ પટેલ દ્વારા આપવામાં આવી છે.

લોકડાઉન સમયને રચનાત્મક પ્રવૃત્તિમાં ફેરવી યોજી ઓનલાઈન ચિત્ર સ્પર્ધા

વલસાડ

કોરોના વાઈરસે દુનિયાને હચમચાવી નાંખી છે. આપણા દેશમાં પણ કોરોના વાઈરસનું સંક્રમણ વધે નહીં તે માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોકડાઉન જાહેર કર્યું છે. કોરાના વાઈરસ સામેની લડાઈમાં સમગ્ર દેશવાસીઓ જોડાયા છે. કોરાના વાઈરસ સામે જન જાગૃતિ પણ ફેલાવવામાં આવી રહી છે. આવો જ સંદેશો ફેલાવી વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોંઢા કેન્દ્ર શાળાના બાળકોએ ચિત્ર સ્પવર્ધા યોજી જનજાગૃતિ ફેલાવી કોરાના વોરીયર્સ બન્યા છે.

લોકડાઉનના કારણે શૈક્ષણિક કાર્યો પણ પ્રભાવિત થયા છે. શાળા- કૉલેજોમાં પણ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. લોકડાઉન સમયમાં બાળકો પ્રવૃત્તિમય રહે તેના માટે અનેક સંસ્થાઓ કાર્ય કરી રહી છે. આવું જ કંઈક નાનાપોંઢા કેન્દ્ર શાળાના શિક્ષક શ્રી સ્નેહલભાઈ પટેલે અલગ કાર્ય કર્યું છે. જેના થકી બાળકો પ્રવૃત્તિમય રહે અને ઉત્સાહ પણ વધે.

સ્નેહલભાઈ જણાવે છે કે ધોરણ-૭ના વિદ્યાર્થીઓના વાલીઓનું વોટસઅપ ગૃપ બનાવવામાં આવ્યું જ હતું. આવામાં લોકડાઉન જાહેર થતાં બાળકો ઘરે રહી રચનાત્મક પ્રવૃત્તિમાં જોડાયેલા રહે તે માટે ઓનલાઈન ચિત્ર સ્પર્ધા યોજવાનું નકકી કરવામાં આવ્યું. ચિત્રસ્પર્ધાનો વિષય ગૃપમાં મોકલી આપવામાં આવ્યો અને બાળકોએ પોતાની આગવી કળાથી કોરોના સામે જનજાગૃતિ ફેલાવતા ચિત્રો અંકિત કરી ઓનલાઈન સબમીટ કર્યા હતા.

આ ચિત્ર સ્પર્ધામાં પ્રથમક્રમે ભુવનેશ્વરી પટેલ, દ્વિતીયક્રમે પ્રિયા પટેલ, તૃતીયક્રમે ખુશ્બુ માલી વિજેતા થયા હતા. આ સ્પર્ધામાં ૨૫થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. બાળકોને ઘરબેઠાં શિક્ષણ મળી રહે તે માટે વોટસઅપ દ્વારા શિક્ષણનું મટીરીયલ પુરું પાડવામાં આવે છે અને બાળકો અનોલાઈન શિક્ષણ મેળવી રહ્યા છે. આમ કોરાના વાઈરસના સંક્રમણને રોકવાના જનજાગૃતિમાં વોરીયર્સ બની કાર્ય કર્યું છે.

સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતી ગણદેવી પીપલ્સ બેંક

રૂ. ૪,૪૨,૦૦૦/- પ્રધાનમંત્રી મુખ્યમંત્રી રાહતફંડમાં આપ્યાં

સુરત

કોવિડ-૧૯ ની મહામારીમાં પણ ગણદેવી પીપલ્સ કો.ઓ.બેન્કે પોતાની આર્થિક પ્રગતિ કરી છે. બેન્કના કુલ બિઝનેસમાં ૧૧.૭૮ ટકા વધારો થયો છે. તેમજ ડિપોઝીટમાં ૧૪.૩૫ ટકા વધારો તેમજ એડવાન્સમાં ૭.૬૭ ટકાનો વધારો થયેલો છે. હાલના સંજાગોમાં બેન્કે પોતાના ચોખ્ખા નફામાંથી રૂ.૨,૨૧,૦૦૦/- પ્રધાનમંત્રી રાહત ફંડ તથા રૂ.૨,૨૧,૦૦૦/- મુખ્યમંત્રી રાહત ફંડમાં આપ્યા છે. બેન્કે પોતાની સામાજીક જવાબદારી ઉત્તરદાયિત્વ નિભાવવા માટે બેન્કિંગ સેવા સતત ચાલી રાખી છે. દૈનિક બચત યોજનાના એજન્ટો દ્વારા આવી કપરી પરિસ્થિતિમાં પણ ગ્રાહકોને ઘરે ઘરે જઈ નાણાં પહોચાડવાની સેવા અવિરત ચાલુ છે.

બેન્કમાં આવતા તમામ ગ્રહકોને સોશિયલ ડિસ્ટન્સ, માસ્કનું વિતરણ, હાથ સેનેટાઈઝીંગની પ્રશંસનીય સેવા પૂરી પાડે છે. ગણદેવી પીપલ્સ બેન્કના પ્રમુખ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, ઉપપ્રમુખ જયોતિબેન દેસાઈ, સેક્રેટરી ગોપાલભાઈ ગોહિલ, સિનિયર ડિરેકટર શ્રી પરેશભાઈ અધ્વર્યુ, ડાલ. નિલેશભાઈ, ભાવનાબેન, કિશોરભાઈ તેમજ તમામ સભ્યો ધન્યવાદને પાત્ર છે.

ફાયરબ્રિગેડ દ્વારા સેનિટાઈઝેશનની કામગીરી દરમિયાન દારૂનો જથ્થો ઝડપાયો

સુરત

કોરોનાનો ખતરો દિવસે દિવસે વધી રહ્યો છે. જેથી સેનિટાઈઝેશનની કામગીરી પણ વધારી દેવામાં આવી છે. સુરત મનપાના ફાયરબ્રિગેડ દ્વારા ઉધના વિસ્તારમાં આવેલ ગાંધી કુટીર પાસે સેનિટાઈઝની કામગીરી દરમિયાન દેસી દારૂનો જથ્થો પકડી લેવામાં આવ્યો હતો. બાદમાં ફાયરબ્રિગેડે પોલીસને જાણ કરતાં પોલીસે મોપેડ અને દેશી દારૂનો કબ્જો લઈને વધુ તપાસ હાથ ધરી છે.

ઉધના ગાંધી કુટીર નજીક રોડ રસ્તા નાના હોવાથી દારૂનો જથ્થો મોપેડ પર લઈ પસાર થતા ચાલક નીકળી ન શકતા ફાયરના જવાનો સાથે ઝઘડો કર્યો હતો.ફાયરની ટીમે સેનિટાઈઝ કરતી હતી. ફાયરની ગાડી હટાવવા દબાણ કરી દારૂનો જથ્થો ગણેશનો છે. જોજો છોડશે નહી એમ કહેતા ફાયરના ૪-૫ અધિકારીઓ ભેગા થઈ ગયા હતા અને મોપેડને લાત મારી પાડી દેતા દારૂના પોટલા રોડ ઉપર ફેંકાઈ ગયાં હતાં.

સમગ્ર નવસારી જિલ્લામાં સતત સઘન આરોગ્ય લક્ષી કામગીરી

જાહેરમાં થુંકનાર ૧૫૯ વ્યક્તિઓ પાસેથી રૂ. ૬૬,૪૦૦ વસુલાત કરાઇ

નવસારી, તા.૧૭

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે આજ દિન સુધી નવસારી જિલ્લામાં ૩૧૫ શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા છે જેમાંથી ૩૧૦ નમુના નેગેટીવ આવ્યા છે.૦૫ રિપોર્ટ આવવાના બાકી છે. જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં ૧૪,૦૩,૮૨૮ ઘરોનો સર્વે કરાયો છે.જિલ્લામાં જાહેરમાં થુંકનાર વ્યકિત પાસે દંડ વસુલ કરવામાં આવે છે. આજદિન સુધીમાં ૧૫૯ કેસ કરીને રૂપિયા ૬૬,૪૦૦ વસુલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં જુદા જુદા ૧૪ સ્થળોએ કુલ-૨૧૫ કોરેન્ટાઈન બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. આજરોજ ૦૭ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી-૦૧, જલાલપોર-૦૧, ગણદેવી-૦૪ તથા ખેરગામ-૦૧ સેમ્પલ લેવામાં આવ્યા છે.

રાજયમાં કોરોના કેસો જોતાં લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહયું છે જેને ધ્યાને લઇને જિલ્લામાં સઘન સર્વેલન્સની કામગીરી થઇ રહેલ છે.જિલ્લાના લોકો પણ સરકારશ્રીની હેલ્પ લાઇન નંબર ૧૦૪ ઉપર સંપર્ક કરી માર્ગદર્શન અને માહિતી મેળવી રહયાં છે.

રાજયમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઇન તથા ટેલીમેડીસીન સુવિધા શરૂ કરાઇ છે.આ હેલ્પલાઇન દ્વારા આઇસોલેશન અથવા હોમ ક્વોરેન્ટાઇન કરવામં આવેલ લોકોને ૨૪ બ ૦૭ કલાક માટે એમ. બી. બી. એસ. એમ. ડી. ફિઝિશીયન, ક્લીનીક સાઇકોલોજીસ્ટ અને સાઇકીયાટ્રીસ્ટ નિષ્ણાત તબીબો દ્વારા ટેલી મેડીસીન અને ટેલી કાઉન્સલીગ સહિત ટેલી એડવાઇઝ મળી રહે છે. કેન્સર રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ દ્વારા પણ ટેલી મેડીસીન સુવિધા ઉભી કરાઇ છે. સવારે ૦૯ કલાકથી ૧૦ કલાકની વચ્ચે ૦૭૯-૨૨૬૮૮૦૨૮ ઉપર સંપર્ક સાધી શકાશે

આંગણવાડીના બાળકો માટે ટેક હોમ રાશનની ઘર બેઠાં સુવિધા

૨૨૦૦ બાળકોને ટેક હોમ રાશનનું વિતરણ સાથે કોરોના વાઇરસ અંગેની જાણકારી

વલસાડ

દેશમાં સંપૂર્ણ લોકડાઉનનો સમગાળો વધારવામાં આવ્યો છે. શાળા આંગણવાડી કેન્દ્રો પણ સદંતર બંધ રાખવામાં આવ્યા છે, ત્યારે આંગણવાડીના બાળકોનું પૂરકપોષણ જળવાઇ રહે તથા તેઓને પોષણયુકત ખોરાક મેળવવામાં વિક્ષેપ ન પડે તે હેતુથી બાળકોને ઘરે-ઘરે રાશન પહોચાડવામાં આવી રહયું છે.

પોષણ અભિયાનના ભાગરૂપ રાજયનું કોઇપણ બાળક કુપોષિત ન રહે તે માટે રાજય સરકાર દ્વારા ૩ થી ૬ વર્ષના બાળકોને ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. પરંતુ હાલની કોરોના વાઇરસની મહામારીના કારણે લોકડાઉન દરમિયાન આંગણવાડીઓ બંધ છે. પરંતુ આવા સમયે પણ રાજય સરકારના વિવિધ વિભાગ, પોલિસ, આરોગ્ય, સફાઇ, માહિતી તથા અન્ય સરકારી કર્મચારીઓ પોતાની ફરજ ચૂકયા નથી. કોઇ વિભાગ કોરોના વાઇરસના સંક્રમણને રોકી રહયું છે તો કોઇ લોકોને રોગોથી મુકત કરી રહયું છે. તો વળી કોઇ તથ્યો મુકી લોકોને ખોટા ડરથી બચાવી રહયું છે તો કોઇ સરકારી તંત્રના કામો રાબેતા મુજબ ચાલે તેવાં કાર્યો કરી પોતાની ફરજ નિભાવી રહયા છે. ત્યારે પોષણ અભિયાન દ્વારા પણ દેશમાં કોઇપણ બાળક આ સમયમાં કુપોષણનો શિકાર ન બને તેની પુરે પુરી તકેદારી રાખવામાં આવી રહી છે. આ કાર્ય માટે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના આંગણવાડી વર્કરો અને હેલ્પર બહેનો દ્વારા ૩ થી ૬ વર્ષના કુલ-૨૨૦૦ બાળકોને ઘરે-ઘરે જઇ ટેક હોમ રાશનનું વિતરણ કરવામાં આવી રહયું છે. જેથી કોઇ બાળક આ મહામારીના સમયે કુપોષણનો ભોગ ન બને તથા સરકારી લાભથી વંચિત ન રહે અને તેઓના વિકાસમાં કોઇ બાધા ન આવે. આંગણવાડી વર્કરો અને હેલ્પર બહેનો દ્વારા વિતરણના સમયે સોશીયલ ડિસ્ટન્સિગનો ખાસ ખ્યાલ રાખવામાં આવે છે. ઉપરાંત ઘરે-ઘરે કોરોના વાઇરસ અંગેની જાગૃતિ ફેલાવી સમાજને સાવચેતી રાખવા માર્ગદર્શન આપી રહી છે. હાલમાં સરકારી તંત્રમાં કામ કરતા સેવાભાવી કર્મચારીઓની નવી જ ઓળખ ઊભી થઇ રહી છે. ઘરે રહી પોતાના પરિવાર સાથે સમય વિતાવવાના બદલે દેશમાં શાંતિનું વાતાવરણ જળવાઇ રહે તથા સરકારી લાભાર્થી કોઇ લાભથી વંચિત ન રહે તેવા સદવિચાર આ બહેનોએ કર્યો છે. દેશના અર્થતંત્રને સુયોગ્યક રીતે ચલાવવામાં અનેક નામી-અનામી લોકો સાથ આપી રહી છે જેમાં આ બહેનોનો પણ સિંહ ફાળો ગણવો આવશ્યતક છે.

વાંસદા દંડકવન આશ્રમની લોકડાઉનમાં પ્રશંસનીય કામગીરી

જરૂરિયાતમંદ તથા પોલીસકર્મી અને આરોગ્ય કર્મીઓના બોજનની વ્યવસ્થા કરી રહ્યું છે

વાંસદા

સદગુરુ સદાફલ 'દંડકવન આશ્રમ' વાંશિયા તળાવ વિહંગમ યોગ સંસ્થાન દ્વારા સામાજિક કાર્ય જરૂરત મંદને અનાજ કીટ વિતરણ કરાઈ. વાંસદા કોરોના નામના વાઈરસની મહામારીમાં જ્યારે આખો દેશ લોકડાઉન છે. જરૂરીયાત મંદ લોકો સુધી પહોંચવાનો પ્રયત્નો કરી રહ્યો છે. કોરોનાં ફાઈટર્સ તરીકે જાણીતા પોલીસ કર્મચારીઓ આરોગ્ય સાથે જોડાયેલા કર્મચારીઓ અને કોવિડ-૧૯ હોસ્પિટલમાં દરરોજ જમવાની વ્યવસ્થા કરી રહ્યું છે. દંડકવન આશ્રમ વાંશિયા તળાવ જ્યાં સુધી લોકડાઉન પૂર્ણ નહિ થાય ત્યાં સુધી દંડકવન આશ્રમ આ સેવાકીય કાર્ય ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. સાથે વાંસદા ડાંગ જીલ્લો ચીખલી બીલીમોરા મહુવા જેવા વિસ્તારોમાં ૩૦૦૦થી વધુ અનાજ કીટોનું વિતરણ કરવામાં આવ્યું છે અને અવિરત પણે ચાલુ છે. આશ્રમની ગૌશાળા માંથી દરરોજ ૧૫૦.લિટર છાશ વિતરણ પણ કરવામાં આવે છે. દરેક જરૂરીયાત મંદ લોકો સુધી પહોંચવા દંડકવન આશ્રમ સતત પ્રયત્નશીલ છે.

સયાજી હોસ્પિ.માં એક અઠવાડિયામાં ૨૦૦ બેડની કોવિડ હોસ્પિ.તૈયાર કરાશે

વડોદરામાં કોરોના બેકાબૂ: વધુ ૪ પોઝિટિવ કેસ સાથે આંકડો ૧૩૯એ પહોંચ્યો

નર્મદામાં ૨ મેડિકલ ઓફિસરને કોરોના પોઝિટિવ,વડોદરામાં ૩૧ વર્ષીય યુવાનનું કોરોનાથી મોત થતા પરિવારજનોને ક્વોરન્ટીન કરાયા

વડોદરા

વડોદરા શહેરમાં કોરોના વાઈરસના વધુ ૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી રેડ ઝોન નાગરવાડામાં ૨ કેસ નોંધાયા છે. વડોદરામાં અત્યાર સુધી કોરોના વાઈરસના કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૩૯ ઉપર પહોંચી ગઈ છે. ગુરૂવારે રાત્રે કોરોનાથી મૃત્યુ પામેલા યુવાનના પરિવાર અને સારવાર કરનાર ડોક્ટરને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે.

વડોદરા શહેરના ન્યાયમંદિર વિસ્તાર ૩૧ વર્ષીય યુવાન ચિરાગ કાછીયા પટેલનું કોરોના વાઈરસથી મોત થયું હતું. આ યુવાનના સંપર્કમાં આવેલા ઉર્જિતા હોસ્પિટલના ડોક્ટર શૈલેષ શાહને ક્વોરન્ટીન કરાયા છે. આ ઉપરાંત મૃતક યુવાનના પરિવારજનોને પણ ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે.

નર્મદા જિલ્લામાં ૨ મેડિકલ ઓફિસરને કોરોના વાઈરસના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. નર્મદામાં અત્યાર સુધી કોરોના વાઈરસ પોઝિટિવ કેસની સંખ્યા ૧૧ ઉપર પહોંચી ગઈ છે. આ પહેલા પણ ૨ નર્સને કોરોના પોઝિટિવ આવ્યો હતો. નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગના ૪ કર્મચારીઓને કોરોના પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગમાં ચિંતા જોવા મળી રહી છે. વડોદરા શહેરમાં અત્યાર સુધી ૧૩૫ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે કુલ ૬ લોકોના મોત થયા છે. જે પૈકી માત્ર નાગરવાડા વિસ્તારમાં જ ૧૦૬ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેથી બરોડા મુસ્લિમ ડોક્ટર્સ એસોસિયેશનના ૧૫૦ મુસ્લિમ ડોક્ટરો નાગરવાડા અને સૈયદપુરામાં ડોર ટુ ડોર સર્વે કરશે. વડોદરા શહેરમાં વધી રહેલા કોરોના વાઈરસના પોઝિટિવ કેસને લઈને સયાજી હોસ્પિટલમાં એક અઠવાડિયામાં ૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ તૈયાર કરવામાં આવશે.

કોરોના સામે લડવાની તૈયારી રૂપે તાલીમ યોજાઈ

સુરત

વૈશ્વિક મહામારી બનેલા કોરોના વાઇરસ સામે જંગ જારી છે. તેવા સમયે મહત્ત્વની ભુમિકા ભજવતા ડોકટરો અને નર્સોને આવનાર પરિસ્થિતી સામે તૈયાર રહેવા યોગ્ય તાલીમ આપવામાં આવી રહી છે. ઇન્ડિયા સોસાયટી ઓફ ક્રિટીકલ કેર (ISCCM) વલસાડ અને સરકારી આરોગ્ય વિભાગના સંયુકત ઉપક્રમે, વલસાડ જિલ્લાની વિવિધ પી.એચ.સી, સી.એચ.સી તથા સરકારી હોસ્પિટલના મેડિકલ ઓફિસર તથા એનેસ્થેટિસ્ટ માટે વેન્ટિલેટર ટ્રેનિંગ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં વલસાડ ઇન્ડિયા સોસાયટી ઓફ ક્રિટીકલ કેરના સેક્રેટરી ડૉ.કલ્પેશ જોષી સાથે અન્ય ૮૦ જેટલા ડોકટરો, નર્સોને તબક્કાવાર વેન્ટિલેટરની તાલીમ આપવામાં આવી હતી. હાલના કોરોના વાઇરસની મહામારીમાં જો કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યા વધે અને એમને વેન્ટિલેટરની જરૂરિયાત ઊભી થાય તો એ માટે પી.એચ.સી, સી.એચ.સીના ડોકટરો તથા નર્સોને તેવા સમયે સરળતાથી કામ થઇ શકે તે હેતુસર આ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોરોના: ૧૦૦૦થી વધુ પોઝિટિવ કેસો ધરાવતા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા નંબરે

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાને કારણે દિવસેને દિવસે પરિસ્થિતિ વિકટ બની રહી છે. ગુજરાતમાં છેલ્લા ૧૨ કલાકમાં વધુ ૯૨ કેસ નોંધાતા પોઝિટિવ કેસોની સંખ્યા ૧૦૦૦ને આંબી ગઈ છે. આમ દેશમાં ૧૦૦૦થી વધુ કેસ ધરાવતા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા નંબરે છે. જો આ રીતે કેસોની સંખ્યા વધતી ગઈ તો પહેલા નંબર ઉપર પણ પહોંચી શકે છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસની ઝપેટમાં આવેલા કેસોની સંખ્યા ૧૦૨૧ પર પહોંચી છે. ૫ દિવસમાં પહેલા ગુજરાતમાં કોરોનાના પોઝિટિવ કેસોની સંખ્યા ૫૦૦ની આસપાસ હતી જે હવે ડબલ થઈ છે.

દેશમાં અત્યાર સુધી કોરોનાના ૧૩૫૮૫ દર્દીઓ નોંધાયા છે. તેમાંથી ૧૭૬૫ સ્વસ્થ થયા, જ્યારે ૪૩૯ લોકો મૃત્યુ પામ્યા છે. ૧૦૦૦થી વધુ કેસો ધરાવતા રાજ્યોમાં ૧૯૮૫ કેસો સાથે મહારાષ્ટ્ર દેશમાં મોખરે છે. ત્યારબાદ દિલ્હી ૧૬૪૦ કેસો સાથે ક્રમશ: બીજા, તામિલનાડુ ૧૨૬૭ કેસ સાથે ત્રીજા, રાજસ્થાન ૧૧૩૧ કેસ સાથે ચોથા, મધ્યપ્રદેશ ૧૧૨૦ કેસ સાથે પાંચમાં અને ગુજરાત ૧૦૨૧ કેસ સાથે છઠ્ઠા નંબરે છે. આમ ૬ રાજ્યમાં કોરોનાના ૧૦૦૦થી વધુ કેસો છે. સૌથી વધુ મોત મામલે ગુજરાત દેશમાં ત્રીજા ક્રમાંકે છે. લેટેસ્ટ આંકડા મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૯૪, મધ્યપ્રદેશમાં ૫૩, ગુજરાત અને દિલ્હીમાં ૩૮-૩૮ મોત થયા છે.

ગુજરાત સહિત દેશભરમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા વધી રહી છે. અત્યાર સુધીમાં આ આંકડો ૧૩ હજારને આંબી ગયો છે. જેમાંથી ૧૭૪૯ દર્દીઓ સાજા થયા છે. તેમજ ૪૩૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. વિશ્વની વાત કરીએ તો, કોરોનાના અત્યાર સુધીમાં ૨૧.૮૨ લાખ દર્દીઓ નોંધાયા છે. તેમાંથી ૧૪૫૫૨૧ લોકોનાં મોત નીપજ્યાં છે. ચાલો જોઈએ કયા રાજ્યમાં કોરોનાના કેટલા કેસો છે.

સુરતમાં લોક ડાઉનના અમલ તોડનાર વધુ ૪૨૫ની અટકાયત

સુરત શહેર પોલીસે ૩૧૬ વાહનો જપ્ત કર્યા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્તરીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આજરોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૪૨૫ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૩૧૬ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૧૧ તથા સાયબર કાઈમ હેઠળ ૦૨ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૦૩૬૬ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી ફરતા ૧૧૬૧૪ જેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં કેટલાક વિસ્તારોમાં વાઈરસના સંક્રમણ અને પોઝીટીવ કેસોની સંખ્યાને ધ્યાને લઈને સુરત શહેર પોલિસ કમિશનરશ્રીએ જાહેરનામું પ્રસિધ્ધ કરી સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ, અઠવાલાઈન્સ પોલિસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તથા લિંબાયત પોલિસ સ્ટેશનની કમરૂનગર પોલીસ ચોકીના સમગ્ર વિસ્તારમાં કર્ફ્યું મૂકવામાં આવ્યો છે, ત્યારે શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળી કર્ફ્યુંનું પાલન કરી કોરોના સંક્રમણને અટકાવવામાં મદદરૂપ બનવાનો અને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવે છે.

સુરતમાં કુલ ૨૯૭૬ લોકો હોમ અને ૩૪૦ લોકો સરકારી કવોરેન્ટાઈનમાં

કર્ફ્યુનું પાલન કરવાનો અનુરોધ કરતા મ્યુ. કમિશનર બછાનિધી પાની

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ આજ તા.૧૬મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, સુરત શહેરમાં કેટલાક વિસ્તારોમાં વાઈરસના સંક્રમણ અને પોઝીટીવ કેસોની સંખ્યાને ધ્યાને લઈને સુરત શહેર પોલિસ કમિશનરશ્રીએ જાહેરનામું પ્રસિધ્ધ કરી સલાબતપુરા, મહિધરપુરા, લાલગેટ, અઠવાલાઈન્સ પોલિસ સ્ટેશનના સમગ્ર વિસ્તાર તથા લિંબાયત પોલિસ સ્ટેશનની કમરૂનગર પોલીસ ચોકીના સમગ્ર વિસ્તારમાં કર્ફ્યું મૂકવામાં આવ્યો છે, ત્યારે શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળી કર્ફ્યુંનું પાલન કરી કોરોના સંક્રમણને અટકાવવામાં મદદરૂપ બનવાનો અનુરોધ કર્યો હતો. કર્ફ્યું વિસ્તારમાં કાર્યરત હાલ ૨૯૧ સર્વેલન્સ અને કોન્ટેક્ટ ટ્રેસિંગ ટીમો દ્વારા ૨૫૦ સેમ્પલ લેવામાં આવ્યા છે, તેમજ આજ રાત્રિ સુધીમાં ૫૦૦ સેમ્પલ લેવામાં આવશે. આ રીતે ઘનિષ્ઠ સર્વેલન્સ અને અગ્રે સિવ ટેસ્ટીંગ પધ્ધતિ અપનાવી આરોગ્ય ચકાસણી કરી સેમ્પલ લેવાઈ રહ્યા છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, ટ્રેકિંગ, ટેસ્ટીંગ અને ટ્રીટમેન્ટના ટ્રીપલ ટી એપ્રોચના આધારે રાંદેરમાં સંક્રમણ ઘટ્યું હોવા છતાં સર્વેલન્સ અને ટેસ્ટીંગની કાર્યવાહી સતત શરૂ છે. જ્યાં કેસો વધી રહ્યા છે તેવા લિંબાયત અને માન દરવાજા વિસ્તારના હોટસ્પોટ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આજની સ્થિતિએ કુલ ૨૯૭૬ લોકો હોમ ક્વોરેન્ટાઈન હેઠળ છે. જેમાં ૩૪૦ સરકારી અને ૨૭ વ્યક્તિઓ પ્રાઈવેટ ક્વોરેન્ટાઈનમાં છે. આમ કુલ ૩૩૪૩ વ્યક્તિઓ ક્વોરેન્ટાઈનમાં છે. પાલિકાના ૧૧ રિલીફ સેન્ટરોમાં ૮૦૦ થી વધુ વ્યક્તિઓ આશ્રય અને ભોજન આપવામાં આવે છે. આજે કુલ ૭.૨૧ લાખ લોકોને વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભોજન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે. ૧૨૦૦ દિવ્યાંગ અને વૃદ્ધ ઘર બેઠાં ભોજન આપવામાં આવે છે.

આજે સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનાર ૧૦૬ લોકો પાસેથી રૂ.૧,૨૨,૪૦૦ નો દંડ કરાયો છે. હવે માસ્ક ન પહેરનારા વ્યક્તિઓને રૂ. ૫,૦૦૦ નો દંડ કરવામાં આવે છે, જેમાં આજે માસ્ક ન પહેરનારા ૮૭ વ્યક્તિઓને રૂ. ૯૫,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો છે એમ જણાવી શ્રી પાનીએ શહેરીજનોને જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

સાંસદ દર્શના બેનના પ્રયાસોથી

લંડનમાં વસતા સુરતના યુવકને તાકીદે કોરોનાની સારવાર મળી

લંડન સ્થિત ભારતીય દૂતાવાસે સારવાર માટે મદદ કરી

સુરત

બ્રિટનનું નાગરીકત્વ ધરાવતાને મૂળ સુરતી એવા બ્રિજેશ વાઢેરાની તબિયત લગભગ ૧૦ થી ૧૨ દિવસ પહેલા બગડી હતી. જે સંદર્ભે એમણે બ્રિટનની હેલ્થ સર્વિસ એન.એસ.એચ. ને સંપર્ક કરી પોતાની તબિયત અંગે જણાવ્યું હતું. ભારતમાં સિવિલની જેમ બ્રિટનમાં કાર્યરત એન.એસ.એચ. દ્વારા એમનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને સર્ટીફાઈડ કોવિડ પેશન્ટ તરીકે એમને જાહેર કરવામાં આવ્યા હતા અને ઘરમાં કવોરન્ટાઈન થઈ પેરાસીટામોલના ડોઝ લેવા માટે સૂચના આપી હતી. ૩-૪ દિવસ બાદ તબીયત ફરી બગડતા એમણે ફરીથી એન.એસ.એચ.નો સંપર્ક કરી મદદ માંગી હતી. પરંતુ બ્રિટનના આરોગ્ય વિભાગ દ્વારા એમને એવો જવાબ આપવામાં આવ્યો કે જયાં સુધી તમારા શ્વાસ લેવામાં તકલીફ ન થાય ત્યાં સુધી અમે કંઈ કરી શકીએ એમ નથી તમે ઘરે જ રહી ને પેરાસીટામોલનો ડોઝ લઈને વોરન્ટાઈન રહો જયારે શ્વાસ લેવામાં તકલીફ ની શરૂઆત થાય ત્યારે અમારો સંપર્ક કરવો. ત્યાં સુધી અમે તમારી બાબતમાં કોઈ મદદ કરી શકીએ એમ નથી. એવો જવાબ મળતા હતાશ યુવકે સુરત ખાતે એમના સંબંધીનો સંપર્ક કરતા પોતાની તકલીફ જણાવી. સુરતના પરિવારજનો દ્વારા આ ઘટના અંગે કોર્પોરેટરશ્રી પિયુશભાઈ શિવશક્તિવાળા નો સંપર્ક કરાયો અને એમને વિનંતી કરાય હતી કે આ અંગે સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશનો સંપર્ક કરી એમને મદદરૂપ થવા વિનંતી કરી હતી. તેમણે તાત્કાલીક સુરતથી ઈગ્લેંડ સ્થિત ઓવરસીઝ ફ્રેન્ડસ ઓફ બીજેપીના સ્કોટલેન્ડ નિવાસી કાર્યકર્તા શ્રી આશિષ બ્રહમભટ્ટનો સંપર્ક કરવામાં આવ્યો હતો. શ્રી આશિષ બ્રહમભટ્ટ દ્વારા લંડન સ્થિત ભારતીય એમ્બેસીનો સંપર્ક કરી અધિકારીઓને આ અંગે જાણ કરાઈ હતી અને એમ્બેસી દ્વારા ડીપ્લોમેટીક અને મેડીકલ સ્તરે પ્રયાસ કરાયો હતો. અને શ્રી આશિષ બ્રહમભટ્ટ દ્વારા વ્યકિતગત સંપર્કના માધ્યમથી સહાયરૂપ થવાનો પ્રયાસ થયો હતો. કારણ બ્રિજેશ લેસ્ટરમાં રહેતો હતો એમ્બેસી લંડન ખાતે હતી અને શ્રી આશિષ બ્રહમભટ્ટ સ્કોટલેન્ડમાં રહે છે. પરંતુ શ્રી આશિષ બ્રહમભટ્ટના પ્રયત્નો અને સતત સંપર્કને કારણે મૂળ સુરતના યુવકને મોરલ સપોટ અને મેડીકલ સપોટ બંને મળવાને કારણે આજે એની તબિયતમાં ખૂબજ સુધારો જોવા મળ્યો છે.

સુરતમાં સવારે ૧૧ બાદ વધુ ૧૨ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૧૨ પર પહોંચ્યો

નવા પોઝિટિવ આવેલા દર્દીઓને સોશિયલ ડિસ્ટન્સ સાથે સિવિલ લવાયા : માનદરવાજા ટેનામેન્ટમાંસૌથી વધુ પોઝિટિવ કેસ નોંધાયા : ૭ વર્ષની બાળકી અને સિવિલ હોસ્પિટલના તબીબનો રિપોર્ટ પોઝિટિવ : પાલિકાના કર્મચારીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે

સુરત

સવારે ૧૧ કેસ બાદ વધુ ૧૨ કેસ નોંધાતા શહેર-જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૧૧૨ પર પહોંચી ગયો છે. સવારે શહેરના ૯ અને જિલ્લાના ઓલપાડ અને મહુવામાં બે કેસ નોંધાયા હતા. જ્યારે હાલ સુરત સિટીમાં વધુ ૧૨ કેસ નોંધાયા છે. સાથે સાથે પાંચ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યુ પણ લગાવી દેવામાં આવ્યો છે. છેલ્લા બે દિવસમાં માનદરવાજા ટેનામેન્ટમાં કોરોનાનો વિસ્ફોટ થયો છે.

શહેરના તમામ શાકભાજીની લારીવાળાના ટેસ્ટ થશે : પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે, સાંજે નોંધાયેલા ૧૨ કેસ પૈકી ૪ દર્દીઓ માનદરવાજા વિસ્તારના, ૨ દર્દીઓ જહાંગીરપુરાના, ૨ પાંડેસરા, ગોલવાડ રૂસ્તમપુરા ઉધના સલાબતપુરાના ૧-૧ દર્દીઓ નોંધાયા છે. વરાછાના એલ.એચ રોડ ખાતેના દીનદયાળ નગર ઝુંપડપટ્ટીમાં રહેતા આશાબેન પ્રતાપભાઈ અને મીનાબેન ગોરધનભાઈ બુડીયા શાકભાજી વેચવાનું કામ કરે છે. બંનેના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. જેથી. શહેરમાં શાકભાજી વેચતા તમામ લારીવાળાઓનો ટેસ્ટ થશે. જ્યારે આજથી સ્મીમેર હોસ્પિટલમાં પણ કોરોના દર્દીઓનું ટેસ્ટિંગ શરુ થયું છે. આજે પ્રથમ દિવસે ૪૫ સેમ્પલ મોકલાયા છે.

તબીબનો રિપોર્ટ પોઝિટિવ આવતા ગભરાટ : સુરતના નવી સિવિલ હોસ્પિટલમાં કેજયુલીટી વિભાગમાં ફરજ બજાવતાં મયુર કલસરીયાને આજે કોરોના પોઝિટિવ જાહેર કરાયા છે. લોકોની સારવાર કરતાં સિવિલ હોસ્પિટલના તબીબને કોરોનાનો ચેપ લાગતાં તેમને કોરોના થતાં તંત્રમાં ગભરાટ ફેલાયો છે. તેમના સંપર્કમાં આવેલા તબીબ, પેરામેડિકલ સ્ટાફ તથા દર્દીને શોધી તેમના સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

સાંજે નોંધાયેલા વધુ ૧૨ કેસ નોંધાયા

(૧) ભુપેન્દ્ર વાય.રાણા (ઉ.વ.આ.૪૦)ઈન્દરપુરા ગોલવાડ (૨) કૌશિક જી. રાણા (ઉ.વ.આ.૨૨)માન દરવાજા ટેનામેન્ટ (૩) સુરેશચંદ્ર રાણા (ઉ. વ. આ. ૫૦)માનદરવાજા ટેનામેન્ટ (૪) જ્યોત્સનાબેન કાપડીયા (ઉ. વ. આ.૪૫)માનદરવજા ટેનામેન્ટ (૫) ફેની કાપડીયા (ઉ. વ. આ. ૨૧) માનદરવાજા ટેનામેન્ટ (૬) અરૂણા સત્યનારાયણ (ઉ. વ. આ. ૪૦)માનદરવાજા ટેનામેન્ટ (૭) જયેશ સહાની (ઉ.વ.આ.૨૪)અંબિકાનિકેશન સોસાયટી,પાંડેસરા (૮) વિનાયક મરાઠે (ઉ. વ. આ. ૫૭)કલ્યાણ કુટીર સોસાયટી ઉધના. (૯) સંતોષ જાદવ (ઉ.વ.આ.૩૫) શ્રીરામ નગર પાંડેસરા (૧૦) ફરીદ તર્કી (ઉ.વ.આ.૨૦)ઈચ્છા ડોશીની વાડી સલાબતપુરા (૧૧) લક્ષ્મીબેન રાઠી (ઉ. વ. આ. ૭૫) શિવગંગાનગર, જહાંગીરપુરા,રાંદેર (૧૨) દેવકીદેવી રાજપૂત (ઉ. વ. આ. ૬૦)શિવગંગાનગર જહાંગીરપુરા રાંદેર

સવારે નોંધાયેલા વધુ ૧૧ કેસ નોંધાયા : (૧) શાહબુદિન નુરાની પડાનીયા (ઉ.વ.આ. ૬૨) સલીમાબાદ જહાંગીરપુરા (૨) સુલ્તાના સમીર રજવાની (ઉ.વ.આ.૩૧) સલીમાબાદ જહાંગીરપુરા (૩) લક્ષ્મણ ગોપાલ રાજભર(ઉ.વ. ૨૨) બમરોલી (૪) પરેશ પ્રમોદ બોપટ (ઉ.વ.આ. ૨૯) માનદરવાજા (૫) ડો. મયુર કલસરીયા (ઉ.વ.આ. ૨૮) એનસીએચ કેમ્પસ (૬) દિનેશ વશરામભાઈ (ઉ. વ. આ. ૪૩) આદમની વાડી (૭) આશાબેન પ્રતાપભાઈ (ઉ.વ.આ.૪૩) દીન દયાળ ઝૂપડપટ્ટી, એલ.એચ. રોડ (૮) મીનાબેન ગોરધનભાઈ બુડિયા (ઉ.વ.આ. ૪૦) દીન દયાળ ઝૂપડપટ્ટી, એલ.એચ. રોડ (૯) ખુશી દીલીપરામ રાવડા (ઉ.વ.આ. ૦૭) ગોકુલધામ, વડોદ (૧૦) સુરેશ દયાળજી ચૌધરી, અંધાત્રી ગામ , તા. મહુવા જિ. સુરત (૧૧) સંતોષ રમણ યાદવ વિકાસ એજન્સી, ઓલપાડ, જિ. સુરત

મિશન હોસ્પિટલની નર્સ અને શાકભાજી વિક્રેતાનો રિપોર્ટ પોઝિટિવ : માનદરવાજા વિસ્તારના ૧૪ સહિત કુલ ૨૬ જેટલા વ્યકિતઓનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.છેલ્લા ચાર દિવસથી કોરોના વાયરસના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે,૧૩ તારીખથી અત્યાર સુધીમાં ૫૮ કેસો નોંધાયા છે. શહેરમાં એક જ દિવસમાં ૨૬ કેસો નોંધાતા પોઝિટિવ કેસોની સંખ્યા ૮૭ અને ગ્રામ્ય વિસ્તારના ૨ દર્દી સહિત કુલ ૮૯ ઉપર પહોંચી છે. ગત રોજ સાંજે પોઝિટિવ નોંધાયેલા દર્દીઓમાં વરાછાના દિવ્ય વસુંધરા એપાર્ટમેન્ટમાં રહેતા શાકભાજી વિક્રેતા અને પોઝિટીવ દર્દી કનૈયાલાલ મોદીના પત્ની પદમાબેન મોદી ઉપરાંત મીશન હોસ્પિટલની નર્સ ક્રિસ્ટીના કન્દુલના મુરમુર (ઉ.વ.આ.૨૭) નાનપુરાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે.

સોસાયટી સીલ કરાઈ : શહેરના ઉધના વિસ્તારમાં આવેલી શાંતિનગર સોસાયટીમાં કોરોનાનો દર્દી નીકળતા સોસાયટીને સીલ કરવામાં આવી હતી. આ અંગે ઉધના ઝોનના કાર્યપાલક ઈજનેર રાજેશ જરીવાળાએ જણાવ્યું હતું કે જલાલ કરીમ ઘીયા નામનો ૬૫ વર્ષનો ઈસમ કોરોના પોઝિટિવ નીકળતા સોસાયટીની ત્રણ ગલીઓ સીલ કરાઈ છે. આ સમયે પોલીસ અધિકારી સહિત કર્મીઓએ ઉપસ્થિત રહી કામગીરી પૂર્ણ કરી છે. તેમજ આ વિસ્તારમાં પોલીસકર્મીઓ દ્વારા સતત નજર રખાઈ રહી છે. પાલિકાના આરોગ્ય વિભાગના કર્મીઓ દ્વારા સેનીટાઈઝ અને સફાઈની કામગીરી કરી દવા છાંટવામાં આવી હતી.

પાલિકાના બેલદારનો રિપોર્ટ પોઝિટિવ આવતા અન્ય કર્મીઓમાં ફફડાટ : કોરોનાની મહામારીમાં પાલિકાના કર્મચારી પણ ઝપેટમાં આવી રહ્યા છે. લિંબાયત મીઠીખાડી વિસ્તારમાં રહેતા અને લિંબાયત ઝોનમાં પાણીખાતાના બેલદાર મહેમુદઅલી સૈયદ (ઉ.વ, ૩૧)નો રિપોર્ટ બુધવારે પોઝિટીવ આવ્યો હતો.મહેમુદઅલી સૈયદનો રિપોર્ટ કોમ્યુનીટી સેમ્પલીંગમાં પોઝિટીવ આવ્યો હોય અન્ય કર્મચારીઓમાં ભય ફેલાયો હતો ગુરુવારે ૨૦ જેટલા કર્મચારીઓએ ટેસ્ટીંગની માંગ કરી હતી. મહેમુદઅલી સૈયદનો રિપોર્ટ પોઝિટીવ આવ્યો તે પહેલા કોઈ લક્ષણો ન હતા.કોમ્યુનીટી સેમપલીંગમાં પોઝિટીવ ડિટેકટ થયેલા બેલદારના કારણે અન્ય કર્મચારીઓ, અધિકારીઓમાં ભય ફેલાયો હતો. બેલદાર જે કોમ્યુનીટી હોલમાં જમવા જતો હતો ત્યાંજ અન્ય કર્મચારીઓ પણ જમવા જતા હોય, તેમણે ચેપ લાગ્યો છે, કે નહીં તેની તપાસ કરાવવાની માંગ કરવામાં આવી હતી.

ઓલપાડ તાલુકાના ૧૦૮ ગામમાં બે લાખ લોકોની ધનિષ્ઠ તપાસ

સુરત

કોરોના વાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે રોજબરોજ વધતા જતા કેસોના સંક્રમણને ધ્યાને લઈ ઓલપાડ તાલુકાની સમગ્ર આરોગ્ય ટીમના આરોગ્ય કર્મચારીઓ, આશાબહેનો દ્વારા ખડે પગે રહીને ઘરે ઘરે જઈ સર્વેની કામગીરી કરી રહ્યા છે.

ઓલપાડ તાલુકાના ૧૦૮ ગામોના ૪૧૬૩૪ ઘરોના ૨,૦૩,૦૪૪ જેટલા લોકો છે. જેમાં ત્રીજા રાઉન્ડ ચાલી રહ્યો છે આજ સુધીમાં ૫,૦૦,૯૬૯ જેટલા લોકોનો સર્વેની કામગીરી કરવામાં આવી છે. આરોગ્યની ટીમો સરકારની ગાઈન લાઈન પ્રમાણે ઘરે ઘરે જઈને ૫૦ વર્ષની ઉપરના વૃધ્ધોને તાવ સાથે શરદી અથવા ખાસીમાંથી કોઈ એક લક્ષણ હોય તથા ૫૦ વર્ષની નીચેની ઉમરના વ્યકિતઓને તાવ સાથે શરદી, ખાસી બન્ને લક્ષણો હોય તો તેના સેમ્પલ લેવામાં આવે છે. બહારથી કોઈ વ્યકિત આવી હોય તો તેની વિગતો એકત્ર કરવામાં આવે છે. આ કામગીરીમાં દરેક ગામના સરપંચશ્રીઓ, આગેવાનો તથા તલાટી કમ મંત્રીઓ, જાગૃત્ત જનતાનો વ્યાપક સાથ અને સહકાર મળી રહ્યો છે.

સમગ્ર દેશમાં લોક ડાઉનની પરિસ્થિતિને ધ્યાને લઈ કોરોના વાઈરસના સંક્રમણને આગળ વધતું રોકવા જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હસમુખભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે, ત્યારે તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો.પ્રશાંત સેલરના નેતૃત્વ હેઠળ ઓલપાડ તાલુકાના માં આવેલ સાત પ્રા.આરોગ્ય કેન્દ્રોના તથા બે સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મેડિકલ ઓફિસર, આયુશ મેડિકલ ઓફિસર, આર.બી.એસ.કે સ્ટાફ, સુપ્રિન્ટેન્ડેન્ટ, ફાર્માસિસ્ટ, લેબટેક સુપર વાઈઝર સહિતના આરોગ્યકર્મીઓ અને ફેસિલિટેટર બહેનો મળી કુલ ૩૨૬ જેટલા આરોગ્યની ટીમ દ્વારા ઓલપાડના ૧૦૮ ગામોમાં કોરોના વાઈરસના સંક્રમણને રોકવા ગ્રામ્ય વિસ્તારોમાં ડોર ટુ ડોર સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરીમાં આરોગ્યકર્મીઓનો જુસ્સો વધારતા ઓલપાડ તાલુકાના જાગૃત ધારાસભ્ય મુકેશભાઈ પટેલ દ્વારા માસ્ક પુરા પાડવામાં આવ્યા છે. ઘર- પરિવારનો વિચાર કર્યા વિના સતત ફરજ બજાવતાં તબીબો, આરોગ્ય કર્મચારીઓ તથા આશા બહેનો દ્વારા લોકોના આરોગ્યની સંભાળ રાખવા માટે ભારે જહેમત ઉઠાવાઈ રહી છે. ઓલપાડ તાલુકામાં હાલ સુધી એક પણ કોરોનાનો પોઝિટીવ કેસ નોંધાયો નથી, તેમ છતા તકેદારીના ભાગરૂપે રાજય સરકારના આરોગ્ય વિભાગની તમામ સુચનાઓનું યોગ્ય રીતે પાલન કરાઈ રહ્યું છે.

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

MARKET 4U™ ISO 9001:2015 Certified company

REG. OFFICE: 13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.

(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

નર્મદા જીલ્લામા વધુ ૨ આરોગ્ય કર્મચારીઓ કોરોના પોઝીટીવ નિકળતાં આરોગ્ય વિભાગ પોતેજ અસલામત હોવાનો ઘટસ્ફોટ: સંક્રમિતની સંખ્યા ૧૧ થઈ

આજે શુક્રવારે નવા સંક્રમિત આવેલા બે આરોગ્ય ના મેડિકલ ઓફિસરો માં ડેડીયાપડા સીએચસી ના ડો. ફાલ્ગુની ગામીત અને સિસોદ્રા પીએચસી ના ડૉ.અનુરાધા ના નામ જાણવા મળ્યા છે. જો ખુદ ડૉક્ટરોજ સુરક્ષાના અભાવે આ વાયરસ ની લપેટ માં આવે ત્યારે ઈલાજ કરવા કોણ તૈયાર થશે..? હાલ આરોગ્ય વિભાગ માં આ પોલ ખુલ્લી પડી છે માટે સુરક્ષા બાબતે તંત્ર વિશેસ ધ્યાન આપે એ જરૂરી છે.

- **ફીલ્ડમા કામ કરતા હેલ્થવર્કરો ને સુરક્ષા ના પુરતાં સાધનો આપ્યાં વગર જ કોરોના સામે જંગ લડવા મોકલવામાં આવી રહ્યાં છે..?!**
- **શું કોરોના સામે લડતા હેલ્થવર્કરો ને માત્ર કોરોના યોદ્ધા નામ આપી દેવા માત્ર થી તેમની પોતાની સુરક્ષા થશે ખરી..?!**



ફીલ્ડમા ફરતા કર્મચારીઓ ને N-95 માસ્ક ને બદલે સાદા માસ્ક અને સેનેટાઈઝર ની બોટલ પકડાવી દેવામાં આવી રહી છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લામા પ્રથમ દિવસે અનુક્રમે ગરુડેશ્વર અને ડેડીયાપાડા તાલુકા માંથી ૨ કેસ પોઝીટીવ નિકળ્યા બાદ બિજા દિવસે વધુ સાત કેસો રાજપીપળા શહેર સહિત નોંધાતા સમગ્ર જિલ્લા માં જાણે હડકંપ મચી ગયો એમ ગામેગામ લોકો એ રસ્તા બંધ કરી દીધા ત્યારે એમ કહી શકાય કે ઘોડા છૂટી ગયા બાદ તબેલા ને તાળા મરવાનો શુ મતલબ..?

તા.૧૬ એપ્રિલ ના રોજ મોડી સાંજ સુધી કુલ ૯ કેસો પોઝીટીવ ની જાણકારી તંત્ર દ્વારા મળી હતી અને આ ૯ કેસ પૈકી બે કેસ આરોગ્ય વિભાગ ના જ કર્મચારીઓ હોવાનું બહાર આવ્યું હતું.ત્યાર બાદ ત્રીજા દિવસે એટલે કે તા.૧૭ એપ્રિલ ને શુક્રવાર ના રોજ વધુ બે કેસ નર્મદા જીલ્લા ના આરોગ્ય વિભાગ માથી જ સંક્રમીત થયેલા મળી આવતા ચકચાર મચી જવા પામી હતી, સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે મળેલા વધુ ૨ કેસો મા સિસોદ્રા PHC મા કામ કરતા મેડીકલ ઓફિસર અને ડેડીયાપાડા CHC ના પણ મેડીકલ ઓફિસર જ હોય ત્યારે આરોગ્ય વિભાગ ના જ ડોક્ટરો કે અન્ય સ્ટાફ સલામત ન હોય ત્યારે અનેક સવાલ ઉઠી રહ્યા છે જેમાં મુખ્ય સલામતી ના સાધનો નો અભાવ હોવાનું પણ જાણવા મળ્યું છે.

આમ જેના માથે આખા નર્મદા જીલ્લા ના લોકોના સ્વાસ્થ્ય ની સંભાળ રાખવા ની જવાબદારી છે તેના પોતાના જ આરોગ્ય કર્મચારીઓ કોરોના કોવિડ-૧૯ ના લપેટા મા આવી જતા પરિસ્થિતિ એ ગંભીર રુપ ધારણ કરી લીધું છે એમ કહી શકાય.નર્મદા જીલ્લા આરોગ્ય વિભાગ ની ઉણપો અને ટાંચા સુરક્ષા સાધનો ની પોલ ઉઘાડી પડી જવા પામી છે, શું સરકાર દ્વારા નર્મદા જીલ્લા મા હેલ્થવર્કરો ની સુરક્ષા માટે N-95 માસ્ક અને હેન્ડ ગ્લોવઝ, સેનેટાઈઝર જેવા મુળભૂત સુરક્ષા ઉપકરણો આપવામા નથી આવ્યાં..?

આધારભૂત સુત્ર એવા એક હેલ્થ વર્કરે જણાવ્યું હતું કે અમે કોરોના સામે લડવા તૈયારજ છીએ પણ અમને ન્-૯૫ માસ્ક અને હેન્ડગ્લોવઝ અને અન્ય સુરક્ષાના સાધનો મળવા જરુરી છે એના વગર અમને ગ્રાઉન્ડ ઝીરો ઉપર જવાનો ભય લાગે છે.

જ્યારે આરોગ્ય તંત્ર અને તેના કર્મચારીઓ આ રીતે સંક્રમીત થઈ જશે તો કોરોના વાયરસ સામે લડાઈ લડશે કોણ..? સુરક્ષા ના પુરતાં સાધનો વગર ચેપગ્રસ્ત દર્દીઓ પાસે જવા કોણ તૈયાર થશે..? PPE (પર્સનલ પ્રોટેકટીવ ઈક્વીપેમેન્ટ)ના અભાવમા નર્મદા જીલ્લામાં અંતરીયાળ ગામડાઓની બહુમતી ધરાવતા અને કઠીન ભૌગોલિક રચના ધરાવતાં જીલ્લા મા ગામડાઓ મા કોરોના વિસ્ફોટ થાય તો ભારે દહેશત સર્જાઈ શકે તેમ જણાઈ રહ્યું છે.

રાજપીપળામાં ૨ કેસ પોઝીટીવ આવ્યા બાદ બે વોર્ડ સિલ કરાયા છતાં પણ લોકો બિન્દાસ..?!

રાજપીપળા શહેરના લોકો હજુ ફરવા ટેવાયેલા હોય એમ પાલીકાની મો.નં.પર કોલ કરી જાણ કરવાની જાહેરાત છતાં જાતેજ ફરવા ટેવાયેલા લોકો ને વાયરસ ની કોઈ પરવાહ નથી..?!

નગર પાલીકા એ આ વોર્ડના રહીશો ને આવશ્યક વસ્તુઓ માટે કોલ કરવા જાહેરાત કરી પરંતુ આવ્યા માત્ર ૫ કોલ..!!



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

છેલ્લા બે દિવસમાં નર્મદા જિલ્લામાં ૯ કોરોના પોઝીટીવ કેસ નીકળ્યા જેમાં ૨ રાજપીપળા શહેર ના હોય ત્યારે આ વોર્ડ નં.૫ અને ૬ સિલ કરાયા માટે નગર પાલિકા ના મુખ્ય અધિકારી જયેશ પટેલ દ્વારા બંને વોર્ડ માટે શાકભાજી તથા આવશ્યક વસ્તુઓની સ્થાનિકોને જરૂર હોય એ માટે પાલીકા કર્મચારીઓને જવાબદારી સોંપી તેમના મો.નં.નું એક લિસ્ટ જાહેર કર્યું જેમાં આ વોર્ડ ના સ્થાનિક ફોન કરી વસ્તુ મંગાવે તો પાલીકા કર્મચારી તેમના ઘરે વસ્તુ પહોંચાડી ત્યાં તેના રૂપિયા જેતે વ્યક્તિ એ ચૂકવી દેવા, આ યાદી સોસીયલ મીડિયા માં ફેરવી,સાથે જાહેરાત પણ કરાવી ત્યારે એમ લાગ્યું કે બે વોર્ડ માં રહેતા કેટલાય પરિવારો પૈકી ઘણા લોકોના જરૂરી વસ્તુ માટે ફોન આવશે પરંતુ કોરોના વાયરસ ની પરવાહ કર્યા વિના જાતેજ ફરવા ટેવાયેલા કેટલાક લોકો એ આ યાદી પોતાની સેફટી માટે હતી જેમાં વસ્તુ આપવા જતા પાલીકા કર્મચારી માટે જોખમી પણ સાબિત થઈ શકે તેમ હોવા છતાં આ સેવાનો લાભ માત્ર પાંચ,છ લોકો એ જ લીધો અને આ લોકોને પાલિકા ટીમે વસ્તુ પહોંચતી કરી તો શું બાકીના અસંખ્ય લોકો ને આવા જોખમ વચ્ચે કોઈ વસ્તુ ની જરૂર નહી પડી હોય..? સ્વાભાવિક છે કે કંઈક ને કંઈક વસ્તુ ની જરૂર પડેજ પરંતુ આંટો મારવા નીકળવા મળે ત્યારે કોણ ફોન કરી વસ્તુ મંગાવે એમ સમજી અમુક લોકો વાયરસ ની એસી તેસી સમજી નીકળી પડ્યા હોય તેમ માત્ર પાંચ છ ફોન જ આવ્યા,જો જનતા હજુ આ બાબતે ગંભીર નહીં થાય તો આવનારા દિવસોમાં રાજપીપળા માં પોઝીટીવ કેસો ની સંખ્યા વધે તો નવાઈ નહી.

આ બાબતે પાલીકા ના મુખ્ય અધિકારી જયેશ પટેલ સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે પાલીકાની આ સેવા લોકઉપયોગી હોય લોકો એ તેનો લાભ લઈ પોતાની સલામતી માટે બહાર જવાનું ટાળવું જોઈએ.પાલીકા દ્વારા ગુરુવારે જાહેરાત કરી હોવા છતાં શુક્રવારે માત્ર પાંચ વ્યક્તિઓ ના જ ફોન આવ્યા હતા જેમને અમારા કર્મચારી એ ઘરે વસ્તુ પહોંચાડી હતી.

નર્મદા પેરોલ ફ્લોર સ્કોડની ટીમે ગરુડેશ્વરના અંતરિયાળ ડુંગરાળ ચાપટ ગામમાં વિતરણ કરી જીવન જરૂરી ૫૦ કીટ







પીએસઆઈ ડી.એ.ક્રિશયન અને તેમની પેરોલ ફ્લોર ટીમે આ કિટમાં લોટ, ચોખા, તેલ, ડુંગળી, બટાટા, મસાલા સહિત ની જરૂરી સામગ્રી વિતરણ કરી માનવતા મહેકાવી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના વાયરસે આખા વિશ્વ ને હચમચાવી નાખ્યું છે ત્યારે નર્મદા જિલ્લા ના અંતરિયાળ ગામોમાં લોકોની હાલત દયનિય છે જોકે કેટલીક સંસ્થાઓ, સામાજિક આગેવાનો રાજપીપળા સહિત ના અનેક ગામોમાં જીવન જરૂરી વસ્તુઓનું વિતરણ કરે છે પરંતુ નર્મદાના ખાખી વર્દી ધારી પોલીસ અધિકારીઓ એ પણ આવા કપરા સમયે માનવતા દેખાડી અનેક ગામોમાં સેવાકીય કાર્યો કર્યા છે ત્યારે નર્મદા પેરોલ ફ્લોર ના પીએસઆઈ ડી. એ. ક્રિશયન અને તેમની પેરોલ ફ્લોર ટીમે ગરુડેશ્વર તાલુકાના અંતરિયાળ ડુંગરાળ એવા ચાપટ ગામના ૫૦ ઘરોમાં જીવન જરૂરી સામાન ની કીટ વિતરણ કરી હતી.આ કીટમાં લોટ, ચોખા, તેલ, ડુંગળી, બટાટા અને મસાલા સહિત ની જરૂરી સામગ્રી વિતરણ કરી નર્મદા પોલીસ ની આ ટીમે માનવતા ના દર્શન કરાવ્યા હતા.

કીટ વિતરણ કર્યા બાદ ગ્રામજનો એ પોલીસ ટીમનો આભાર માની જણાવ્યું હતું કે હાલ અમને મજૂરી ના ફાંફા હોય એક ટંક ભોજન પણ નસીબ ન હતું ત્યારે આપ પોલીસ હોવા છતાં અમારા જેવા લોકોની ચિંતા કરી ગામમાં આવી અમને સામાન આપ્યો તેથી અમારા બાળકો ની આંતરડી ઠરશે.નહિ તો અમે બહાર ન જઈ શકતા ખાવાના પણ ફાંફા હતા.



રાજપીપળામાં પોઝીટીવ કેસ વધતાં ગલીઓ લોક થઈ જેમાં મૂંગા પશુ, જાનવરોની ભૂખમરા થી કફોડી હાલત



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેરમાં લોકડાઉન સાથે કોરોના પોઝીટીવ ના કેસ પણ છેલ્લા ૩ દિવસ થી વધી રહ્યા હોય જેના કારણે શહેરની મોટા ભાગની ગલીઓ બંધ કરી હોય જેમાં રખડતા જાનવરો ની હાલત ભૂખમરા ના કારણે ખરાબ જોવા મળી રહી છે શહેરમાં સેવાભાવી લોકો શ્રમિકો કે અટવાયેલા લોકોને તો સવાર સાંજ ભોજન,ચાહ આપે છે પરંતુ ગાય,શ્વાન જેવા રસ્તે રખડતા જાનવરો ગલીઓ બંધ થતાં સુમસામ જણાતા મુખ્ય માર્ગો પર ભૂખ ના કારણે લાચાર થઈ પડી રહ્યા છે ત્યારે આ મૂંગા જાનવરો નું કોણ બેલી..? હા અમુક ગણ્યા ગાંઠ્યા વ્યક્તિઓ બિસ્કિટ,રોટલી આપતા હશે પરંતુ મોટા ભાગના વિસ્તારો માં આ જાનવરો લાચાર થઈ કુદરતને કોશી રહ્યા હશે કે આ વાયરસ માં અમારો કોળિયો કેમ છીનવાઈ ગયો..?! અમારો શું વાંક...?આવી સ્થિતિમાં અમુક સેવાભાવી લોકોએ એમનું પણ ધ્યાન રાખવું જરૂરી છે.

સોનગઢમાં કોરોના યોદ્ધાઓને પ્રોત્સાહિત કરવા માટે અભિવાદન

વ્યારા

'કોરોના'ની દહેશત વચ્ચે આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા સોનગઢ નગરપાલિકાના કર્મયોગીઓનું સોનગઢ નગરપાલિકા અને જલારામ વાડી દ્વારા અભિવાદન કરી, તેમને પ્રોત્સાહિત કરાયા છે. "કોરોના" ને પગલે સર્જાયેલી "કોલડાઉન"ની સ્થિતિ વચ્ચે પોતાના ઘર પરિવારની ચિંતા કર્યા વિના રાતદિવસ ખડેપગે સેવા બજાવતા પાલિકાના કર્મયોગીઓ એવા "કોરોના"ના યોદ્ધાઓની સેવાની કદરરૂપે, સોનગઢ નગરપાલિકાના શાસકો તથા જલારામ વાડીના સંચાલકોદ્વારા પુષ્પ અને પ્રમાણપત્ર આપી તેમનું અભિવાદન કરાયું હતું. અહી આરોગ્ય, પાણી પુરવઠા અને ફાયર શાખાના ૯૬ જેટલા કર્મયોગીઓ સહિત, સોનગઢ નગરપાલિકા વિસ્તારમાં સ્વેચ્છિક રીતે વિવિધ સેવા આપતા જલારામ વાડી, અને અગ્રેસન ભવનના સભ્યોનું પણ સન્માન કરાયુ હતું. જલારામ વાડી દ્વારા લોકડાઉનની શરૂઆતથી જ દરરોજ અંદાજિત ત્રણ હજાર વ્યક્તિઓને બે ટાઈમનું ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. જ્યારે અગ્રેસન ભવન દ્વારા શેલ્ટર હોમની સુવિધા સાથે દરરોજ ૧૨૯ જેટલા આશ્રિતોને ચા નાસ્તા સાથે ભોજનની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે.

ફક્ત માતા-પિતા જ લગ્નમાં હાજર રહ્યા

સુરતમાં યોજાના અનોખા 'સેફટી લગ્ન', માસ્ક,સેનેટાઈઝરની તકેદારી પણ લેવાઈ



સુરત

લોકડાઉનમાં જાણે આખોયે દેશ સ્થગીત થઈ ગયો છે. આમ છતા સુરતમાં એક લગ્ન યોજાયા. સાંભળીને જ નવાઈ લાગે.પરંતુ આ હકિકત છે. સુરતમાં ૧૬ એપ્રિલે પૂર્વ નિર્ધારીત એક લગ્ન પહેલા ધામધૂમથી થવાના હતા. પરંતુ લોકડાઉનના કારણે આ રૂડા અવસરને અગાસીમાં જ સમેટી લેવાયો. સુરતમાં રહેતા એક યુગલની લગ્નની તારીખ હતી અને મૂહર્ત સાચવવા તેઓએ પોતાની અગાસી પર જઈને માત્ર માતા-પિતાની હાજરીમાં લગ્ન કરી પ્રભુતામાં પગલા પાડ્યા. સુરતમાં રહેતા અને ટેક્સટાઈલ વ્યવસાય સાથે સંકળાયેલા દીશાંક પુનામીયાના લગ્ન ૧૬-૦૪-૨૦૨૦ના રોજ સુરતમાં રહેતી પૂજા ગૌતમભાઈ જૈન સાથે નક્કી થયા હતા.

૬ મહિના અગાઉ લગ્નની તારીખ પણ લેવામાં આવી હતી.પરિવારોમાં ખુશીનો માહોલ હતો અને રાજસ્થાન ખાતે જઈ ધામધૂમપૂર્વક લગ્નનું આયોજન હતું..પરંતુ લોકડાઉનની સ્થિતીમાં ઘરની અગાસી પર જઈ માતા પિતાની હાજરીમાં આ યુગલ લગ્નગંથીમાં જોડાયું હતું.

આ લગ્નવિધિ દરમ્યાન માસ્ક, સેનેટાઈઝર, ગ્લવ્ઝની તકેદારી પણ લેવામાં આવી હતી. ૬ મહિના અગાઉ લગ્નની તારીખ લેવાઈ ગયી હોવાથી પરિવારજનોએ તડામાર તૈયારીઓ શરુ કરી દીધી હતી. સુરતથી ૩૦૦થી વધારે સભ્યો રાજસ્થાન જવાના હતા. અગાઉથી ટીકીટ બુકિંગ પણ કરાવાયુ હતું. પરંતુ લોકડાઉને તમામ આયોજન અટકાવી દીધુ. આમ છતા આ પરિવારે લગ્નનો કરેલો નિર્ધાર માત્ર સાદગીથી પૂર્ણ કર્યો હતો.

પવનની દિશા બદલાતા દક્ષિણ ગુજરાતનું તાપમાન આંશિક ઘટયું

સુરતમાં પાંચ કીમીની ઝડપે ફુંકાતો પવન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે પવનની દિશા બદલવાની સાથે અસહય ઉકળાટ અને બફારો વચ્ચે ગરમીમાં ઘટાડો નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૫ ડિગ્રી નોંદાયું હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયુ છે હવામાં ભેજનું પ્રમુણ ૮૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૦.૪ મીલીબાર નોંધઆયુ છે. શહેરમાં ગત રોજની સરખામણીએ આજે પવનની દિશા બદલાઈ છે. દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ ૬ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. આજે સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીમાં ઘટાડો નોંધાયો છે. પરંતુ અસહય ઉકળાટ અને બફારો અનુભવાઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ અધિકતમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયુ હતું. આજે સવારથી પવનની દિશા બદલવાની સાથે સાંજ સુધી તાપમાન ૩૫ થી ૩૭ ડિગ્રીની આસપાસ રહે તેવી શકયતા છે.

આજે સાંજ સુધી ગરમીમાં આંશિક રાહત મળે તેવી શકયતા છે. સહય ઉકળાટ અને બફારો થતા લોકો બેચેની અનુભવી રહ્યા છે.